# કુમાર

વર્ષ ૪૯મું · અંક ૫મો · મે ૧૯૭૨ · સળંગ અંક ૫૮૧
તંત્રી · બચુભાઈ રાવત



સંસ્થાપક · રવિશંકર રાવળ

**રામવિવાહ** · આ અંકની કલાવાર્તામાં જેમનો પરિચય આપ્યો છે એ ચિત્રકાર શ્રી લક્ષ્મણ પૈએ રામાયણના પ્રસંગો પર કરેલી અનેક ચિત્રમાળા વિખ્યાત છે. તે પૈકીની એક માળામાંનું ચિત્ર. (પીકૉક પબ્લિકેશન્સના સૌજન્યથી)

## લાભ

રાજ્ય સરકારનું રૂ. ૧૦૦૦નું પારિતોષિક મેળવવા જેવી ગુણવત્તાએ જ માત્ર નહિ પરંતુ કદ (લાંબાં ૩૦૦ પાનાં) સચિત્રતા (અનેક ફોટો તથા સ્કેચ) રૂપ રંગ ને રજૂઆત બધી રીતે આત્મકથા-સાહિત્યમાં અનન્ય **રવિશંકર રાવળનું આત્મકથાનક** ગુજરાતી સાહિત્યમાં યુગવર્તી પ્રકાશન છે. સોળસોળ રૂપિયાની કિંમતની નાની નવલ-કથાઓના આ યુગમાં નવલકથા કરતાં યે વધુ કૌતકપૂર્ણ આ દળદાર આત્મકથા માત્ર ૧૨ા રૂપિયામાં સસ્તી ગણાય. ને વળી અમારી પાસેથી સીધી મંગાવનારને પોસ્ટેજ-માફી ઉપરાંત કવિ નાનાલાલનાં બે ભેટ-પુસ્તકો એ

## લાભ

## 'ગૃહઉદ્યોગ' ઘેર બેઠાં શીખો ટૂંકી પૂંજીમાં ધંધો

૨૫ વર્ષોના અનુભવીની સેવાનો લાભ લઈ રોજિંદા વપરાશની વસ્તુઓ બનાવવા સચોટ માર્ગદર્શન મેળવો, ફુરસદે કામ કરી કમાવો. લખો:
'ગૃહઉદ્યોગ' (ખોલીસવાળા) ધ્રોલ (જિ. જામનગર)

**આજકાલના વાઘલીયા અને ઉતાવળીયા જીવનમાં જ્યારે ભૂખ વગર અને કસમયે લીધેલ ભોજન પચાવવા માટે અગર તો આવા ભોજનથી થતા ઝાડા, અપચો, આફરામાં 'ચરક'ના**

# ઓટોઝાઇમ

## (સ્વાદિષ્ટ ટોનિક-પ્રવાહી-ટીકડી)

**લીવરમાંથીનીકળતાપાચક રસોનેવધારી દસ્ત સાફ લાવી લોહીના રાતા રજકણો વધારી વજન વધારવામાં મદદ કરે છે.**

દરેક જાણીતા દવાવાળાને ત્યાં મળે છે
અગર વી. પી. પી.થી મંગાવો
**ચરક ફાર્માસ્યુટીકલ્સ, મુંબઈ-૧૧**


# કુમાર

મે ૧૯૭૨ • અંક ૫૮૧

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક


**ચિત્રો**



**કાવ્યો**



**ચરિત્ર**



**વાર્તા**



**લેખો**



**વિભાગો**




કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ: રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ: રૂ. ૧-૭૫


'કુમાર' માંનાં સર્વ લખાણો-ચિત્રો ને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે

## વાચકો લખે છે

છેલ્લા ઘણા વખતથી 'કુમાર'માં શ્રી સાધુરામ ચોધના સંગીતવિષયક લેખો જણાતા નથી. વળી, મુકુંદરાય પારાશર્યની લેખમાળા પણ જણાતી નથી. તેઓના લેખોનું સાતત્ય કેમ નહિ જળવાતું હોય? તેઓના લેખોના અભાવે 'કુમાર' ઊણું લાગે છે. આશા છે કે તેઓ બંને પોતાની કલમની પ્રસાદીનો લાભ હવે પછીના પ્રત્યેક 'કુમાર'માં અચૂક આપશે જ. ઘણા વખત અગાઉ શ્રી ચોધસાહેબને મેં એવું સૂચન કરેલું કે તેઓ રાગ-પરિચય સાથે ખયાલ ગાયકીનાં વિવિધ અંગો અને સંગીત વિષેની પ્રાથમિક સમજ આપતા લેખો લખે. છતાં તેઓએ તે બાબત ધ્યાનમાં લીધી હોય તેમ જણાતું નથી. પુનઃ તેઓ તે સૂચન ધ્યાનમાં લઈ પોતાની કલમ તે તરફ વાળે એવી અપેક્ષા.

(અમદાવાદ) —કનુભાઈ એચ. બ્રહ્મક્ષત્રિય


[* શ્રી ચોધ આંખોની તકલીફને લીધે પથારીવશ હતા. શ્રી પારાશર્યનું સ્વાસ્થ્ય પણ અનિયમિત રહે છે. બાકી અમારી ઈચ્છા પણ એ બંનેના લેખો માટે આપના જેટલી જ તીવ્ર છે.]

વાર્ષિક રૂ. ૧૭ ખર્ચી શકે તેવા દરેક કુટુંબમાં 'કુમાર' વસવું જ જોઈએ. એ વાર્ષિક ૧૨૦૦ ખર્ચી શિક્ષકને રોકવા છતાં ન મળે એવું જીવનઘડતર કરનારું અદ્ભુત માસિક છે. એમ હું મારા પરિચિતો તથા ગ્રાહકો સૌને કહું છું.

માર્ચના 'કુમાર'માં 'રેખા એક, આકાર અનેક'-માં માળાની આકૃતિઓ તથા તેના કવરપેજ પર ભાઈશ્રી મહેન્દ્ર પટેલની સળંગ રેખાની વિવિધ આકૃતિઓ જોઈ. એવી જ રસમય આકૃતિઓ તામિલ લોકો આંગણામાં-ઉંબરામાં-કરે છે જે એક અથવા બે-ત્રણ સળંગ રેખાની હોય છે. એમાંથી સળંગ એક રેખાની થોડી આકૃતિઓ આ સાથે મોકલું છું.

સામાન્યતઃ તેઓ ચિરોડીના ભૂકાથી જ રંગોળીઓ કરે છે, પણ ખાસ પ્રસંગે ચોખાને ભીના એકદમ ઝીણા વાટી તેના સફેદ પાણીમાં કપડાનો કકડો બોળી, હથેળીમાં એ કપડાને અંગૂઠાથી દબાવીને એ થકી પડતી સફેદ ધારને વચલી આંગળી પરથી ઉતારીને આકૃતિઓ બનાવે છે. સુકાઈ જતાં એકદમ સફેદ રંગની આ રંગોળીઓ નયનરમ્ય લાગે છે. આશા છે વાચકોને આમાં રસ પડશે.

(ચેમ્બુર) —સરોજ મોદી



[* સળંગ રેખાની એક કલામય ગમ્મતમાં રસ પ્રકટાવવા અમે માળાની થોડી આકૃતિઓ આપી હતી. એ ઉપરાંત એ રીતે તો અસંખ્ય આકૃતિઓ બની શકે, અને એવો પ્રયત્ન કરી ઘણા વાચકોએ અમને સંખ્યાબંધ આકૃતિઓ કરી મોકલી છે, પણ આ આકૃતિઓમાં સળંગ રેખાના આકાર અને માધ્યમ ભિન્ન હોઈ એ અહીં આપી છે. કૃપયા વાચકો માળાના વધુ આકારો અમને ન મોકલે. કેમ કે એ બધાનો અહીં સમાવેશ અશક્ય છે.]

જાન્યુઆરી અંકમાં આવેલું દામુ ધોત્રે અંગેનું વિજયગુપ્ત મૌર્યનું પરિચયાત્મક લખાણ ત્રણ વરસ પૂર્વે 'ચિત્રલેખા' સાપ્તાહિકમાં લગભગ છ-આઠ મહિના ક્રમશઃ પ્રગટતા રહેલા


જિજ્ઞાસુ વાચકો માટે એક અનોખું પ્રકાશન!

**ઉપનિષદનું અમૃત**

શ્રી યોગેશ્વર

પાકું પૂઠું, પૃ. ૬૩૨
કિં. રૂ. ૧૨

વેદકાલીન ઉપનિષદો એ આપણા અમૂલ્ય જ્ઞાનનો વારસો છે. શ્રી યોગેશ્વરે ખૂબ જ પરિશ્રમ લઇને મુખ્ય દસ ઉપનિષદોને જેમાં હિંદુધર્મની ઘણીખરી ફીલસૂફી આવી જાય છે—તેનો સાર સરળ અને મધુર ભાષામાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. આધ્યાત્મિક સાહિત્ય વાંચનારાઓ માટે આ અમૃત સમાન છે. ઉપનિષદોનું આટલું સરળ અને વ્યાપક દર્શન કરાવતું બીજું કોઈ પુસ્તક અમારા ધ્યાનમાં નથી.

**ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં**
લે. પોલ બ્રન્ટન, અનુવાદક: શ્રી યોગેશ્વર
આવૃત્તિ બીજી
કિં. રૂ. ૧૦–૫૦

**વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ પ્રા. લિ.**
૩, રાઉન્ડ બિલ્ડિંગ, મુંબઈ-૨

**વોરા ઍન્ડ કંપની**
ગાંધી રોડ
અમદાવાદ-૧

લખાણુનો નિચોડ જ હોય તેવું લાગે છે. આ વિષે તમારું ધ્યાન ખેંચ્યું હોવું જોઈએ.

'કુમાર'ના પહેલા અંકથી આજ સુધીના બધા અંકોની 'માધુકરી'માં તેમજ છેલ્લા પાનાનાં લખાણોનો સંગ્રહ તથા જીવનચરિત્રો અને કાવ્યોની પણ તારવણી કરીને સંગ્રહો પ્રગટ કરવામાં આવે તો તે એક અત્યંત જરૂરી સાચું ધર્મકાર્ય થશે. જે દૃષ્ટિ 'કુમાર'ના સંપાદક પાસે છે એ બીજા સંપાદકો પાસે સાચે જ નથી. આપણી વચ્ચે મતભેદ–અમુક તો ઉગ્ર મતભેદ છે, તે છતાં આ વાતનો મને ગર્વ છે. હું તો આગળ વધીને એમ કહું કે મારા હાથની વાત હોય તો કહું જ કહું કે 'કુમાર'–ભારતની બધી જ ભાષાઓમાં સંસ્કાર દૂત તરીકે પ્રગટ થાય. આજના તબક્કે જો એમ થાય તો આપણા દેશનો સાચો ઘાટ ઘડવામાં 'કુમાર' જબ્બર સાથ આપી શક્યું તેનો મને આનંદ થશે.

(કલકત્તા) —રમણિક મેઘાણી

ફેબ્રુઆરી અંકમાંનું શ્રી કનુ મહેતા રચિત કાવ્ય 'રન્નાદેનો આશીર્વાદ' ખૂબ જ ભાવવાહી અને હૃદયંગમ છે. એક વંધ્યાની આરઝૂને કવિએ ઘણી જ સચોટતાથી રજૂ કરી છે. આ અંકમાંની ઈવા ડેવની નવલિકા પણ ઘણી જ સુવાચ્ય છે. વાર્તાકારે વ્યક્ત કરેલી હિંદુ ધર્મ પ્રત્યેની આર્દ્ર ધર્મભાવના વાચકના દિલમાં અહોભાવ પ્રગટાવે છે. નવોદિત અને આશાસ્પદ વાર્તાકાર શ્રી ઈવા ડેવને અભિનંદન!

'કુમાર'નાં વાચકોને સુપરિચિત અને ગુજરાતના જાણીતા નાટ્યકાર શ્રી ચંદ્રવદન મહેતાને સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યું તે જાણી આનંદિત થયો છું. ગુજરાતી રંગભૂમિને જીવંત ને સમૃદ્ધ રાખવામાં તેમનો ફાળો મોટો છે.

(અમદાવાદ) —ઈશ્વરલાલ બી. પરમાર

૫૭૭માં અંકના મુખપૃષ્ઠ પર છાપેલ કોનાર્કના સૂર્યમંદિરના રથચક્રની વિગતમાં આપે 'વર્ષના બાર માસના કે બાર રાશિના દ્યોતક બાર રથચક્રો રથમંદિરને છે.' એવું લખ્યું છે, જ્યારે કલાકાર શ્રી વાસુદેવભાઈએ 'કલાદર્પણ'માં ચોવીસ પૈડાં કહ્યાં છે તો એમાં સાચું શું સમજવું?

એમણે ભરૂચની જુમ્મા મસ્જિદને ૧૪મી સદીમાં બંધાએલી ગુજરાતની પ્રાંતીય શૈલીનો શરૂઆતનો નમૂનો છે એમ જણાવ્યું છે. પરંતુ મેં એ સ્થળની મુલાકાત લીધી તો એ મસ્જિદના થાંભલા પર અને દરવાજા ઉપર માનવ આકૃતિઓ છે, જે મુસ્લિમ સ્થાપત્યોમાં નથી હોતી. આમ મારી નજરે તે જૈન સ્થાપત્ય હોય એવું લાગે છે, જે લગભગ ૯મી સદીમાં બન્યું હશે એવું મારું અનુમાન છે.

(કોસંબા) —છીતુભાઈ ચૌહાણ

માર્ચ અંકમાં 'જીવન તો એવું હોવું જોઈએ' કૃતિના લેખક તરીકે નામ તો કોઈ બહેનનું લાગે છે. જ્યારે કૃતિમાં નરજાતિનો ઉલ્લેખ છે.

(રાજકોટ) —નરેન્દ્ર અંજારિયા

[* સર્વ સાહિત્યમાં લેખક-લેખિકાઓ પરસ્પરની જાતિની વાર્તાઓ લખતાં આવ્યાં છે.]

આકાશદર્શન ૪માં થોડા વિગત દોષ રહ્યા છે: ૧) આપણા તારાવિશ્વમાં બસો અબજ નહિ પણ સો અબજ તારા છે. ખરી રીતે તારાવિશ્વનું સમગ્ર દળ = ૧૦૦ અબજ સૂર્યદળ + ૧૦૦ અબજ સૂર્યદળ જેટલું વાયુ યા નિહારિકા દ્રવ્ય. ૨) આપણા તારાવિશ્વનો વ્યાસ એક લાખ પ્રકાશવર્ષનો છે, બે લાખ પ્ર. વ.નો નહિ. ૩) તારાવિશ્વ કેન્દ્રભાગે ૧૦ થી ૧૫(યા ૨૦)હજાર પ્રકાશવર્ષ જેટલું 'જાડું' કહેવું જોઈએ; 'પહોળું' કહેવાથી અર્થ સ્પષ્ટ થતો નથી. ૪) આપણું વિશ્વ પાસેમાં પાસેના તારાવિશ્વ પરથી જોતાં એ નિહારિકા જેવું જ લાગશે. ૫) નિહારિકા વાયુઓ કે રજનાં વાદળ છે એમાં 'કે'ને બદલે 'અને' જોઈએ. નિહારિકામાં વાયુઓ સાથે ધૂળ હોય છે. ૬) નવા ગરમ તારા શ્યામ નિહારિકામાં બંધાતા નથી. મોટે ભાગે શ્યામ અને શ્વેત નિહારિકા મળે છે ત્યાં બંધાય જ છે. ૭) 'નવું તારાવિશ્વ રચાઈ રહ્યું છે' કહેવું ખોટું છે. 'નવા તારા રચાઈ રહ્યા છે' કહેવું જોઈએ. એ બધા આપણા તારાવિશ્વના જ તારા છે. ૮) યુરેનસની 'ચોપાસ ચારેક માઈલનું વાતાવરણનું પડ છે' એમ જણાવ્યું છે. આ ખોટું છે. આપણી પૃથ્વીનો વ્યાસ માંડ ૮ હજાર માઈલ યા ૧૨ હજાર કિલોમીટરનો છે. એનું વાતાવરણ ૧૦૦૦ કિલોમીટર જેટલું છે. ઠંડા ગ્રહોનાં વાતાવરણ વધુ વિસ્તારવાળાં છે. યુરેનસના વાતાવરણની જાડાઈ લગભગ ૨૪૦૦ કિલોમીટરની છે! ૯) તારાના બ્લૉકમાં મૃગમંડળમાં 'બાણ' નામ તારાને આપ્યું છે તે દોષ થયો છે; બાણ અને બાણરજ અવળાંસવળાં થઈ ગયાં છે. એ જ રીતે પુષ્ય નક્ષત્રમાં મધુચક્ર ખોટે સ્થાને દર્શાવાયું છે.

(આણંદ) —છોટુભાઈ સુથાર

ઉધઈ દૂર થાય અને કાયમ માટે ન થાય તેવો માર્ગ કોઈ વાચક બતાવશે તો આભારી થઈશ. ઉધઈ થવાનાં કારણો કયાં હશે? હવે તો નવાં પુસ્તકો વસાવતાં ડર લાગે છે.'

(વલસાડ) —નરેશ ભટ્ટ

અહીંના ગ્રંથાલય માટે 'ભગવદ્-ગોમંડળ'ના બધા ભાગોની આવશ્યકતા છે. કોઈ વેચવા રાજી હોય તો પત્રવ્યવહાર કરે: ગ્રંથાલય, સરસ્વતી વિદ્યાપીઠ, સણોડા-ગણવાડા (મહેસાણા).


**અક્ષયપાત્રસમા શ્રી ટાગોરના ગ્રંથો**

## શ્રી ટાગોર ગ્રંથાવલી

કવિવર રવીન્દ્રનાથે નવલકથા ક્ષેત્રે જેમ બંગાળી સાહિત્યમાં નવો યુગ પ્રવર્તાવ્યો, તેમ ટૂંકી વાર્તાના ક્ષેત્રે પણ તેમણે જ પહેલ કરી. અને તેમણે જ તેની ટોચ પણ દેખાડી. રવીન્દ્રનાથની ટૂંકી વાર્તાઓ કલા ગુણો જેમ શ્રેષ્ઠ છે, તેમ વાચકને ઊર્ધ્વગામી થવાને પ્રેરે તેવાં વિરલ તત્ત્વોથ તે ભરપૂર છે. તેમાં રસની સાથે મહત્ત્વ છે. ઊંડાણની સાથે ગાંભીર્ય છે. એક વા વાંચીને ભૂલી જવા જેવી એ સહજ નથી પણ ચિત્તને કાયમ ચિંતનનું–ભાથું આપે એવી તાકાત એમાં ભરી પડી છે. રવીન્દ્રનાથનાં કેટલાંયે પુસ્તકો દુનિયાની અનેક ભાષામાં પ્રગટ થયાં છે.

આ ગ્રંથો કેવલ ઘરની શોભા નથી, જીવવાનું ભાથું છે; અક્ષયપાત્ર છે. એક વાર વાંચીને ભૂલી જવા જેવા નથી. માનવજીવનનાં મહામૂલ્યોનું એમાં દર્શન છે. અને એ જ ચિરંજીવ તત્ત્વ છે.

આ "ટાગોર ગ્રંથમાળા"માં ૧૨ પુસ્તકો તૈયાર કર્યાં છે. જેમાં ટાગોરનાં તમામ પુસ્તકો આવી જાય છે. પુસ્તકાલય તથા શાળાઓ પોતાના **બજેટમાં આ પુસ્તકો જરૂર ઉમેરે એ ભલામણ છે.**

## ટાગોર ગ્રંથાવલી

| | | | |
|---|---|---|---|
| ૧. ચોખેરવાલી | ર. | ટાગોર | ૧૦–૦૦ |
| ર. નૌકાડૂબી | ,, | ,, | ૯–૦૦ |
| ૩. વરમાળા | ,, | ,, | ૬–૦૦ |
| ૪. વર–કન્યા | ,, | ,, | ૬–૦૦ |
| ૫. ગીરીબાળા | ,, | ,, | ૬–૦૦ |
| ૬. હાસ્ય કૌતુક | ,, | ,, | ૬–૦૦ |
| ૭. હૈમન્તી | ,, | ,, | ૬–૦૦ |
| ૮. મહામાયા | ,, | ,, | ૬–૦૦ |
| ૯. માશી | ,, | ,, | ૬–૦૦ |
| ૧૦. ગુપ્તધન | ,, | ,, | ૬–૦૦ |
| ૧૧. ચારિત્ર પૂજા | ,, | ,, | ૬–૦૦ |
| ૧૨. ગોરા ભાગ ૧–૨ | | ,, | ૨૦–૦૦ |

**શ્રી હરિહર પુસ્તકાલય**

ટાવર રોડ, સુરત





**અમે ત્રણ** (કલાકાર · લક્ષ્મણ પૈ) પોતાના પ્રથમ પુત્રના જન્મપ્રસંગ ઉપરથી પ્રેરાઈને કરેલી આ કૃતિમાં પિતા માતા અને પુત્રનું સાયુજ્ય સ્પષ્ટ છે. પુષ્પ અને ડાળપાનની શોભનાત્મક રેખાઓ દ્વારા માનવીને પણ કુદરતનું એક અંગ ગણાવવા સાથે વિકસતા વૃક્ષનો, અને તે વડે વિકસતા કુટુંબનો ભાવ પણ વ્યક્ત કર્યો છે. પ્રાકૃતિક પદાર્થોમાં માનવ-આકારોનું, તો ક્યારેક માનવઆકારોમાં પ્રાકૃતિક આકારોનું આ રીતે આરોપણ કરવું એ કલાકાર પૈની એક લાક્ષણિકતા છે. આ જ વિષયનાં અગાઉ 'કુમાર'માં પ્રકટ થઈ ચૂકેલાં બીજાં બે ચિત્રોની નાની છાપ પણ અહીં આપી છે. ચિત્રશૈલી ને રજૂઆતની દૃષ્ટિએ એમની સરખામણી અહીં રસપ્રદ થઈ પડશે. (બ્લૉક · કલાકારના સૌજન્યથી)





શ્રી બંસીલાલ વર્માની કૃતિ ('કુમાર' અંક ૩૩૧માં) અનંત ત્રિપુટી △

શ્રી રવિશંકર રાવળની કૃતિ (અંક ૧૦૦માં) જીવનસંગીત ▷



## અર્ઘ્ય

કલાકાર
સ્વ. યામિની રાય

જુઓ
આ અંકની
કલાવાર્તા



### ગોપિની

—હાથમાં મહીનું પાત્ર છે તેથી? કે હૃદય આગળ ધરી રાખેલા એ પાત્રમાં–અને હૃદયમાં–કાંઈક છુપાએલું છે તેથી?

કલાકાર: સ્વ. યામિની રાય

## ગ્રીષ્મ / મનોહર ત્રિવેદી

ચૈત્ર ઘૂઘવાટા કરે છે નાદ પર,
છાંયડી ઝૂલે હિંડોળાખાટ પર.
હાંફતો બપ્પોર શેરી-ચોકમાં,
ને બગાસાં ખાય ઊંઘો હાટ પર
આમ સામે ગામથી આવી અને
જઈ પૂગી તરશો ય પાણીઘાટ પર.
કાઈ ગાડેતી ન રોંઢા લગ મળે,
આંતરી ઊભા છે તડકા વાટ પર.
નીડ સળગાવી પવન છૂ થઈ ગયો,
એ..પણે..બખ્ખોલવાળે ઝાડ પર.

## રાજસ્થાન / મનહર તળપદા

ભરબપ્પોરે ગાડીના પાવા પછવાડે અવાજનું વાછરડું થઇને હીજરે રાજસ્થાન;
ટેકરીઓનાં ઊંટ મહીં ખડકાઇ આખું વણઝારાની પોઠોરૂપે રઝળે રાજસ્થાન.

એકલદોકલ કેડીએ કોતડકાઓના ધણની સાથે ઝાંઝરમાં રણઝણતું રાજસ્થાન,
ખંડિયેરનું ભૂત બનીને કોતરમાંનાં ખાંડાંમાં ખણખણતું રાજસ્થાન.

સાતીડે સૂકા ચાસોનાં તરણાંઓમાં તરસ બની ટળવળતું રાજસ્થાન,
કોક લીલુડા ખેતરમાં કૈં કોસકોસના ડચકારે નિર્ઝરતું રાજસ્થાન.

પથ્થરના નાનેરા દે'રે શ્રદ્ધા કેરી જ્યોત બનીને ઝબકે રાજસ્થાન,
ઘૂઘરિયાળી વેલ્યોનું ઘમઘમતું જોબન પહાડના પોલાદી પડઘે મ્રકટે રાજસ્થાન.

## અનુ-ભવ / જગદીશ જોષી

· શિખરિણી ·

મને બીજી ખેપે નિયમન કરીશું ઋતુતણું;
હશે વર્ષા-સાંજે હસું-હસું થતો શ્વેત તડકો,
જુવા પથી હોંશે તરુ પણ ચહે એ...વી સડકો,
વસી રહેશે ધીમું લઘુક ફળિયાનું અણઅણ.

ન હો બીજી ખેપે સ્વજનસુખનાં વ્યર્થ શમણાં,
પરાયાંની આશા, ઘડી-બ-ઘડીના દોસ્ત પણ ના;
ન ઝંખા. આશંકા, કુથલી, ન અસૂયા, કૃપણતા,
ન ઝૂરે એકાન્તે નજરઃ રમણા વા ન ભ્રમણા.

મળે આ ખેપે તો ઉદધિ વણ આ વ્હેતું ઝરણું,
ભલે ને વેરાને હરણ નવ ભાળે ય તરણું;
ક્ષણોના લ્હાડોથી સમયતણી કો' મૂર્તિ ઘડવા,
ઘૂમી રહેશું હેત અનહદતણી મુક્ત હદમાં.

મને બીજી ખેપે...પણ, તું કહી દે આજ—હમણાં
કશેને તું ત્યારે?! અનુ-ભવ તણાં રમ્ય શમણાં!

## આ પથ / પ્રબોધ જોષી

· શિખરિણી ·

તમારા લીધે તો પરિચિત હતો આ ય પથ! ને
પછી છોડી ગ્યો 'તો પથ પણ મને. હું ય સુજને
ઘણાં વર્ષો પ્હેલાં પથ પર ભૂલી એકલ મને
ગયો 'તો. વૃક્ષોને સરવરકિનારે સરકતા
તરંગો ના સ્પર્શ્યા, સ્વપન મુજ કેવું ટહુકતું
બહુ ઊંચી ડાળે વિહગ સરખું! તે ય...

અને સાંજે આજે ઘડીક નીકળ્યો'તો રખડવા
વિચારોમાં રસ્તો ખબરવિણ ખાસ્સો ખૂટી ગયો
રજા મૂકીને હું વતન મહીં આવ્યો. દિન પછી
જવાનું પાછું ત્યાં? અધિક મળશે છુટ્ટી? લખું હું?
વિચારે એવા કૈં સૂનમૂન રહ્યો હુ ય. વિહગો,
શિલા આ તૂટેલી, સરવર કિનારો—નજરમાં
બધું યે આવીને પલકભરમાં કાંઈ જગવી
ગયું, ને લાગ્યો આ પથ પણ મને યે સ્વજન શો.

## ફોટા / સ્વ. સરોદ

· શિખરિણી ·

નિહાળું છું ફોટા ગત જીવન કેરા મધુરવા:
હતું બાલ્યે કેવું સ્મિત મધુર, ના માત્ર મુખડે,
પરંતુ એ આખું વદન ભરી આંખે નીતરતું;
કિશોરાવસ્થામાં ફરી છતું થયું એ જ નયને
ખુમારીમાં ઘેલી; વળી વય યુવામાં ધસમસી
ઘસંતુ એ જાણે છવિ થકી ચહુ મેર ધસતું!

નિહાળું છું ફોટા ઢળતી વય કેરા; વિરમતું
દિસે એ તોફાની સ્મિત, છલકતી છોળ જળની
યથા ઢોળાઇને ધરણી પર ક્યાં યે ન દિસતી
તથા; ના તે નેને, નહિ મુખ વિષે, ના કયહીં ય તે.

હવેના ફોટામાં મુખ ગભીર, આંખો ય ગભીરા,
વહે જાણે આખા ત્રિભુવન તણો ભાર નિજ પે!
નિહાળીને મારું જરઠ મુખ, આંખો હસી પડે;
છબી પાડે કોઈ! અબ સમય જાણે સ્મિત કરે!

## સંક્રમણ / પ્રિયવદન શેઠ

· વસંતતિલકા ·

અશ્વો થયા શ્રમિત એ નીરખી મિહિર
ઉતારવા શ્રમ બધા હયનો મદિરા-
પાને વિચાર કરી જાય સરી ધીરેથી
કાદમ્બરી પ્રભવના સ્થળ અમ્બુધિમાં.
ચિંતામહીં પ્રમદ-શો દિન અસ્ત થાય.

વ્યોમે અને વસુમતી પર અંધકાર
ધીમે ધીમે ઘન થતો નીરખી સ્વકીય
વિશાલ ભાલ પર તાણી રહી'તી પ્રાચી
હિમાંશુની પિયળ તેજ પસારવાને.
મેળાપમાં પ્રણયી-શી નિશ ફુલ્લ થાય.

સૂર્યાસ્તથી શશી તણા ઉદયે લલામ
નિહાળ્યું સંક્રમણ મેં દ્યુતિ કેરું આંહી,
મૃત્યુથી નૂતન-મનોરમ જન્મ માંહી
નિહાળ્યું સંક્રમણ મેં અહીં જિન્દગીનું.

કવિલોક
જેમાં ઋતુસંહાર પર આધારિત વિશિષ્ટ દ્વિરંગી પૂઠું, અભિનવ માંડણી તથા ચિત્રમયતા સાથેના ગદ્યલેખો તથા કાવ્યો, આ વર્ષમાં ચાલતી શ્રી અરવિંદ શતાબ્દી નિમિત્તે એ મહાવિભૂતિની કૃતિઓનો આસ્વાદ વગેરે. શાળાઓ ને અભ્યાસીઓનું પ્રિય, ગુજરાતી કવિતાનું ઋતુપત્ર. વાર્ષિક રૂ. ૬; વિદ્યાર્થીઓ માટે રૂ. ૪. C/o કુમાર કાર્યાલય લિ૦



# વિખ્યાત ગણિતશાસ્ત્રી, વિલક્ષણ તત્ત્વજ્ઞાની, વિવેકશીલ સમાજસુધારક, વ્યવહારુ રાજકીય વિચારક, સત્ત્વશીલ સાહિત્યકાર અને સત્યશીલ જીવનસાધક, વિચારસ્વાતંત્ર્યના પ્રખર પક્ષકાર અને માનવહિતના પ્રબળ લક્ષકાર

જેમના જન્મને આ મહિને ૧૦૦ વર્ષ પૂરાં થયાં

લેખક
**ધીરુભાઇ પરીખ**

# બર્ટ્રાન્ડ રસેલ

ઈ. ૧૮૭૬ના ફેબ્રુઆરીની આ વાત છે. 'પેમ્બ્રોક લૉજ' મહાલયના એક વિશાળ ઓરડામાં ઘરના નોકર-ચાકરો ચા પીવા એકઠા થયા છે. એમની વચમાં ઊંચા સ્ટૂલ પર ચારેક વર્ષનો એક નાનકડો છોકરો બેઠો છે. આસપાસ વીંટળાઈ વળેલા નોકરો એ છોકરામાં ઊંડો રસ દાખવે છે. છોકરાને આ વાતનું મોટું આશ્ચર્ય લાગે છે. 'શા માટે આ લોકો મારામાં આટલો રસ લે છે!'

બાળ વયે જેની આસપાસનાં લોકો આટલો રસ લેતા તે મોટો થતો ગયો તેમ સમાજ, રાજ્ય ને વિશ્વ પણ એનામાં એટલો જ રસ લીધો. એ વ્યક્તિ તે બર્ટ્રાન્ડ રસેલ. ઈ. ૧૮૭૨ના મેની ૧૮મી તારીખે ઇંગ્લૅંડમાં મૉન્મથ પરગણામાં ટ્રૅલેક મુકામે એમનો જન્મ. કટુંબ ઉમરાવનું. પિતામહ જ્હૉન ઇંગ્લૅંડના મુખ્ય પ્રધાનપદેથી ઉમરાવ (અર્લ) બનાવાએલા. ક્રાંતિકારી વિચારસરણી ધરાવતા, એટલે એમણે 'સુધારક ખરડો' રજૂ કરીને ઇંગ્લડમાં સામાન્ય લોકોને મતાધિકાર આપવાનો કાયદો પસાર કરાવ્યો હતો. પિતા લૉર્ડ ઍમ્બર્લી મહેનતુ, તાત્ત્વિક વિચાર ઝોકવાળા અને અવ્યવહારુ જેવા હતા. મુક્ત વિચારધારામાં એમને શ્રદ્ધા હતી; પણ વિચારયુક્ત ધર્મધારામાં નહિ. આથી જ પોતે મૃત્યુ પામ્યા ત્યારે પુત્ર બર્ટ્રાન્ડ રસેલને અનીશ્વરવાદી તરીકે ઉછેરવાની જાહેરાત કરતા ગએલા. માતા મૌલિક ખયાલો ધરાવનારી, જુસ્સાદાર, નિર્ભય અને સ્ત્રી-સ્વાતંત્ર્યમાં માનનારી આનંદી બાનુ હતી. પરંતુ પુત્ર પૂરાં પાંચ વર્ષનો થાય તે પહેલાં તો માબાપ બંને બીજી દુનિયામાં જઈ વસ્યાં.

હવે બર્ટ્રાન્ડ આર્થર વિલિયમ રસેલનો ઉછેર દાદાદાદીને માથે આવી પડચો. દાદા તો ત્યાર બાદ દોઢ-બે વર્ષે ચાલી નીકળ્યા; પરંતુ દાદીમાએ રસેલના સમગ્ર બાળપણમાં મહત્ત્વનો ફાળો આપ્યો. ત્યારનાં રાણી વિક્ટોરિયાના સમયની નીતિચુસ્તતા દાદીમાની રગરગમાં વસેલી હતી. બાળક બર્ટીને તે અકળાવતી પણ ખરી. સાહિત્ય, રાજકારણ અને નીતિશાસ્ત્રમાં એમને ખૂબ રસ. તમાકુ, મદિરા અને માંસાહારનાં એ વિરોધી. સાદો મિતાહાર ને સાદી રહેણીકરણી. આ બધાંએ બર્ટ્રાન્ડના બાલમાનસ પર દૃઢ છાપ પાડી. દાદીમાની નિર્ભયતા, જાહેર જુસ્સો, રૂઢિઓ પ્રત્યે તિરસ્કાર ને બહુમતીના અભિપ્રાય તરફની ઉદાસીનતાએ રસેલના જીવન પર કાયમી છાપ મૂકી. છતાં એમના ધર્મનીતિ-જડ ખયાલો સાથેના પોતાના મુક્ત વિચારોના સંઘર્ષને લીધે દાદીમાના વ્હાલ વચ્ચે ય તેને એકલવાયાપણું લાગતું. બુદ્ધિ ને મનની સ્વૈરવિહારીતા સામે પ્રતિકૂળ વાતાવરણને લઈને બાલ્યાવસ્થા એને એટલી બંધિયાર લાગતી કે ક્યારેક તો રેલગાડીને જતી જોઈ આત્મહત્યા કરવાના વિચારો યે આવી જતા!

આવી નિરાશામાં એક વાર આશાનો અંજવાસ પથરાયો. સત્તર વર્ષની ઉમર સુધી એમનું શિક્ષણ ઘરમાં જ, ખાનગી શિક્ષકો ને ગવર્નેસો દ્વારા થએલું. ધાર્મિક સૂત્રો કે ખગોળના સિદ્ધાંતો, બીજાઓ કહે છે માટે સ્વીકારી લેવા એમની બુદ્ધિ ના પાડતી. આ સંશયવાદમાંથી કદાચ એમની આરંભની નિરાશા જન્મી હતી. પરંતુ એ પરિપક્વ બનતાં એણે જ આશાનું દર્શન કરાવ્યું. પોતે અગિયાર વર્ષના હતા ત્યારે મોટા ભાઈ ફ્રૅન્ક પાસે ગણિતશાસ્ત્ર શીખતા. એમાં એમને અત્યત રસ પડચો. પરંતુ યુક્લિયડના સિદ્ધાંતોની સર્વમાન્ય સ્વીકાર્યતા સામે એમણે સંદેહ પ્રગટ કર્યો. ત્યારથી ગણિતશાસ્ત્ર એમનો પ્રિય વિષય બની ગયો.

અઢાર વર્ષની વયે એ કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં દાખલ થયા ત્યારે એવના સંદેહવાદને અને ગણિતશાસ્ત્રના શૉખને પોષક વાતાવરણ મળી ગયું. એમને લાગ્યું કે પોતાનું મનપંખી કોઈ પિંજરબદ્ધતામાંની મુક્ત લોકમાં આવી ગયું હતું! અહીં ગુરુ વ્હાઈટહેડ જેવા મહાચિંતકનો એમને સાથ મળી ગયો. હવે ગણિતશાસ્ત્ર અને તર્કશાસ્ત્રનો સમન્વય કરવા એમણે કમર કસી. ઈ. ૧૮૯૫માં ઘણા માન સાથે એ કેમ્બ્રિજમાંથી ગણિતમાં 'રૅંગલર' થયા અને તત્ત્વજ્ઞાનના વિષયમાં પ્રથમ વર્ગ મેળવ્યો, આમ, પોતાની કુશાગ્ર બુદ્ધિપ્રતિભાનો એમણે પરિચય કરાવી આપ્યો. એ જ વર્ષે એમને ત્યાં ફેલોશિપ મળી, પરંતુ ઈ. ૧૮૯૪ના ઉનાળામાં કેમ્બ્રિજ છોડી પારી(સ)ના બ્રિટિશ એલચીખાતામાં માનાર્હ અટૅશી તરીકે એઓ જોડાઈ ગયા.

ઈ. ૧૯૦૦ના વર્ષને એ પોતાના બૌદ્ધિક જીવનની ઉન્નત ટૂંક ગણે છે. એ વર્ષે પારી(સ)માં મળેલી આંતરરાષ્ટ્રીય તત્ત્વજ્ઞાન પરિષદમાં ગુરુ વ્હાઈટહેડ સાથે એ ગએલા, ત્યાં ઈટલીના વિખ્યાત ગણિતશાસ્ત્રી અને અધ્યાપક જિસેપ્પી પીઓનાના પરિચયમાં આવ્યા. એમની વિચારસરણીથી રસેલની ગણિતતૃષા વધુ તીવ્ર બની. એનું શુભ પરિણામ એ



ઉપર: બર્ટ્રાન્ડ રસેલ (અનુક્રમે) ૧) ચાર વર્ષના, ૨) કુમાર વયે, ૩) તરુણાવસ્થામાં અને ૪) અર્લ રસેલ; નીચે: પોતાના અભ્યાસખંડમાં

આવ્યું કે એ પોતાનો ખ્યાતનામ ગ્રંથ 'પ્રિન્સિપલ્સ ઑવ મૅથમૅટિક્સ' લખવા પ્રેરાયા. પછી તો ખાસ્સો એક દાયકો એમણે વ્હાઈટહેડ સાથે કાર્યરત રહી જે વિખ્યાત ગ્રંથત્રયીનું પ્રકાશન કર્યું તે 'પ્રિન્સિપિયા મૅથમૅટિકા.' આ ગ્રંથે એમની કીર્તિને ચાર ચાંદ લગાવ્યા. ત્યારથી એક અસાધારણ વિચારક તરીકે એમની ખ્યાતિ ઇંગ્લૅંડ તેમજ અમેરિકામાં પ્રસરી ગઈ. એ પહેલાં ઈ. ૧૯૦૮માં ૩૬ વર્ષની નાની વયે ઇંગ્લૅંડની ઉચ્ચ જ્ઞાનસંસ્થા 'રૉયલ હ્યુમન સોસાએટી'એ એમને ફેલો પણ બનાવ્યા હતા.

આ દરમિયાન ૨૨ વર્ષની વયે, ઈ. ૧૮૯૪ના ડિસેમ્બરની ૧૩મીએ એમણે ઍલીસ પિયરસોલ સ્મિથ સાથે પ્રથમ લગ્ન કર્યું અને સસેક્સમાં સ્થિર થયા. આ જ અરસામાં એ દંપતી ફૅબિયન સોસાએટીનાં સભ્ય બન્યાં. ૨૭ વર્ષના એ દીર્ઘ લગ્નજીવન દરમિયાન રસેલને એમની નિઃસંતાનતાએ ખૂબ જ સંતાપ્યા હતા. પરંતુ હવે રાજકીય બાબતોમાં સક્રિય રસવૃત્તિ જાગી હતી, એટલે એ દુઃખ હળવું બનતું જતું હતું. હવે એમના જીવનમાં નવાગંતુક ઑટોલાઈન મૉરેલે અત્યંત અગત્યનો ભાગ ભજવ્યો. એમના જાહેર-ખાનગી જીવનમાં આ સ્ત્રીએ પ્રેયસી બની વારંવાર હૂંફ આપી હતી. આ જ ગાળામાં કૉલેટ નામક બીજી સુંદરીએ પણ એમના હૃદયાસન પર સ્થાન જમાવવા માંડયું હતું. પણ આશ્ચર્યની વાત તો એ, કે એલીસને છૂટાછેડા આપી એમણે ઈ. ૧૯૨૧માં બીજું લગ્ન તો કર્યું ડોરા વિનિફ્રેડ બ્લૅક સાથે. એમના આ લગ્નથી એમની સંતાન-ભૂખ સંતોષાઈ; પરંતુ હજુ સ્થૂલ વાસનાનો મોક્ષ થયો લાગતો નહોતો.

હવે એમણે પોતાનાં પ્રથમ બે સંતાનો—જ્હૉન અને કેઈટ—માટે બીકનહિલ સ્કૂલની સ્થાપના કરી. અહીં એમણે શિક્ષણના અવનવા અખતરા કર્યા. એ પ્રયોગોમાં ધાર્મિક શિક્ષણનો અભાવ અને છોકરા-છોકરીઓનો મુક્ત સહચાર આગળપડતા હતા. જો કે આ શૈક્ષણિક પ્રયોગની કોઈ નોંધપાત્ર ફલશ્રુતિ આવી નહિ.

આ વર્ષો દરમિયાન જ એમણે મુક્ત વિચારસરણીવાળું ચર્ચાસ્પદ પુસ્તક 'લગ્ન અને નીતિ' પ્રગટ કર્યું. લગ્ન પૂર્વેના સ્ત્રી-પુરુષના સંબંધોની હિમાયત અને એકપત્નીવ્રતથી ઘણાં વિપરીત પરિણામો આવે છે એવાં એમાંનાં મંતવ્યોથી એ પુસ્તકે ચકચાર જગાવી. એમની વિરુદ્ધ વર્તમાનપત્રોમાં પ્રચાર થયો. અમેરિકાની કેટલીક યુનિવર્સિટીઓએ એમનો બહિષ્કાર પણ કર્યો. આથી એ આર્થિક સંકડામણ અને સામાજિક નિંદાની ભીંસમાં આવી પડયા. ધર્મવિરોધી આવી પત્રિકા બદલ એમનો સો પૌંડ દંડ થયો. પરંતુ એ રકમ ભરવાને એઓ અસમર્થ હતા એટલે એમનું ખાનગી પુસ્તકાલય જપ્ત કરવામાં આવ્યું. એમના એક મિત્રે સદ્ભાવનાથી એ પુસ્તકો ખરીદી લીધાં ને પાછળથી રસેલને એ આપી પણ દીધાં, છતાં એમાંના કેટલાક કીમતી ગ્રંથો ગેરવલ્લે ગયા એનો અફસોસ રસેલને કંઈ ઓછો નહોતો! દરમિયાનમાં એમને અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં જગ્યા તો મળી પણ સરકારે એમને પાસપોર્ટ ન આપ્યો. આટલા બધા વિરોધ વચ્ચે ય રસેલે પોતાનાં મંતવ્યો જતાં નહોતાં કર્યાં. વળી ચોસઠ વર્ષની વયે, પોતાને સંશોધનમાં સહાય કરતી પીટર સ્પેન્સ સાથે એમણે ત્રીજું લગ્ન કર્યું અને ૬૫મે વર્ષે કોનરાડ નામનો પુત્ર પણ થયો. પછી ૮૦મે વર્ષે એડિથ સ્મિથ સાથે ચોથું લગ્ન કર્યું! એમની આત્મકથાનું અર્પણ જોતાં એમ લાગે છે કે એમનું આ છેલ્લું લગ્નજીવન ઘણું જ સંતોષપ્રદ નીવડયું હશે. એમનાં આ લગ્નો, પ્રણયસંબંધો, તદ્વિષયક વિચારો, કોઈને ગમે કે ન ગમે તો પણ એમના વ્યક્તિત્વનાં અન્ય પાસાંઓને જાણવા–નાણવામાં અજાણતાં પણ આથી અન્યાય ન થઈ જાય એ માટે સાવધ રહેવું જોઈએ.

પ્રથમ વિશ્વયુદ્ધ વખતે અમાનુષી હત્યાકાંડથી એમનું હૃદય દ્રવી ઊઠયું અને એમણે યુદ્ધ સામે વિરોધનો જબ્બર સૂર ઉઠાવ્યો. યુદ્ધ દરમિયાન લશ્કરમાં યુવાનોની કરવામાં આવતી ભરતી સામે પણ એમણે ઉગ્ર વિરોધ નોંધાવ્યો. એમના આ પ્રચાર-પ્રયાસોને સરકારે છ માસની કેદની શિક્ષા ફટકારીને નવાજ્યા! જો કે એમણે તો કેદને પણ કર્મભાગ્યને





એલિસ રસેલ

બદલે સુભાગ્યમાં પલટાવી નાખી. એ કારાવાસમાં એ ચાર કલાક વ્યાપક વાચનને, ચાર કલાક તત્ત્વજ્ઞાનના વાચનને અને ચાર કલાક તત્ત્વજ્ઞાન વિષયક લખાણને આપતા. આનું સુભગ પરિણામ એમનાં ગણિત વિષેનાં બે અને માનસશાસ્ત્ર વિષેના એક પુસ્તકમાં આવ્યું. પણ નવાઈની વાત એ છે કે પ્રથમ વિશ્વયુદ્ધનો વિરોધ કરનાર રસેલે અનેક મથામણને અંતે બીજા વિશ્વયુદ્ધને ન્યાયી ઠેરવવા પ્રયાસ કર્યો હતો. આ વખતે પણ અમાનુષી હત્યા તો એમને સતત અનુકમ્પિત રાખતી જ રહી; પરંતુ હિટલર જેવા ત્રાસવાદીના આક્રમણ સામે સ્વ-સંસ્કૃતિના બચાવ અર્થે હિંસાને એમણે કચવાતે મને બહાલી આપી હતી.

આ પૂર્વે એમણે રાજકીય ક્ષેત્રે પ્રથમ સક્રિય પગરણ માંડ્યાં હતાં છેક ઈ. ૧૯૧૦થી. ચેમ્બરલેઈને કરવેરા અંગે જે સુધારા દાખલ કરેલા તેની સામે સમાજવાદી પ્રત્યાઘાતી તરીકે એમણે રાજકારણમાં ઝંપલાવ્યું હતું. એથી ય પૂર્વે ઈ. ૧૮૯૬માં તો બર્લિન જઈ જર્મન સામાજિક લોકશાહીનો અભ્યાસ કરી ફિલસૂફીના અભ્યાસમાં જ સાદું જીવન ગાળવાના નિરધાર સાથે એમણે ઇંગ્લૅંડમાં ફરતા એક શાંત ગામડાની એક કુટિરમાં વાસ કર્યો હતો. પરંતુ સાદા અભ્યાસપૂર્ણ પરિશ્રમી આ જીવનવીર સામે સામાજિક અન્યાય, રાજકીય પાખંડો, સ્ત્રી-પરતંત્રતા, માનવ-સ્વાતંત્ર્યનો થતો જતો હ્રાસ વગેરે અનિષ્ટો એક સામટાં ઘેરાઈ વળ્યાં;—અને પછીનું એમનું જીવન એટલે જબરી ક્રાંતિકથા.

બીજું વિશ્વયુદ્ધ પતી ગયા પછી એ પગ વાળીને બેઠા નહોતા. ઈ. ૧૯૫૦થી લાગલાગટ પંદર વર્ષ સુધી એમણે અણુબૉમ્બ વિરુદ્ધ તેજીલાં લખાણો અને વેગીલાં ભાષણો કર્યાં. ઈ. ૧૯૬૦ પછી તો કેવળ પ્રચાર નહિ પરંતુ અણુ–નિઃશસ્ત્રીકરણની સમિતિ સ્થાપવામાં એમણે પોતાનો સક્રિય સહયોગ આપ્યો. એ પ્રવૃત્તિમાં સત્યાગ્રહની સામુદાયિક કાર્યપદ્ધતિનો ખયાલ પણ એમણે જ આપ્યો. એમની જ પ્રેરણાથી 'સો જણની સમિતિ' નામક સામુદાયિક સત્યાગ્રહના સંચાલનનો આરંભ થયો.

ઈ. ૧૯૬૧ના ફેબ્રુઆરીની એ ઘોર અંધારી રાત હતી. કાતિલ ઠંડી કહે મારું કામ! એવા કપરા સમયે એક વિશાળ મેદની લંડનના વિખ્યાત ચૅાક ટ્રફાલ્ગર સ્કવૅરમાં ભેગી મળી. સો માણસો સરકારી સચિવાલય વ્હાઈટહૉલ તરફ શાંતિકૂચ લઈ ગયા. આ કૂચમાં લગભગ ૮૮ વર્ષના જૈફ રસેલ પણ સામેલ હતા. ફરી એ જ વર્ષે ઑગસ્ટની આઠમી તારીખે હિરોશીમા-દિને એમણે અણુબૉમ્બનો વિરોધ કરતી એક સભામાં જોરદાર ભાષણ આપ્યું. પરિણામે એમને અને એમનાં પત્ની એડિથને બે માસની કેદ ફટકારવામાં આવી. જો કે આ કેદ પછીથી ઘટાડીને એક સપ્તાહની જ કરી નાખવામાં આવી હતી. પછી સત્યાગ્રહની આ ચળવળ મંદ પડતાં રસેલ હતાશ થઈ વેલ્સમાં પોતાના નિવાસસ્થાને ચાલ્યા ગયા હતા. છતાં જીવનના અંત સુધી એમણે વિશ્વશાંતિ માટેની પોતાની પ્રવૃત્તિ નાનાવિધ રીતે ચાલુ રાખી હતી.

**આ**વા રસેલને વિદ્યાર્થીકાળમાં ગણિતમાંથી વિજ્ઞાની બનવાની મહેચ્છા હતી. આમ, વિજ્ઞાની થવાની નિરાધાર નૌકામાં આરૂઢ થઈ જ્ઞાનપ્રદેશની ખોજ માટે નીકળેલા રસેલ, ભારતની શોધમાં નીકળેલા કોલમ્બસે અમેરિકા-ઉતરાણ કર્યું તેમ, ફિલસૂફીના બંદરે નાંગર્યા! ફિલસૂફીમાં સામાન્ય જનને પણ રસ લેતો એમણે જ કર્યો, એ એમનું ઓછું પ્રદાન નથી. સર્વ સ્વીકૃત માન્યતાઓને બુદ્ધિની કસોટીએ ચડાવીને જ અપનાવવી જોઈએ એવો એમનો દૃઢ અભિપ્રાય હતો. કોઈ પણ ભોગે સત્યની શોધ કરવી જ જોઈએ એમ એઓ માનતા. તેથી જ એમણે કહ્યું છે: 'લોકો અસત્યને સ્વીકારતા થઈ જાય તેના કરતાં તો વિશ્વનો નાશ થાય એ જ બહેતર છે!' વ્યક્તિ અને સમાજ પાસેથી એમણે ચાર ગુણોની અપેક્ષા રાખેલી: શક્તિ, હિમ્મત, ગ્રહણશીલતા અને બુદ્ધિ. એમનામાં પણ આ ચારેયનો સમન્વય નિહાળી શકાશે.

એમનો જ્ઞાનમાર્ગ સંશયનો માર્ગ છે. સંશય એમને મન સત્યશિખરનું પ્રથમ પગથિયું છે. સંશય એ કંઈ અંતરાત્માની નિર્બળતાનું પરિણામ નથી પણ આત્મોન્નતિનું પ્રેરણાસ્થાન છે. એમની આ સંશયવૃત્તિમાંથી જ શ્રદ્ધાનું કલ્પતરુ પાંગરે છે. પૃથક્કરણાત્મક જ્ઞાનશાસ્ત્રથી એમણે અસત્યોનાં આવરણ ભેદીને સત્યની સાધના કરી છે. સામાજિક, રાજકીય કે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે સર્વસ્વીકૃત સિદ્ધાંતો સામે સંશયનો સૂર ઉઠાવી કેવળ સત્યના આ પ્રવાસીએ 'અનૈતિક' અને 'રાજ્યશત્રુ' જેવાં વિષવચનોને નીલકંઠની જેમ પચાવી લીધાં હતાં.

પુનર્જન્મ, મોક્ષ કે સ્વર્ગમાં એમને શ્રદ્ધા નહોતી. પરિણામે એમને મૃત્યુનો ડર જ નહોતો. મૃત્યુનો ભય છોડીને માણસે છેલ્લા શ્વાસ સુધી નૈતિક જીવન ગાળવું જોઈએ એમ એઓ માનતા. પ્રેમ અને જ્ઞાન એમના નૈતિક જીવનની આધારશીલા હતી. આથી જ એમણે કહ્યું છે: 'The good life is one inspired by Love and guided by knowledge.' (સદ્જીવન પ્રેમથી પ્રેરાય છે અને જ્ઞાનથી દોરાય છે.) એમનો નાસ્તિકવાદ મનુષ્યસ્નેહથી પરમ આસ્થામાં ઢળે છે.

વિશ્વની પ્રથમ હરોળના આ તત્ત્વજ્ઞાનીએ કેવળ જ્ઞાનના શુષ્ક શુકપાઠ જ નહોતા કર્યા. એમણે સમાજના સંદર્ભમાં માનવીની અહર્નિશ ચિંતા કરી હતી. સર્વતોમુખી માનવસ્વાતંત્ર્યના એઓ પરમ આગ્રહી અને અનુરાગી હતા. સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક ક્ષેત્રે અસ્ત પામતી જતી માનવમુક્તિના એ જાગ્રત પ્રહરી હતા. આથી જ માનવીય આદર્શો અને વિચારસ્વાતંત્ર્યની બાબતને લગતાં એમનાં લખાણો અતિ મહત્ત્વનાં બની ગયાં છે. અણુશસ્ત્રોના હિંસક આક્રમણથી અકળાઈ ઊઠી માનવતાના આ મહાયોગીએ એક વાર ઉચ્ચારેલું: 'મારી જિંદગીનાં અંતિમ વર્ષો મારે પાગલખાનામાં વીતાવવાનાં આવશે તો મને અચરજ નહિ થાય, પરંતુ માનવતા માટે લાગણી ધરાવવાની ક્ષમતાવાળા માણસોની મૈત્રી હું ત્યાં માણી શકીશ.' એમની આ મર્મોક્તિમાં કેટલો વિષાદ ભર્યો છે! અંધશ્રદ્ધા, રૂઢિઓ, સંપ્રદાયો અને સ્થાપિત હિતોનો એમણે સતત વિરોધ કર્યો હતો, કારણ કે આ ચાર દીવાલોમાં માનવનું વિચારસ્વાતંત્ર્ય ને અસ્તિત્વની અસ્મિતા સદા ગૂંગળાયા કરે છે એમ એ માનતા.

પોતાના તત્ત્વજ્ઞાનથી ખ્યાતિ મેળવનાર રસેલ ઈ. ૧૯૨૦માં ચીનની પેકિંગ યુનિવર્સિટીમાં ફિલસૂફીનાં વ્યાખ્યાનો આપવા ગયા હતાં. ત્યાં એ માંદા પડયા. ત્રણ અઠવાડિયાં સુધી ન્યૂમોનિયાને લઈ જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતા રહ્યા. ત્યાં જર્મન ડૉક્ટરની સારવારથી એઓ બચી ગયા, પણ જપાનનાં કેટલાંક છાપાંએ ભૂલથી એમની મૃત્યુનોંધ છાપી મારી. રસેલ લખે છે 'જીવતે જીવ આ મૃત્યુનોંધ વાંચવાનો ઠીક લાગ થયો.' પણ આ માંદગીથી મોટો લાભ થયો તે તો જીવન પ્રત્યેના પોતાના દૃષ્ટિબિંદુમાં અજબ પરિવર્તનનો. અત્યાર સુધી એ નિરાશાવાદી હતા, પરંતુ આ જીવતદાને એમને આશાવાદી બનાવ્યા. મૃત્યુના મુખમાં એમને આમ જીવનનું માધુર્ય સમજાયું. મૃત્યુની અનુભૂતિનો આ ઉપકાર એમના પર ઓછો નહોતો! ત્યાર પછી એમણે હમેશાં જીવનનો સમાદર કર્યો હતો. વૃદ્ધાવસ્થામાં પણ વૃદ્ધત્વનો અનુભવ ન કરવો એ પોતે શીખ્યા હતા અને શીખવતા હતા.

તત્ત્વજ્ઞાન, સમાજ અને રાજકારણમાં પોતાનું વ્યક્તિત્વ પ્રસ્થાપિત કરનાર રસેલે સાહિત્યક્ષેત્રમાં પણ પોતાની પ્રતિભા પ્રગટાવી હતી. લગભગ ૬૫–૭૦ની સંખ્યાએ પહોંચતો એમનો ગ્રંથરાશિ આ વાતની ગવાહી પૂરે છે. ૨૪ વર્ષની ઉમરે એમણે પ્રથમ પ્રકાશન કર્યું–જર્મન સામાજિક લોકશાહીના અભ્યાસગ્રન્થનું. ત્યાર પછી લિબનિત્ઝની ફિલસૂફી પર અને ભૂમિતિ પર પુસ્તકો પ્રગટ કર્યાં. પરંતુ એમની આરંભની કીર્તિદા કૃતિ તો 'પ્રિન્સિપિયા મૅથમૅટિકા.' આ ઉપરાંત 'સામાજિક પુનર્ઘટનાના સિદ્ધાંતો' 'સ્વાતંત્ર્યને માર્ગે,' 'ઔદ્યોગિક સંસ્કૃતિનું અવલોકન', 'સત્તા,' 'શિક્ષણ વિષે', 'શિક્ષણ અને સામાજિક વ્યવસ્થા', 'સ્વાતંત્ર્ય અને તંત્ર,' 'અર્થ અને સત્યની તપાસ', 'પશ્ચિમનો જ્ઞાનવૈભવ' કૃતિઓ પણ નોંધપાત્ર ગણાઈ છે. પરંતુ 'પશ્ચિમના તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ' એ પુસ્તકે તો એમના કીર્તિમંદિર પર સુવર્ણકળશ ચડાવ્યો. મુખ્યત્વે આ કૃતિને કેન્દ્રમાં રાખી એમના સાહિત્યસર્જન માટે એમને ઈ. ૧૯૫૦માં વિશ્વખ્યાત નૉબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું. એમનાં લખાણોમાં નિરાડંબર, નર્મ, મર્મ, રસિકશૈલી, ભાષાની સુસ્પષ્ટતા ને વિશદતા, પ્રબળ વિચારશક્તિ ને ચોટદાર રજૂઆત અગળ તરી આવે છે.

વળી, ઈ. ૧૯૫૦માં જ બ્રિટિશ સરકાર તરફથી રસેલને ઓ.એમ. (ઑર્ડર ઑવ મેરિટ)નો ઈલકાબ આપવાનો સમારંભ ગોઠવાયો. રાજા જાણતા હતા કે રસેલ એક વાર જેલમાં જઈ આવ્યા હતા. તેથી રાજાએ આ પ્રસંગે કહ્યું: 'તમે ઘણી વાર એવા માર્ગ અખત્યાર કર્યા છે કે જો બીજાઓ લે તો તકલીફ ઊભી થાય!' રાજા જ્યૉર્જના ભાઈ એડવર્ડે મિસિસ સિમ્પસન સાથે લગ્ન કર્યાં હતાં જેને કારણે એમણે ગાદીત્યાગ કરવો પડેલો એ વાતને ખયાલમાં રાખી રસેલને ઉત્તર આપવાનું મન થઈ આવ્યું 'આપના ભાઈની જેમ!' પરંતુ એ આ શબ્દો ગળી ગયા અને માત્ર એટલું જ કહ્યું: 'માણસ કઈ રીતે વર્તે છે એ એના વ્યવસાય પર આધાર રાખે છે. ટપાલી જ્યાં ટપાલ આપવાની હોય તે પ્રત્યેક ઘરના દરવાજે ટકોરા પાડે એ યોગ્ય જ છે. પરંતુ અન્ય કોઈ એમ કરે તો લોકોને કેટલી અગવડ પડે!' આવી હતી એમની નિર્ભીત વિલક્ષણતા.

આ અગાઉ ઈ. ૧૯૩૧માં ૫૯ વર્ષની વયે એમને 'અર્લ'નો ઈલકાબ પણ મળ્યો હતો; તો ઈ. ૧૯૩૪માં રૉયલ સોસાએટીનો સિલ્વેસ્ટર ચંદ્રક અને એ જ વર્ષે રૉયલ મૅથમૅટિકલ સોસાએટીનો દ મૉર્ગન ચન્દ્રક.

ઈ. ૧૯૫૭માં ભારતે પણ એમની કદર કરી હતી. ઓરિસ્સાના શ્રી પટનાયકે પોતાના પ્રદેશ કલિંગના નામસ્મરણ સાથે સંકળાએલું મોટી રકમનું દાન કરેલું. વિશ્વના કલ્યાણ કાજે વિજ્ઞાનને પ્રયોજનાર તથા સમજાવનાર તેમજ ભારત અને જગતની અન્ય પ્રજાના વિજ્ઞાનીઓ વચ્ચે સંબંધનો સેતુ મજબૂત કરનાર પ્રતિભાશાળી વ્યક્તિને તેમાંથી પ્રત્યેક વર્ષે ૧૦૦૦ પૌંડનું 'કલિંગ પારિતોષિક' આપવામાં આવે છે. ઈ. ૧૯૫૭ની સાલનું પારિતોષિક રસેલને અર્પણ કરવામાં આવ્યું હતું.

વિવિધ ક્ષેત્રોમાં આવી પ્રતિભા પ્રગટાવનાર આ પુરુષની માનવતા ને ઉદારતા પણ અનુકરણીય હતી. ઈ. ૧૯૪૧નો ઑક્ટોબર મહિનો હતો. લંડનની ન્યૂ ઑક્સફર્ડ સ્ટ્રીટમાં ખ્યાતનામ કવિ ટી.એસ. એલિયટનો એમને ભેટો થઈ ગયો. (પછી તો બંને મિત્રો બની ગયા.) એ વખતે એલિયટની મુશ્કેલ આર્થિક પરિસ્થિતિ જોઈ રસેલે પોતાના મકાનનો એક શયનખંડ એલિયટ-દંપતીને રહેવા માટે કાઢી આપ્યો એટલું જ નહિ, પણ એક ઇજનેરી કંપનીના ૩૦૦૦ પૌંડના પોતાના ડિબેન્ચરો પણ એમને આપી દીધા. જો કે વર્ષો પછી સ્થિતિ સુધરતાં આ રકમ એલિયટે પરત કરી હતી. કેવી મહાન ઉદારતા! કેવું સાચ્ચું ઉમરાવપણું!

એમનું આવું વિલક્ષણ વ્યક્તિત્વ ઘડવામાં ત્રણ પરિબળોએ ભાગ ભજવ્યો હતો એમ એમની આત્મકથાની પ્રસ્તાવનામાં એઓ સ્પષ્ટપણે જણાવે છે: 'Three passions, simple but overwhelmingly strong, have governed my life: the longing for love, the search for knowledge, and unbearable pity for the suffering of mankind.' (પ્રેમની ઝંખના, જ્ઞાનની શોધ અને માનવજાતના માટે અસહ્ય અનુકમ્પા: આ ત્રણ સરળ છતાં અતિ પ્રબળ લાગણીઓએ મારા જીવનનું સુકાન સંભાળ્યું છે.) પ્રેમ અને જ્ઞાને એમને સ્વર્ગાનુભૂતિનો છંદ લગાડયો તો અનુકમ્પાએ એમને પાર્થિવ પરિમિતિમાં માનવતા મ્હોરાવવાનો સ્પંદ જગાડયો. સામાન્ય જનના આ હમદર્દીએ પોતાના મોટા ભાઈનું અવસાન થતાં મળેલા 'લૉર્ડ'પદનો પણ ત્યાગ કર્યો હતો.

માનવીય મહત્તાની સાથે સાથે મર્યાદાઓને ગૂંથી લેતા એમના ચર્ચાસ્પદ વ્યક્તિત્વ—પોતની છાપ વિલક્ષણતાવાળી હતી. એમનાં વિચારપરિવર્તનો અને આચાર-આવર્તનોમાં કેટલી યે વાર વિરોધ જણાવા છતાંય એમાં નિષ્ઠાનું ધ્રુવબળ ભાગ્યે જ કોઈથી અજાણ્યું રહેશે. આથી જ કેટલીક બાબતોમાં સંયમી ન કહી શકાય તેવા પોતાના જીવનનો એમણે મુક્ત મને આત્મકથામાં એકરાર કર્યો જ છે. એમની પ્રેમાર્દ્ર માનવતાએ વિશ્વને આંજ્યું છે, તો એમની સત્યશોધક મુક્ત વિચારધારાએ એને માંજ્યું પણ છે. એમના શાલીન વિદ્રોહે વિરોધીઓને પણ એમના પ્રતિ સન્માનથી જોતાં રોક્યા નથી તો એમના કુલીન સંસ્કારે વિરોધીઓને એમની ટીકા કરતાં ટોક્યા નથી.

આવા પરમ વિચારકે સત્તાણુ વર્ષની પૂરી જૈફ ઉમરે ઈ. ૧૯૭૦ના ફેબ્રુઆરીની ત્રીજી તારીખે વેલ્સની ઉત્તરે મેરિયોનેટ પરગણાના એક નાના ગામમાં પોતાના શાંતિમય નિવાસસ્થાનમાં, ફ્લ્યૂથી, નિદ્રાવસ્થામાં જ જ્યારે પ્રાણત્યાગ કર્યો ત્યારે, એકવાર નેવું વર્ષની વયે એમણે પોતે જ પોતાની મૃત્યુનોંધમાં લખ્યું હતું તેમ 'ત્રીજા અર્લ રસેલનું અવસાન થતાં દૂરના ભૂતકાળ સાથેની એક કડી તૂટી ગઈ છે.'

આ (મે) મહિનાની ૧૮મી તારીખે એમના જન્મને સો વર્ષ પૂરાં થાય છે ત્યારે સમગ્ર માનવજાત વિષેની એમની હિતલક્ષી વિચાર ચેતના સો સો શરદો જીવંત રહો એ જ આપણી અપેક્ષા હો. □

વારતા ૨૨

## વૈતાળ પચ્ચાસી

### શિક્ષા

વિનોદ ભટ્ટ

—અને સિદ્ધ વડ પરથી મડાને ઉતારી, ખાંધે નાખી રાજા વિક્રમે ઉજ્જેણી ભણી ચાલવા માંડયું ત્યારે મડાએ આ વારતા શરૂ કરી:

'કોઈ એક નગરમાં કેટલાંક માથાભારે તત્ત્વો રહેતાં હતાં. તેઓ નગરની પ્રજાને ખૂબ રંજાડતા. પ્રજા એમનાથી સદા ભયભીત રહેતી. અંતે એ ત્રાસમાંથી છૂટવા કેટલાક લોકો નગર ત્યજી જવા લાગ્યા.

રાત્રે અંધારપછેડો ઓઢીને નગરચર્ચા કરવાની ટેવ નહિ પાડેલી હોઈ રાજાને આ વાતની જાણ બહુ મોડી થઈ. છેવટે રાજાએ આ માથાભારે માણસોની યાદી તૈયાર કરાવીને એ બધાને પોતાની સમક્ષ ખડા કરવાનો હુકમ છોડયો. હુકમ છૂટતાં જ એ બધા રાજદરબારમાં હાજર થઈ ગયા. હવે રાજા આપણને જીવતા જ નહિ છોડે એ ભયે એમાંના કેટલાક તો પાંદડાની જેમ થરથરવા લાગ્યા. એક પછી એક એમ બધાની સામે જોતાં રાજાએ શિક્ષા જાહેર કરી. શિક્ષા સાંભળીને એ બધાં જ માથાભારે તત્ત્વો બેભાન થઈ ગયાં.' વારતાને અહીં અટકાવતાં વૈતાળે રાજા વિક્રમને પૂછયું: 'તો હે વિક્રમ! એ સજા કઈ હશે?'

પળના પણ વિલંબ વિના વિક્રમે જવાબ આપ્યો: 'એ બધાને જે. પી. (જસ્ટિસ ઑવ ધ પીસ) બનાવી દીધા હશે.'

—અને મડું ફરી પાછું સિદ્ધ વડ પર લટકી ગયું. □

# બંગદેશની આતંક-મુક્તિની એક કથા

શિવકુમાર જોષી

પંદરેક દિવસ વીતી ગયા, નિતાઈ તરફથી છેલ્લા સમાચાર મળ્યે. ચૌદ દિવસના યુદ્ધના સમયમાં ઑફિસ ચાર વાગ્યામાં વધાવી લેવામાં આવતી. અંધારપટ શરૂ થાય તે પહેલાં જે મળ્યું તે સાધન લઇને સૌ પોતાને ઘેર પહોંચી જવા આતુર. આમેય શિયાળામાં કલકત્તાનો દિવસ ખાસ ટૂંકો લાગતો. ચાર સવાચારે તો અંધારું થાય અને પાંચ વાગ્યામાં તો રસ્તા ઉપર બત્તીઓ જલવા માંડે. ત્યાં આ તો યુદ્ધના દિવસો! કામકાજમાં કોઈનું યે ચિત્ત ચોંટે નહિ–કામકાજ હતું જ કયાં સાચું પૂછીએ તો? સારો યે દિવસ બગાસાં ખાતા બેઠા હોઇએ. ભૂલેચૂકે પણ એકે ય ઈન્કવાયરી ન આવે. ને તારટપાલનાં પણ ઠેકાણાં નહિ!

બધું જ સ્થગિત બની ગએલું એ દિવસોમાં. હું ને નિતાઈ, વલ્લભ ને ડોસાણી, મારા ટેબલની આજુબાજુ ગોઠવાઇએ. દિવસ દરમિયાન દર ચાળીસ મિનિટે ચા કે કૉફી તૈયાર કરી આપવાનું બેરરને કહી રાખેલું. અને સિગારેટનાં પણ ચાર-પાંચ પૅકેટનો ધુમાડો થઈ જતો.

આમ તો શરત લાગી હતી યુદ્ધ કેટલા દિવસમાં પૂરું થશે તે અંગેની. કિસન ડોસાણી જાતે સિંધી. વય એની હજી નાની હતી. દેશના બટવારા થયા ત્યારે એની મા એ પેટમાં હતો ને કરાચીથી એક પોટકામાં જે કંઈ બંધાયું તે બાંધીને કલકત્તા નાસી આવી હતી. કુટુંબ ઉપર શું શું વીત્યું હતું એની તો એ મોટો થયો તેમ તેમ વાતો જ માત્ર સાંભળી હતી. છતાં આ યુદ્ધ વેળા એની આંખો લાલ થઈ જતી. 'કરણી તેવી પાર ઊતરણી' જેવા અર્થવાળી કોઈ સિંધી કહેવત ટાંકી, દાંત પીસીને એ 'ટચાહ્ય' ઉચ્ચારતો ત્યારે માત્ર 'હાય હાય' જેવો કાંઈ અવાજ અમારા સૌને કાને પડતો. 'પાકિસ્તાનના લોકો જ મુસૉલિનીના ઈટાલિયનોએ કર્યા હતા એવા એના હાલહવાલ ન કરે તો મને કહેજો...'

વલ્લભ અંજારનો કચ્છી. એ ભાગ્યે કશું બોલે; ને બોલે ત્યારે ગણુગણુતો હોય તેમ લાગે–અને એ પણ એની તળપદી કચ્છીમાં. મને પણ કંઈ ન સમજાય, એટલે પોતાના અંતરંગ ભાવોનો અનુવાદ કરતો હોય તેમ હિંદી–અંગ્રેજીમાં જ ઝીકયે રાખે. સવારથી ત્રણત્રણ છાપાં વાંચી લીધાં હોય તેનો સાર બોલી જઇને શરત મારે. રોજ નવી વાત. શરતની વિગતો પણ નવી નવી. 'મૂછો મૂંડાવી નાખું' જેવી શરત એણે મારી ન હતી, પણ મૂછો ઉપર તાવ દઈને જ એ નવી શરત ઉચ્ચારતો: 'દોઢ મહિના પહેલાં પૂરવનું યુદ્ધ પતે તો નોકરી છોડી દઉં...' 'ચોથે અઠવાડિયે જેસોરના ગઢ પડે તો જનરલ અરોરાનો ગુલામ થઈ જઉં...' 'પૂરવ પાકિસ્તાન કાંઈ બાડી બામણીનું ખેતર નથી...આ પંજાબીઓને તમે જોયા નથી. અમારો કચ્છી મેમણ પેલો કરીમભાઈ કે'તો 'તો, વલ્લભ, આ તમે નાહકના ભરડયે રાખો છો. પશ્ચિમવાળા પૂરવવાળાને ફિક્સ કરી દેશે ફિક્સ...માળો એક એક પંજાબી ને સરહદવાળો પઠાણ ત્રણ ત્રણ બંગાળીને બાથમાં લઇને ભીંસી નાખે એવો તગડો છે. બાર બાર અંડાની આમલેટ અને આખી મરઘી એક એક જણને જોઈએ...હા...'

પણ નિતાઈ તો યુદ્ધની શરૂઆતથી એક જ વાતને વળગી રહ્યો હતો: 'પૂર્વ બંગની નવી પેઢીના તમે પરિચયમાં નથી. એક વાર બાંગલાદેશ સ્થપાવા દો. આમે લુટાઈ ગએલો એ બંગાળી જાન દઈ ને પોતાની માભોમની પ્રગતિ સિદ્ધ કરવા મંડયો રહેશે. બંગાળીનો પોતાની ભૂમિ માટેનો પ્રેમ તમે પશ્ચિમવાળા નહિ સમજી શકો... હજી મૂછનો દોરો ફૂટયો નથી એવો, શાળામાંથી સીધો, ગામને સીમાડે હાથમાં આવ્યું તે હથિયાર લઈને પહોંચી જતો એ બંગાળી છોકરો પંજાબી કે પઠાણને ભોંય ભારે ન કરી મૂકે તો જોજો... ભલે આ લડાઈ બે વરસ ચાલે...'

અને હું પણ મારી થીઅરીને દૃઢપણે વળગી રહ્યો હતો: 'આ યુદ્ધ ધાર્યા કરતાં જુદી રીતે જીતાશે. કલકત્તાવાસીઓને એના છાંટા નહિ ઊડે. આપણી આવતી કાલ સુધરી ગઈ સમજો. છેલ્લાં પચીસ વર્ષમાં પૂર્વ બંગે જે ભોગવ્યું છે એ કરતાં આપણે થોડા વધુ ભાગ્યશાળી છીએ જરૂર, પણ છેલ્લાં પાંચેક વર્ષથી, તલવારની ધાર ઉપર નહિ તો પણ છાતી ઉપર કોઈએ ખંજર અને પીઠ પાછળ બૉંબ તોળી રાખ્યાં હોય એવા આતંકમાં આપણે દિવસો વિતાવ્યા છે. એનો અંત આવશે. બાંગલા દેશની મુક્તિની સાથેસાથે પશ્ચિમ બંગવાસીઓની પણ આતંકમાંથી મુક્તિ ન પરિણમે તો આપણે દેશવટો લેવા તૈયાર છીએ...'

ટ્રામ-બસની ભીડમાં ગોંધાયા કરતાં હું ને નિતાઈ ડલાઉસી સ્કવેરથી પગપાળા જ ઘરની દિશામાં જાતજાતના ગપ્પાં મારતા નીકળી પડતા.

'તું મૂળ પૂર્વ બંગનો કે નિતાઈ?'

'ચંપક, હું બંગાળી છું. મારે વળી પૂરવ શું, પશ્ચિમ શું? અમે સૌ યુવા બંગાળીઓ ઈચ્છામતી કે કપોતાક્ષીની સીમાઓને ભૂંસી નાખવા માંગીએ છીએ. એ નદીઓ અમારી સીમા નક્કી નહિ કરે, હવે પછી, એ અમારા ચેતનવંતા જીવનની ધોરી નસો બની જશે. બંગાળ એક હતું ને એક રહેશે.

અંધારામાં પણ એની આંખો જાણે એક એક ક્ષણે કોઈ નક્ષત્રનું અજવાળું પ્રકટાવી જાય છે એમ મને અનુભવાતું.

કલકત્તાનું આકાશ કયારેય આટલું આત્મીય ને પારદર્શક નહોતું જોયું. અમારા માથા ઉપર આવા બધા લક્ષ ગ્રહતારકવૃન્દના આશીર્વાદ ઊતરતા જ રહેતા હશે એવો અણસાર પણ આવ્યો ન હતો. બાળકોની જેમ ફૂદકા મારીને એકએક નક્ષત્રને મુઠ્ઠીમાં લઈ લેવાની ઇચ્છા ત્યારે જાગતી.

'શું જુએ છે ચંપક? નિરભ્ર આકાશ! નક્ષત્ર ખચિત આકાશ! માબંગલક્ષ્મીનો સરતાજ છે એ તો...' નિતાઈ ભાવવિભોર થઈ ને બોલી ઊઠતો ત્યારે મારી જીભને ટેરવે શબ્દો આવી જતા: 'મૂરખ નહિ તો! અલ્યા, આ આકાશ કૈં ફક્ત બંગાળનો ઈજારો છે? સમગ્ર પૃથ્વીનો એ તો સરતાજ બની રહ્યું છે. આપણે માનવમાનવ વચ્ચે વાડા ઊભા કરીને એ તાજનાં રત્નમાણેકને માત્ર પોતાનાં કરી લેવા ઝાંવાં નાખીએ છીએ.' પણ એ વાત નિતાઇને આકરી ન લાગે તે રીતે નરમ શબ્દોમાં હું મૂકતો: 'ઋતુ ઋતુ પ્રમાણે આકાશનું વ્યક્તિત્વ બદલાય તે જ બરાબર; ચોમાસામાં આકાશ નિરભ્ર રહે તો સહન થાય? એપ્રિલ ને મેમાં લૂ વરસે છે, ને સાંજ પડયે કાળવૈશાખીનું તાંડવ જોવા દિલ ઝંખતું નથી? રવિ ઠાકુર અને નઝરુલ ઈસ્લામે આ આકાશના રુદ્ર સ્વરૂપનાં યશોગાન ઓછાં ગાયાં છે?'

વળી, રાત દરમિયાન નવી કોઈ માહિતી મળી હોય તો એ ઘેર આવતો: 'બૌ દિ, (વહુ દીદી) ચા મૂકો, ...ચાલ ચંપક આપણે સેલિબ્રેટ કરીએ...તું રહ્યો ચુસ્ત પ્રોહિબિશનવાળો; તે મેં પણ પ્રતિજ્ઞા લીધી છે, જ્યાં સુધી આ યુદ્ધનો પૂર્ણ વિજયમાં અંત ન આવે ત્યાં સુધી વ્હિસ્કી–બ્રાન્ડી તો શું, બીઅરને પણ હાથ ન લગાડવો; એટલે ચા-બિસ્કિટથી ચાલશે.' શાનો ઉત્સાહ, કયા સમાચારને કારણે વળી ઉજવણીની વાત. એ ખુલાસો તે કરે ત્યાં સુધી ઈન્દુ ગરમગરમ કશું ઉતારી લાવે. એ વાનગી આસ્વાદતાં વળી પાછો ગંભીર બની જાય, કોળિયો અધ્ધર તોળાઈ રહે કે પાછો ડિશમાં મુકાઈ જાય ને પૂર્વ બંગમાં ગેરિલા યુદ્ધ લડતા

જુવાનાની સાચાં કલ્પેલા પરાક્રમોની વાતો કરતાં શરીરની બીજી બધી પ્રવૃત્તિને થંભાવી દે. એનો સુક્કલકડી દેહ એ વાતો કરતાં ધ્રુજી જશે, અને એવી ધ્રુજારી શમાવવા મારે એને બ્લૅન્કેટમાં વિંટાળી ઘેર પહોંચાડવો પડશે, એવી મશ્કરી કરું ત્યારે એ ભાનમાં આવે, બાકીનો નાસ્તો પૂરો કરીને ઊભો થાય.

'હજી તો મધરાતે બી. બી. સી. સાંભળીને પછી સૂવા જઈશ. આજ મધરાત પહેલાં દિનાજપુર પડયું સમજો... અને પછી કુષ્ટિઆને ઉત્તરમાંથી ઘેરો ન ઘાલે તો જોજો. બંગાળી ગેરિલાઓને તમે જોયા હોય તો!—'

યુદ્ધ બંધ થયા પછી પંદર દિવસ થયા છતાં આ નિતાઇનો પત્તો ન હતો. ઈન્દુએ મને ખાતરી આપ્યા કરી: 'ચોક્કસ એ ઢાકા પહોંચી ગયો હશે... તમે નાહકની ચિંતા કરો છો.'

પણ એના રૂમ ઉપર તાળું હતું. પડોશીઓ અને ઘરમાલિકે મને એટલા જ સમાચાર આપેલા કે પંદરમીની સાંજે તો એને બરાબર રૂમ ઉઘાડીને, કપડાં બદલી રોજની જેમ સ્ટવ પેટાવી પોતાનું ખાણું પકાવતો અમે સૌએ જોયો છે. અને ઢાકા કે બીજે કયાં ય બહારગામ જાય તો ખબર આપ્યા વિના કદી ન જાય... અરે, કોઈ કોઈ વાર રવિવારે હાવડા કે લીલુઆ જેવા નજીકના સ્થળે મિત્રો કે સગાંવહાલાંને મળવા જાય ત્યારે પણ ચાવી મકાન માલિકને ત્યાં મૂકતો જાય છે. એટલે...' પણ મને નવાઈ એ લાગી કે પંદર દિવસથી એનો પત્તો નથી તેનો આ આડોશ-પાડોશ કે મકાનમાલિકને ત્યાં કોઈને ઉચાટ નથી! સૌ સૌનાં કામમાં પડી ગયાં હતાં. નિતાઈના ઓરડાનું તાળું તે જાણે રોજની સામાન્ય ઘટના હોય એવો એમનો વ્યવહાર હતો! મારી બેચેની એ કારણે વધતી જતી હતી.

એના બીજા મિત્રોની માહિતી મેળવવી અઘરી હતી. અમારી દોસ્તી ઑફિસમાં જ શરૂ થએલી ને કૉસ્મૉપૉલિટન વાતાવરણને લીધે બંગાળી–બિનબંગાળી એવા વિભાગોથી અમારી ઑફિસનું વાતાવરણ કલુષિત થયું ન હતું; અથવા તો એવી પરિસ્થિતિ ઊભી કરવામાં નિતાઇનો ઘણો મોટો ફાળો હતો. આગ્રહપૂર્વક એ ઑફિસના બિનબંગાળી સ્ટાફ સાથે ગપસપ મારવા બેસતો ને ત્યારે બંગાળીઓની આજન્મ પ્રાંતીયતાનું પ્રાયશ્ચિત્ત એ કરી રહ્યો છે એવી રસાળ ટિપ્પણીનો પણ એ શિકાર બનતો.

પરંતુ આ પંદર દિવસ દરમિયાન એની ગેરહાજરી વલ્લભ ડોસાણી અને આ ચંપક વોરાને જ વર્તાઈ છે એમ અમને ત્રણેને લાગવા માંડયું. મારી બેચેની વધતી ચાલી. મૅનેજરે પણ મને જ પૂછયું: 'નિતાઈ ચૅટર્જીનો કોઈ પત્તો નથી! તમે એના વ્હેરઅબાઉટ્સ ન જાણો એ તો નવાઈ કહેવાય... એ ન આવે ત્યાં સુધી એની ફાઈલ તમને સોંપું છું...'

એ નિતાઈની ફાઈલ જાણે મારે માટે સિમ્બૉલિક બની ગઈ. કયાંક કયાંક હાંસિયામાં એણે ટપકાવેલી નોંધોમાં નિતાઈ પ્રકટ થતો લાગ્યો. સુરેખ એના અક્ષરોની આમે મને સદાય અદેખાઈ થઈ આવતી. મેં કેટલી યે વાર પૂછયું હશે: 'નિતાઈ, તારા હસ્તાક્ષર આટલા સ્વચ્છ સુરેખ શાથી? તે હસીને એ વાત ઉડાવતો અથવા તો કયારેક મને મ્હાત કરવા ખાતર સંભળાવતો, 'ગાંધી અને ગાંધીવાદ જેઓને માટે આદર્શ છે તેઓને સુરેખ હસ્તાક્ષરની લીલા નહિ સમજાય.' એ ટકોર ગાંધીવાદ ઉપર જ નહિ, બાપુજીના હસ્તાક્ષરો ઉપર પણ હતી એમ વલ્લભને મેં એક વાર ફોડ પાડયો ત્યારે એણે અસ્પષ્ટ કચ્છી ડાયલેક્ટમાં નિતાઈ ને સંભળાવી હતી...ને પછી ઉમેર્યું હતું: 'એ ગાંધી બાપો જ હતો એકમાત્ર ભડવીર. નોઆખલીનાં ગામડામાં બીજો કયો લીડર પગપાળો લોકોના ઘા ધોવા–રુઝવવા નીકળ્યો હતો?'

અરે પણ હા, એ દિવસે જ નિતાઈ કશું ગણગણી ગયો ન હતો? 'નોઆખલી! ગુરુદેવ! માસ્ટર મોશાય!' અને એ ગુરુદેવ તે રવિ ઠાકુર નહિ!

'મારા અક્ષરો માટે પૂછતો હતો ને ચંપક? બાબાના એક માસ્ટર મહાશય હતા... એટલે કે હજી પણ છે... કયાંક પૂર્વ બંગમાં...' (મૂળથી જ નિતાઈ પૂર્વ પાકિસ્તાન શબ્દ વાપરતો ન હતો. 'પૂર્વ બંગ' અથવા તો 'બંગાળ' તરીકે જ એ ભૂમિખંડને એ ઓળખાવતો હતો.) બાબાના હસ્તાક્ષર સુધારવા માટે માસ્ટર મોશાય એમને ફૂટપટ્ટીથી ફટકારતા. અને એ માસ્ટર મોશાય ગુરુદેવ રવિ ઠાકુર જેવી દાઢી રાખતા. એવો એ જમાનો હતો કે ગુરુદેવના પહેરવેશની કંઈક બંગાળી જુવાનો નકલ કરતા. પણ માસ્ટર મોશાયની વાત જુદી હતી.

હસ્તાક્ષરો સુધારવાનું તો માત્ર બહાનું હતું. એમના વિદ્યાર્થીઓનું સારું ય જીવન સુરેખ બને તે માટે એ આગ્રહી હતા. એવા સુરેખ જીવન માટેનો પાયો માભોમની આઝાદી હતી. અને એમને મન માભોમ એટલે નોઆખલીની લીલી હરિયાળી, ત્યાંનાં વાંસવન અને કેળનાં ઝૂંડ, ત્યાંની પાનની વાડીઓ અને ફણસનાં વૃક્ષોનો નયનરમ્ય આડંબર... ભાગલા પડયા ને બાબાએ વતન છોડયું, ન છૂટકે, ત્યારે માસ્ટર મોશાય ખૂબ દુ:ખી થયા હતા. કટાક્ષ પણ કરેલો, નવી પેઢી તમારી પાસેથી આ આશા નો'તી રાખતી, ગૌરચાંદ...' ગૌરચાંદ નિતાઈના બાપુનું નામ! એ તેજસ્વી અને રૂપમંડિત હતા એમ નિતાઈ ભક્તિનમ્ર બનીને યાદ કરતો.

ફાઈલમાં મારું ચિત્ત ધીરેધીરે ગોઠવાવા માંડયું. એક પછી એક કાગળો હું અભ્યાસીની દૃષ્ટિએ જોઈ જતો હતો. ત્યાં બે કાગળોની વચ્ચેથી એક પોસ્ટકાર્ડ સરકી પડયું, એ તરફ મારી નજર પડી. નિતાઈના હસ્તાક્ષરોને ય પાછળ પાડે તેવી મરોડદાર બંગાળીમાં એ પત્ર હતો. પોસ્ટકાર્ડ ઉપર પૂર્વ પાકિસ્તાનનો સ્ટૅમ્પ હતો, તારીખ હતી સત્તરમી માર્ચ ૧૯૭૧!

'ચિરાયુ વત્સ નિતાઈ,

અમારા સૌ માટે કસોટીની પળ આવી લાગી છે. આ પત્ર પણ તને મળશે કે નહિ, ખબર નથી. ગૌરચાંદની એક ભાવના હતી—નોઆખલી છોડવાની. મેં તો એને ના જ કહી હતી; પણ તું આવવાનો હતો, એનો વંશધર! એટલે નિરુપાય બનીને એણે માભોમને છોડી. એ તો હવે નથી, પણ એનો ખુદ્દો માસ્ટર મોશાય એક સ્વપ્ન હૈયે જકડીને બેઠો છે. હજી યે ક્ષિતિજ ઉપર તેજતિમિરની રમત મંડાઈ છે એમાં નાની સરખી દીપશિખા બનીને જલતા રહેવાની મારી ચેષ્ટાનો પણ ફાળો હતો. દીપક કાં તો નક્ષત્રો બનીને ચમકતા રહેશે, અંધકારને ઉચ્છેદવા જતાં કાં તો સદાયને માટે વિલોપન પામશે. તારા પિતાની ભાવનાને પહોંચી વળવાનું તારું ગજું છે કે નહિ, ખબર નથી. પણ અમારું સ્વપ્ન સાકાર થાય તો કયારેક માભોમનો સાદ સાંભળીને તારા બાબાના માસ્ટર મોશાય પાસે દોડયો આવજે. મારે તો પુત્ર ગણો, શિષ્ય ગણો, એ એક ગૌરચાંદ હતો.'

ઝીણા ઝીણા અક્ષરે ખીચોખીચ લખાએલો એ પત્ર મેં સુધાંશુ દાસગુપ્ત પાસે વંચાવ્યો. એના મનમાં શંકા જાગી: 'ચંપક, કોઇ વયોવૃદ્ધ પુરુષના આ અક્ષર નથી લાગતા. પણ કોને ખબર, નિતાઈ ઘણી વાર એના પિતાના ગુરુદેવની વાત કરતો: જૂના રૅવોલ્યુશનરી છે એ તો. એમનું આ જ ધર્મકાર્ય હતું, વિપ્લવીઓ તૈયાર કરવાનું. શરૂઆત એ સુઘડ અક્ષરોથી કરાવતા. ખૂની માણસ નહિ તો!' પણ ખૂની માણસો જ ધૂણી ધખાવી જાણે. એક વાર નિતાઈ મારી પાસે પણ એવું બોલી ગયો ન હતો?

નિતાઇને મારે પત્ર લખવો હતો. પોસ્ટકાર્ડ આમ તેમ ફેરવ્યું, કયાંય સરનામું ન હતું, સ્ટૅમ્પ ઉપરની પાકિસ્તાની પોસ્ટલ છાપ પણ બરાબર ઊઠી ન હતી.

થોડા દિવસ પછી છાપામાં લિસ્ટ પ્રકટ થયું: પાકિસ્તાની લશ્કરીઓએ શરણાગતિ સ્વીકારતાં પહેલાં સ્થળે સ્થળે બુદ્ધિજીવીઓ અને વિચારકોની નિર્મમરીતે કતલ કરી હતી, તેની વિગતો સાથે એમાં એક નામ હતું–બારીસાલની સરકારી સ્કૂલના માસ્ટર મોશાય, બધા જેમને ગુરુદેવ કહેતા. તેમનો મૃતદેહ એમની સફેદ લાંબી દાઢીને કારણે જ ઓળખી શકાયો હતો. □

# સૌંદર્યમીમાંસા

લેખક
રસિકલાલ માણેકલાલ પંડ્યા

**સૌં**દર્ય એટલે પરમાત્માની અપ્રતિમ કલાનું સંસ્કારદર્શન. સર્ગ ને નિસર્ગનો સુમેળ સૌંદર્યમાં જોવા મળે છે. આથી એવા દેવાંશી સૌંદર્યને જોઇ કવિઓએ શબ્દચિત્રો કર્યાં, ચિત્રકારોએ એને રંગમાં પૂર્યું, શિલ્પીઓએ પાષાણ ને કાષ્ઠની મૂર્તિઓમાં કંડાર્યું, સોનીઓએ સોના-રૂપાથી મઢ્યું તો સૂચિકારોએ અનેક પ્રકારનાં મોહક વસ્ત્રોથી સજ્યું. જ્યારે આમ નિર્જીવમાં સજીવનો ભાસ થાય છે ત્યારે સજીવનું સૌંદર્ય કોને સંમોહિત નહિ કરતું હોય! આથી જ 'રસગંગાધર'ના કર્તા પં. જગન્નાથ સ્પષ્ટ જણાવે છે કે કાવ્યનું ઉત્પત્તિસ્થાન જ સૌંદર્ય છે.

જેની શૃંગારચેષ્ટાઓ હૃદયમાં અંકિત થઈ જાય છે, જેનું શીલ રમણીઓને પણ રમણીય લાગે છે એવી સૌંદર્યવેલની ઉત્પત્તિ વિષે અનેક કવિઓએ અવનવી કલ્પનાઓ કરેલી છે. જાણે ચંદ્ર, અમૃત, મૃણાલ, વગેરે સામગ્રીમાંથી આ બ્રહ્માએ એને ન સર્જ્યું હોય એમ લાગ્યા વગર રહેતું નથી. આમ, સૌંદર્યમૂર્તિ સ્ત્રી જન્મ પછીથી ક્રમશઃ વિકસિત બને છે. આ છે વયસંધિ.

જન્મ્યાં પછી દિનપ્રતિદિન વયવૃદ્ધિ સાથે સૌંદર્યવૃદ્ધિ થતી જાય છે. આથી જ દેહની—જીવનની ચાર અવસ્થા મુખ્ય ગણવામાં આવે છે; (૧) બાળપણ (૨) યૌવન (૩) પ્રૌઢત્વ અને (૪) વૃદ્ધત્વ. આમાં બાળપણ અને યૌવન સુધીનો સમય વયસંધિ માટે વિચારણીય છે. ખીલતાં અંગો ઉત્તરોત્તર શૈશવ, કૌમાર્ય, તારુણ્ય અને યૌવન તરફ ગતિ કરતાં હોય છે.

**શૈશવ** એટલે બાલ્યકાળની નિર્દોષ અવસ્થા માતાનો ખોળો ખૂંદનાર અને કાલીઘેલી ભાષા બોલનાર શિશુ કોને ન ગમે?

**કૌમાર્ય** એ એક રીતે શૈશવનો ઉત્તરાર્ધ છે તો બીજી રીતે તારુણ્યનો પૂર્વાર્ધ છે. કૌમાર્ય એટલે વિદ્યાભ્યાસનો સમય.

આ કિશોરાવસ્થા તારુણ્યમાં પ્રવેશતાં શરીરના અવયવો વિકાસ સાધે છે. કામદેવની સવારીના છડીદાર શી મુખકાંતિ, ચક્ષુકાંતિ, અંગકાંતિ વધવા માંડે છે. અંગનું લાવણ્ય ખીલતું જાય છે. નેત્રો ધૃષ્ટ થવા માંડે છે, કટિ ક્ષીણ થવા લાગે છે, નિતંબ અંશત: સ્થૂલ બને છે અને ઉરજનો ઉદય થવા માંડે છે. ચિત્તવેગના ઘોડા દોડવા લાગે છે. સ્મિત, દૃષ્ટિ, વાણી, વર્તન વગેરેમાં આસક્તિ ભળવા લાગે છે. પંદર વર્ષની આસપાસની ઉમરનું આ તારુણ્ય હવે યૌવનમાં પ્રવેશે છે.

**યૌવન**માં પ્રવેશની સાથે જ લજ્જા, વક્રતા, રતિવિલાસ આદિ ગુણો પ્રગટ થવા માંડે છે. લહેરાતી ચંચલ અલક લટોમાં એ ડોકાય છે, તો કેશગૂંફનમાં વાળ લે છે. દાંત અને નખની માવજત વધે છે. નેત્રકટાક્ષ અને અર્થગર્ભ વાક્યોમાં એ વ્યક્ત થવા મથે છે. યૌવનના અલંકારોમાં પણ રસશાસ્ત્રીઓએ ત્રણ ભાગ બતાવેલા છે. (અ) શરીરજા (બ) અયત્નજા અને (ક) સ્વભાવજા. હાવ, ભાવ અને હેલા એ શરીરજા અલંકાર છે; તો શોભા, કાંતિ, દીપ્તિ, માધુર્ય, પ્રગલ્ભતા, ઔદાર્ય અને ધૈર્ય અયત્નજા અલંકાર છે, લીલા, વિલાસ, વિચ્છિત્તિ (અંગ-સૌંદર્યના ગર્વને લઈને બાહ્ય શૃંગારમાં સ્ત્રી જે બેપરવાઈ બતાવે તે), વિભ્રમ વગેરે સ્વભાવજા અલંકાર છે. આમ, યૌવન એટલે કોમળ કળીમાંથી પ્રફુલ્લ પુષ્પનો વિકાસ.

ચંદ્ર જેવું વદન, સ્મરપાશ જેવા કાન, ચંદ્રકલા જેવા કપોલ, તેલની ધાર જેવી નાસિકા, કામનાં બાણ જેવી ભ્રમરો, હીરા જેવા દાંત, પ્રવાલ જેવા હોઠ, શંખની રેખાઓ જેવું ગળું, મૂઠીમાં સમાઈ જાય તેવી કટિ, ગંભીર લાવણ્યયુક્ત નાભિ: આ છે સૌંદર્યશાસ્ત્રીઓએ વર્ણવેલી નવયૌવનની રૂપશ્રી. મનસિજ કામદેવ હવે આ નવયૌવનને વિલાસ પ્રતિ પ્રેરે છે અને દસ પ્રકારની કામાવસ્થા ઉત્પન્ન કરે છે: અભિલાષા, ચિંતા, અનુસ્મૃતિ, ગુણ, કીર્તન, ઉદ્વેગ, વિલાપ, ઉન્માદ, વ્યાધિ અને જડતા.

યૌવનના આગમન સાથે જ મનમાં વિશિષ્ટ પ્રકારના વિચારો ઉત્પન્ન થાય છે. અનુરાગ એમાં પ્રથમ સ્થાન ભોગવે છે. આ છે આભ્યંતર યૌવન. ગીત, દૃષ્ટિપાત અને નૂપુરઝંકાર આ આભ્યંતર યૌવનના પરાવર્તકો ગણાય છે.

આવા સૌંદર્ય-શિરતાજ યૌવનની ચાર અવસ્થાઓ કલ્પવામાં આવી છે: ૧) પ્રથમ અવસ્થામાં આરૂઢ રાગ, અસમગ્ર અરુણ અધર તથા નેત્ર, કામના માટે દેખા દેતું મુકુલ હાસ્ય. માધુર્ય ઝરતાં અંગો આ છે પ્રથમાવસ્થાની રસયૌવના. ૨) દ્વિતીય યૌવનાવસ્થામાં અવયવો પૂર્ણપણે વિકાસ સાધે છે. ઈર્ષ્યા, ક્રોધ, માન વગેરે ભાવો પ્રગટપણે જાગ્રત થાય છે. ૩) તૃતીય યૌવનાવસ્થામાં કેલિકૌશલ્ય અને માન-આદરની અભીપ્સા જાગે છે. આ અવસ્થા સર્વ પ્રકારે રૂપશ્રીથી યુક્ત હોય છે. ૪) ચતુર્થ યૌવનાવસ્થામાં અંગો ને ભાવો ધીરે ધીરે શિથિલતા પ્રતિવળે છે અને કામનું પ્રાબલ્ય ઘટી જાય છે.

આવા રસરાજ યૌવનનાં 'ભાવપ્રકાશ'કારે દસ તત્ત્વો જણાવ્યાં છે: રૂપ, વર્ણ, પ્રભા, રાગ, આભિજાત્ય, વિલાસિતા, લાવણ્ય, છાયા, સૌભાગ્ય અને લક્ષણ. આ પ્રત્યેકને સંક્ષેપમાં જોઇએ:

અંગાંગોની રેખાઓને સ્પષ્ટ રીતે અંકિત કરતા સૌષ્ઠવયુક્ત શરીરને 'રૂપ' કહેવામાં આવે છે. પ્રત્યેક અવયવ સૌંદર્યમંડિત હોય તે રૂપશ્રી.

બીજું તત્ત્વ 'વર્ણ' છે. રૂપ સાથે સમુચિત વર્ણ ભળવાથી રૂપ ખીલી ઊઠે છે. વર્ણ યૌવનની શોભાને વધારી શરીરને મોહક બનાવે છે.

સૂર્ય સમાન તેજસ્વી કાંતિ એટલે 'પ્રભા.' પ્રભા વિશેષતઃ મુખમંડલ પર પ્રકાશિત થતી જણાય છે. ઊગતાં સૂર્યકિરણ જેવી જે કાંતિ તે સૂર્યપ્રભા. તેવી જ રીતે ચન્દ્રપ્રભા, કમલપ્રભા, રત્નપ્રભા, દિવ્યપ્રભા વગેરે હોય છે. નેત્રના કટાક્ષ કરતી કાંતિ તે નેત્રપ્રભા અને ચમકતી વિદ્યુત જેવી કાંતિ તે વિદ્યુતપ્રભા. કામને પ્રદીપ્ત કરતી રતિપ્રભા મુખ અને શરીર પર સર્વત્ર જોવા મળે છે.

જે અંગ દૃષ્ટિનું આકર્ષણ બને છે તેમાં 'રાગ' ઉત્પન્ન થાય છે, આ રાગ શ્રવણદર્શનથી ઉત્પન્ન થઈ શકે છે. એવી જ રીતે ગુણ ને સ્વપ્નથી પણ રાગ જન્મે છે. આ અનુરાગના વિકારી અને અવિકારી એવા બે ભેદ પાડવામાં આવ્યા છે. વારાંગના પ્રતિનો રાગ તે વિકારી અને પત્ની તરફનો રાગ તે અવિકારી. રાગ જન્મતાં નિદ્રા ઘટે છે, ખોરાક ઓછો થાય છે, નિશ્વાસ નંખાય છે. આવાં ચિહ્નો રાગની ઉત્પત્તિનાં દ્યોતક છે.

'આભિજાત્ય' એટલે ફૂલના જેવી કોમળતા, લજામણીના છોડ જેવી લજ્જા.

અંગોપાંગમાંથી પાંગરતી સ્ફુરણા, વિભ્રમ, કટાક્ષ વગેરે ચેષ્ટાઓને 'વિલાસિતા' કહે છે.

અવયવોના ઉચિત સંનિવેષને 'લાવણ્ય' કહે છે. લાવણ્ય અંગેઅંગમાંથી પ્રકાશિત થાય છે. જેમ મોતીના દાણામાં એક પ્રકારની ઝલક હોય છે તેમ શરીરની ઝલક તે લાવણ્ય. એ લાવણ્ય, સામેની વ્યક્તિ પર પ્રભાવ પાડી શકે છે.

વસ્ત્રપરિધાન, નૃત્ય તથા વિનોદશક્તિને 'છાયા' કહેવામાં આવે છે. વસ્ત્રો શરીરની શોભા વધારે છે. નૃત્ય અને વિનોદશક્તિ પણ સૌંદર્યની છાયાનાં દ્યોતક બની રહે છે.

સહૃદયને પોતાના પ્રતિ આકર્ષવાની શક્તિ 'સૌભાગ્ય' તે. નાયિકા ભ્રૂનેત્ર, વાણી, હાસ્ય, રુદન, ગતિ વગેરેથી નાયકને પોતા પ્રતિ ખેંચે છે.

'લક્ષણ' એટલે સૌંદર્યકળાનું માર્ગદર્શકતત્ત્વ. કામનાં સર્વ લક્ષણો સૌંદર્યવર્ધન પણ કરે છે.

આમ આ સૌંદર્યની મીમાંસા નાયિકાના ભેદની ભૂમિકા બની રહે છે. રસશાસ્ત્રના ભાવકે સૌંદર્યમીમાંસાની આટલી આછી ઝલક તો મેળવી લેવી જ જોઈએ.

કૉલેજજીવનનાં સંસ્મરણો
મનોમંથન-૨૪

# બહાદુરીની કસોટી

કાકાસાહેબ કાલેલકર



તા. ૧૯-૧૦-૧૯૭૦ના રોજ ઉજવાએલા ગૂજરાત વિદ્યાપીઠના સુવર્ણ મહોત્સવ પ્રસંગે તેના બે ભૂતપૂર્વ આચાર્યો અને કૉલેજકાળના બે સહાધ્યાયીઓ કાકાસાહેબ કાલેલકર અને આચાર્ય કૃપાલાની.

કૉલેજના દિવસોનો એક મઝાનો અનુભવ મારે આપવો જ જોઈએ. એને વિષે આના પહેલાં કોઈ ઠેકાણે લખ્યું હોય તો અત્યારે યાદ નથી આવતું. બેવડાય તો વાંધો નથી.

કૉલેજના છાત્રાલયમાં રહેનાર અમે વિદ્યાર્થીઓ પૂના તરફના રસ્તા ઉપર ફરવા જઈએ. એમાં મઝા શી? પણ જો પાસેની ટેકરી પર ચડીને આમતેમ ખૂબ ફરીએ તો એમાં કસરત પણ ખરી અને કાવ્ય પણ ખરું. છાત્રાલયમાંથી નીકળી ટેકરી પર ચડીએ ત્યાં વચમાં એક મોટી કરાડ આવતી. એ ટાળીને ચડવાનું. બહુ જોખમકારક નહિ, પણ જો પગ લપસ્યો તો કરાડ પરથી સીધા નીચે પડીને કપાળમોક્ષ જ થવાનો!

એ દિવસોમાં અંગ્રેજો સામે ગુપ્ત કાવત્રાં કરવાની અને બહાદુરીનાં કામો કરવાની વાતો ખૂબ ચાલતી. એટલે કેટલાક વિદ્યાર્થીઓ અતિશયોક્તિભર્યાં સંભાષણો કરે, તો કેટલાક બીજા એવા 'વાચિવીરો'ની ઠેકડી કરે. અને દાવો કરે કે 'કરે તે બોલે નહિ.'

એક દિવસ એવા બે-ત્રણ સાથીઓ મને કહેવા લાગ્યા: 'આપણે આપણી હિંમતની કસોટી કરવી જોઈએ. રાત્રે જમ્યા પછી સાવ અંધારામાં પેલી ટેકરી પર ફરવા જઈએ અને પાછલી બાજુથી ટેકરી ઊતરીને પાછળના સર્વૅન્ટ્સ ઑવ ઇન્ડિયા સોસાએટીના રસ્તે પાછા આવીએ. આવશો? છે હિંમત?' મેં કહ્યું: રોજ સાંજે એ રસ્તે એટલા બધા ફર્યા છીએ કે ત્યાંના ખાડા-ટેકરાનો પૂરો પરિચય છે. સાચવવું છે પેલી કરાડનું. એમાં મને તો કશી બીક લાગતી નથી. અમે છીએ જ પહાડી લોકો અમારે માટે એમાં ખાસ બહાદુરી જરાયે નથી.'

'ચાલો ત્યારે, આજે રાત્રે જમ્યા પછી જઈ આવીએ. બોલવા કરતાં કરી બતાવવું જ સારું ને?'

અમે ચાલ્યા. પેલી કરાડથી પણ ખૂબ ઊંચે, દૂર સુધી પહોંચ્યા. ચોમેર સાવ અંધારું હતું. એટલામાં સામી બાજુથી ત્રણચાર જણા આવતા જણાયા. અંધારામાં ચહેરા તો દેખાય નહિ. વિચિત્ર લોકો! અમારામાંથી એક જણે કહ્યું: 'આ તો પૂનામાં ચોરી કે લૂટફાટ કરનારા ગુંડાઓ લાગે છે. હવે?'

એટલામાં તો એ લોકો અમારા ઉપર તૂટી પડ્યા. અમને નીચે પાડ્યા. એક જણ મારી છાતી પર બેઠો અને મારવા લાગ્યો. મેં કહ્યું: 'અરે, અરે! શા માટે મારો છો અમને? અમે તો અહીં ખાલી ફરવા આવ્યા છીએ. તમારું અમે શું બગાડ્યું છે?' પણ કોઈ જવાબ આપે તો ને? દરેકને થોડો માર મારી એ લોકો નાસી ગયા. અમે ત્રણે જણા ઊઠ્યા. મેં કહ્યું: 'ચાલો, આપણે હવે નક્કી કર્યા પ્રમાણે ટેકરીની પાછલી બાજુથી ઊતરી રસ્તે પહોંચી જઈએ.' પેલા બે જણા પૂછે: 'તને બહુ તો નથી વાગ્યું ને?' મેં ક્ષણ થોભીને કહ્યું: 'મને તો આમાં કાંઈક ભેદ દેખાય છે. ગુંડા હોય કે ચોર હોય તો આપણને જોઈને કાં તો નાસી જાય, અથવા માર મારી હાથપગ ભાંગી નાખે. મને જેણે પાડ્યો તેણે મને મારવાનો ડોળ તો કર્યો, હાથ જોરથી ઉગામે, પણ મારે ત્યારે નહિ જેવું વાગે. ખરે જ, આની પાછળ કાંઈક ભેદ લાગે છે.'

તેઓ હસ્યા અને કહ્યું: 'એમ ત્યારે? તું સમજી ગયો! આ અમારું તારી કસોટીનું કાવતરું જ હતું. પેલા મારનારા પણ અમારી ગુપ્ત ટોળીના જ હતા. બહાદુરીની વાતો કરનારને આમ ટેકરી ઉપર અંધારામાં લઈ આવીએ અને એની કસોટી કરીએ. નાસી જાય છે કે દયા માગે છે કે મારનારને પગે લાગે છે, એ જોઈ લઈએ. જો અમારી કસોટીમાં પાર ઊતરે તો એને અમારી ગુપ્ત ટોળીમાં લઈએ. તમે આજે પાસ થયા.'

મેં કહ્યું: 'હવે આપણે ત્રણે સાથે પાછા ન જઈએ. અલગ પડીને જવામાં જ સાવચેતી છે. હું સર્વૅન્ટ્સ ઑવ ઇન્ડિયા સોસાએટીને રસ્તે થઈને હોસ્ટેલ આવી પહોંચીશ. અને અમે એ પ્રમાણે કર્યું.

હવે હું ગુપ્ત ટોળીનો એક સદસ્ય થયો. પછી એક જણ કહે: 'પેલો ઇન્દોરવાળો નવો છોકરો ખૂબ બોલે છે. એને લઈ જઈએ. તમે બીજા કોઈને સાથે લઈને એને ઉપર લઈ આવો. પછી તમારા ઉપર અંધારામાં અમે હુમલો કરીશું.' યોજના મંજૂર થઈ. જૂની ઢબે જ અમે બે-ત્રણ જણ પેલા ઇન્દોરવાળાને સાથે લઈને ગયા. કેટલાક લોકોએ પોતાના કોટ ઊલટા પહેર્યા હતા. એક જણે પોતાનું ધોતિયું કાઢી માથે વીંટ્યું હતું: નીચે ફક્ત ચડ્ડી. મારનાર ટોળું આવ્યું. એમને જોતાંવેંત ઇન્દોરવાળો જોરથી બૂમો પાડતો એકદમ નીચે દોડી ગયો. મને બીક લાગી કે કરાડ પરથી જો નીચે પડી જશે તો ભારે આફત થશે. એ તો બરાડા પાડતો છાત્રાલયમાં પહોંચી ગયો. સૂતેલા લોકો જાગીને પૂછવા લાગ્યા: 'અરે! શું થયું? શું થયું?' એણે કહ્યું: 'અંધારામાં અમે ફરવા ગયા હતા, ત્યાં ધાડપાડુઓ અમને મળ્યા. માર માર્યો એટલે હું જીવ લઈને નાસી આવ્યો છું.' કેટલાક લોકો ફાનસ લઈને ટેકરી તરફ દોડ્યા. થોડી હોહા ચાલી. પછી બધું શાંત થઈ ગયું. હું તો બીજે રસ્તેથી છાત્રાલયમાં આવી મારી ઓરડીમાં જઈ સૂઈ ગયો. સવારે જીવતરામ કૃપાલાની મારી ઓરડીમાં આવી પૂછે: 'રાત્રે તો ભારે તોફાન થયું. તું ક્યાં હતો?'

મેં કહ્યું: 'હું તો મારી ઓરડીમાં જ હતો.'

'જા, જા; સાચું કહે તું ક્યાં હતો? રાત્રે જ્યારે હો-હા શરૂ થઈ ત્યારે તારી ઓરડી પાસે આવી મેં જોયું હતું. ઓરડી બહારથી બંધ હતી. તું અંદર હતો જ નહિ. ખરું કહે, તું ક્યાં હતો?'

'ભલે; પછીથી કહીશ. અત્યારે તો જોવા દે, શું થાય છે તે.'

છાત્રાલયના વ્યવસ્થાપક એક ફેલો હોય છે. (વિદ્યાર્થીઓમાંથી જ જે બી.એ. કે એમ.એ. ઉત્તમ રીતે પાસ થઈ નામના મેળવે છે એને કૉલેજ તરફથી ફેલો તરીકે નીમવામાં આવે છે. એ ઉચ્ચ વિદ્યાર્થી પણ ખરો, અને અધ્યાપક પણ ખરો. એમાંથી એક જણને છાત્રાલયની વ્યવસ્થા સોંપેલી હોય છે.) એ ફેલોએ પ્રિન્સિપલ પરાંજપેને રિપોર્ટ કર્યો. પરાંજપેએ આજ્ઞા કરી કે રાત્રે કોણ બહાર ગયા હતા, કેમ ગયા હતા,

એની તપાસ કરો અને ગુનેગારોને સજા કરો. એ લોકો છાત્રાલય છોડીને જાય. ઉપરાંત વધારે શી સજા કરવી તે હું જોઈ લઈશ!'

**આ**મે કરવા શું ગયા અને થઈ ગયું શું?! હું આમાં હોઈશ એવી કોઈને શંકા પણ ન હતી, તેથી મારું નામ કોઈએ લીધું નહિ. એટલે ઠાવકું મોં લઈને હું પ્રિન્સિપલ પાસે ગયો અને કહ્યું: 'સર, છાત્રાલયના નિયમ તોડીને અંધારી રાતે લોકો ટેકરી પર જાય એ ખોટું તો ખરું જ. હું હૃદયથી આવાં તોફાનને વખોડું છું. પણ સર, આપ એટલી તો કદર કરો કે એ લોકો પોતાની હિંમતની કસોટી કરવા ગયા હતા. સાંભળ્યા પ્રમાણે છાત્રાલયમાં બહાદુરી કેળવનાર એક મંડળી જ છે. એ લોકો આ રીતે સાથીઓને કેળવે છે અને કસે છે. બીજીબાજુ કેટલાયે છોકરાઓ રાત્રે વગર રજાએ પૂનામાં નાટક જોવા જાય છે એના કરતાં આ લોકોનો ગુનો ઓછો ગણવો જોઈએ. જે થઈ ગયું એ થઈ ગયું. તોફાની છોકરાઓ ઉઘાડા પડ્યા. હવે એમને આકરી સજા શા માટે કરો?'

પ્રિન્સિપલ બોલ્યા: 'તમારા જેવા સારા વિદ્યાર્થી આવા તોફાની છોકરાઓનું ઉપરાણું લો છો એનું મને આશ્ચર્ય થાય છે. પછી કૉલેજની ડિસિપ્લીન શી રીતે ટકી શકે? એક તો સરકારની ખફા નજર આ કૉલેજ પર છે જ. અમે માંડ કૉલેજની પ્રતિષ્ઠા સાચવીએ છીએ.'

'સર, હું તો આ બધું વખોડું જ છું. જે થાય છે એ ખોટું થાય છે એવો પ્રચાર અમે ચલાવીશું તો બધું શાંત થશે. આપ સજા કરશો તો એ લોકોનું એક વર્ષ બગડશે. એટલે જ હું આપની પાસે આવ્યો છું.'

ખેર, પ્રકરણ શાંત થઈ ગયું. ચાર દિવસ ખૂબ ચર્ચા ચાલી અને આખી વાત વિસારે પડી. કૃપાલાની મને કહે: 'બોલ હવે મને બધું કહે. પ્રથમ તો એ કબૂલ કર કે તોફાન જાગ્યું ત્યારે તું તારી ઓરડીમાં ન હતો. કોઈ પણ ઊઠે તે પહેલાં હું જાગ્યો હતો. અને સીધો તારી ઓરડીએ આવ્યો હતો.' મેં હસીને બધી વાત કહી. એને ખૂબ મઝા પડી. □

## આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૧૭

### અમ્લપિત્ત

**સાં**પ્રત વિજ્ઞાનમાં આ રોગને 'ઍસિડિટી' કહે છે. લોકભાષામાં આને 'ગરમાઈ બળવી' કહે છે.

ખાટા-તીખા-ખારા-ગરમ-તીક્ષ્ણ-વિદગ્ધ-સડેલા-વાસી-તળેલા વગેરે અમ્લતાવર્ધક આહારનું વધારેપડતું સેવન કરવાથી પિત્ત વિદગ્ધ થઈ ખાટું બની જતાં આ રોગ થાય છે.

લક્ષણો: ૧) ખાટા કે કડવા ઓડકાર; ૨) છાતીમાં બળતરા થાય; ૩) ભૂખ મરી જાય ને પેટ ભારે લાગે; ૪) માથું દુખે, આંખો બળે, ચક્કર આવે; ૫) ખાટી કે કડવી ઊલટી થાય; ૬) સ્વભાવ ચીડિયો કે ગુસ્સાવાળો થઈ જાય; ૭) કામ કરતાં થાકી જવાય અને પડી રહેવાનું મન થાય, આ બધાં અમ્લપિત્તનાં લક્ષણો છે.

ચિકિત્સા: આ રોગની ચિકિત્સા કરતાં પહેલાં રોગીએ ખોરાક ઓછો કરી નાખવો કે બંધ કરી દેવો જોઇએ. શક્ય હોય તો માત્ર બકરીનું દૂધ જ લેવું. તેનાથી અમ્લતા ઓછી થશે. ૧) નારિયેળનું પાણી પણ અમ્લતા ઓછી કરે છે; ૨) વિરેચન એ અમ્લપિત્તનો શ્રેષ્ઠ ઉપાય છે. હરડે, ત્રિફલા, નસોતર, પંચ સકાર ચૂર્ણ કે કાળી દ્રાક્ષ દ્વારા રોજ વિરેચન કરવું; ૩) અવિપત્તિકર ચૂર્ણ અમ્લપિત્તનું ખાસ ઔષધ છે. તેની સાથે સોડા બાઈ કાર્બ, ત્રિફલા ચૂર્ણ, કપૂરકાચલીનું ચૂર્ણ મેળવીને પણ લઈ શકાય; ૪) અન્ય ઔષધોમાં શતશેખર રસ, કામદુધા રસ, આમલકી રસાયન, પ્રવાલ પંચામૃત, શંખભસ્મ, સ્વર્જીકા ક્ષાર વગેરે લઈ શકાય; ૫) ખોરાકમાં જ ખાસ કાળજી રાખવી. ભૂખ્યા ન રહેવાય તો માત્ર મગનું પાણી લેવું.

**વૈદ્ય નવીનભાઈ ઓઝા**

અનુસંધાન] **નીલમ્મા** [પૃ. ૧૭૮થી

'કર્ણાટક કલ્ચરલ ફેર'ના મિલનમાં કાર્યક્રમ આપેલો, જેની 'સ્ટેટ્સમૅન' અને 'હિંદુસ્તાન ટાઈમ્સ' જેવાં માતબર અખબારોની કટારોમાં પ્રશંસા સહિત નોંધ લેવાએલી.

ઈ. ૧૯૫૮ થી ૧૯૬૭ સુધીના દાયકામાં તેમણે ઘરગથ્થુ અને અન્ય કારણોસર રેડિયો પર કે અન્યત્ર કાર્યક્રમો આપવાનું બંધ કરી દીધું. છેવટે ૧૯૬૮માં ઑલ ઇન્ડિયા રેડિયોના ડિરેક્ટર જનરલનો આગ્રહથી તેમણે ફરી રેડિયો પર કાર્યક્રમો આપવાનો સ્વીકાર કર્યો, અને ત્યારથી એમનો કંઠ નિયમિત સાંભળવા મળે છે. પતિસેવામાં ભક્તિપૂર્ણ જીવન વીતાવી રહેલાં સંસ્કારસમ્પન્ન શ્રીમતી કડમ્બી આજે ષષ્ટિ વટાવી ચૂક્યાં હોવા છતાં તેમનો માધુરીમંડિત કંઠ હજી એવો ને એવો જ તાજગીભર્યો અને ઊર્જસ્વી રહ્યો છે. વયના વધવા સાથે તે પકવ તેમ જ પ્રભાવક અને પ્રજ્ઞાના વધવા સાથે તે વિશેષ અધ્યાત્મસંપુત બન્યો છે.

ઉત્તર ભારતમાં રહેલા કર્ણાટક સંગીત તરફના પૂર્વગ્રહને છોડાવવામાં એમનું મંજુલ સંગીત નિશ્ચયતયા સફળ થઈ શકે તેમ છે. હિંદુસ્તાની સંગીતમાં રહેલો દિવ્યધ્વનિનો અભાવ પણ, એમ.એસ. શુભલક્ષ્મીના સંગીતની જેમ, એમનું સંગીત સાંભળવાથી તુરત જ ખયાલમાં આવે છે. ગુજરાત એમના ચેતોહર સંગીતમાંથી ઘણું શીખી શકે તેમ છે. □

અનુસંધાન] **નદીકિનારાનો પરચો** [પૃ. ૯૮થી

તું અહીં હાજર હોત તો મારા મનમાં જે કંઈ ચાલી રહ્યું છે તેની બધી વાત તને કરત. ખેર! એ ન બન્યું. હવે, તેં મારા જીવનમાં જે પ્રેમ આણ્યો છે તે માટે માતાના દાવે હું તારો આભાર માનું છું. મારું જીવન સરળ નથી વીત્યું, પણ એક તારે ખાતર એ બધી યાતનાઓ ફરી ભોગવવાને ય હું તૈયાર છું.

આ જગતમાં હું તને ફરી ન મળું તો ઈશ્વર તારું કલ્યાણ કરો. અલવિદા...! ના, અલવિદા નહિ; કારણ કે હું તારાથી બહુ દૂર નહિ હોઉં, અને એક દિવસ...હે પ્રભુ, આપણે ફરી મળીશું.'

આવા પ્રસંગે વાચા નિરર્થક છે. શાંતિથી એ પત્ર મેં એને પાછો આપ્યો.

**ન**દીકાંઠાના આ પરચા વિષે જગતને માનવું હોય તે માને. સ્નાતક તેમાં જરૂર માનતો હતો. એની સચ્ચાઈની ખાતરી કરાવવા તે જાન ન્યોછાવર કરવા તૈયાર હતો. એક વાત તો હું જાણું છું કે એ પછી એનામાં જે ફેરફાર થયો તે આશ્ચર્યકારક હતો. માનવભંગાર બંધાણી મટી એ એકાએક સદ્‌ગૃહસ્થ બની રહ્યો હતો. દિવસમાં વીસવીસ ગ્રેઈન હેરોઈન લેનારો એ બંધાણી એક ઝપાટે એ વ્યસનની નાગચૂડમાંથી છૂટી ગયો હતો. હવામાં ધુમાડો ઊડી જાય તેમ એની કેફની ઇચ્છામાત્ર ઓસરી ગઈ હતી.

એક મહિને એ ઑસ્પિટલમાંથી છૂટયો ત્યાં સુધી એણે કોઈ પ્રકારનો કેફ કરવા પ્રયત્ન કર્યો નહોતો; અને એના જ્ઞાનતંતુઓને પણ કેફની જરૂર વરતાઈ નહોતી. એની તબિયત સુધરી. જીવન અંગેનો એનો દષ્ટિકોણ પણ સ્વસ્થ બની ગયો. નદીકાંઠાના બનાવ પછી એનો, જાણે કે પુનર્જન્મ થયો હતો.

આજે સવારે એને રજા આપી. એ ગયો ત્યારે હું હાજર નહોતો એટલે જતાંજતાં મારે માટે એક ચબરખી મૂકતો ગયો હતો. માત્ર એક જ શબ્દ તેના પર લખેલો હતો: 'પુનર્જન્મ'.

મને એનામાં ઇતબાર છે. મને ખાતરી છે કે એક દિવસ એ પાછો સજ્જન બની રહેશે.* □

* ડૉ. ફિલિપ ઈનમાનના લંડનના ઑસ્પિટલજીવનના અનુભવોના 'ધ હ્યુમન ટચ' પરથી.

લેખક
મધુસુદન ઢાંકી

રૌપ્યઘંટિકા શા રસોજ્જ્વલ કંઠ અને શ્રુતિસિદ્ધ સુષમ સ્વરનાં અજોડ સ્વામિની
કર્ણાટક તથા હિંદુસ્તાની સંગીત-સંપ્રદાય વચ્ચે સેતુ બની રહેલાં



કર્ણાટ દેશનાં
મહાન ગાનકલા-ધરિત્રી

# નીલમ્મા કડમ્બી

ચારેક વર્ષ અગાઉની વાત છે. રાત્રે સાડા નવ પછી રેડિયો પર ઉત્તર-દક્ષિણનાં જુદાંજુદાં સ્ટેશનો પરથી આવતાં શાસ્ત્રીય સંગીતમાં ક્યાં થોભવું તેની શોધમાં કાંટો ફેરવતાં એકાએક પ્રકાશરેખાના ઝબકારા જેવો નાદ સંભળાયો! આંગળીઓ સહસા અટકી ગઈ.

કંઠ ગાયિકાનો હતો. સ્ટેશન હતાં બૅંગ્લોર ભદ્રાવતી. સંગીત ચાલતું હતું કર્ણાટક શૈલીમાં. 'રૂપેરી ઘંટડી જેવો અવાજ' સરખું ઉપમાન તો નાનપણથી સાંભળતા આવ્યા છીએ, પણ તે અવાજ કેવો હોય તેનો પહેલી વાર અનુભવ થઈ રહ્યો હતો. ગાનારનું જેમ કંઠ-માધુર્ય અપૂર્વ હતું તેમ સ્વરની શ્રુતિઓ પણ અસાધારણ સુંદર હતી. ત્રાવણકોરના વાગ્ગેયકાર રાજા સ્વાતિ તિરુનાડ દ્વારા રચિત 'કુન્તલ વારાટી' રાગમાં લયનિબદ્ધ સંસ્કૃત કીર્તન 'ભોગીન્દ્ર શાયીનમ્' ગવાઈ રહ્યું હતું. સાથે વીણાની સંગત હતી, તાલ મૃદંગથી અપાઈ રહ્યો હતો. કૃતિના શબ્દોનો કાકુ અને રાગભાવ એકરસ થઈ, ગાયનના છન્દોલયમાં ભળી જઈ, રાગરૂપને અને પ્રાચીન ભારતના દિવ્ય મનાતા સંગીતની રસાનુભૂતિને એની પૂર્ણતામાં પ્રગટ કરી રહ્યાં હતાં. આટલું ઉદાત્ત, ભાવવિભોર, નિનાદપૂર્ણ અને લોકોત્તર કહી શકાય તેવું સંગીત જીવનમાં ક્વચિત્ જ સાંભળવા મળે. ગાન પૂરું થયું ને ઉદ્‌ઘોષકે કન્નડ ભાષામાં નામ જણાવ્યું: શ્રીમતી નીલમ્મા કડમ્બી.

નામ પહેલી જ વાર સાંભળ્યું. મહારાષ્ટ્રની કિરાના ઘરાનાની પ્રસિદ્ધ ગાયિકા શ્રીમતી હીરાબાઈ બરોડેકરના અત્યન્ત મધુર અને શ્રુતિપૂર્ણ ગળા, અને દક્ષિણ ભારતની વિખ્યાત ગાન-કલાધરિત્રી સ્વર-કોકિલા શ્રીમતી એમ. એસ. શુભલક્ષ્મીના જ્યોતિર્મય કંઠની બરોબર વચ્ચે મૂકી શકાય તેવો કંઠ લાગ્યો; ગાનશૈલી પણ ઉત્તર અને દક્ષિણના આદર્શોના મિલનસ્થાન શી, બન્નેના ઉત્તમાંશોના સંપુટ શી ભાસી.

એકાદ વર્ષ બાદ ફરી એક વાર આકસ્મિક રીતે એ જ સ્ટેશનો પરથી પ્રસારિત થઈ રહેલા સંગીતમાં શ્રીમતી કડમ્બીનો 'મોહનમ્' (હિં. ભુપાલી-દેશકાર) રાગનો આલાપ સાંભળવા મળ્યો. પુનઃ પ્રતીતિ થઈ કે આ તો દિવ્ય ગાન છે. આની પાસે બીજું બધું સંગીત હેઠ. પછી તો નીલમ્મા કડમ્બી ક્યાં રહે છે અને એમનું સંગીત ફરીને ક્યારે સાંભળવા મળે તેની શોધ ચલાવી. તેઓ મહીસુરમાં રહે છે તેવો પત્તો મળતાં કોઈક દિવસ પ્રત્યક્ષ મળવાનું થશે એવી ધારણા બંધાઈ; ને ગઈ સાલ પાકિસ્તાનના આક્રમણ અગાઉ પાંચ દિવસ પહેલાં મહીસુર તરફ સંશોધન-પ્રવાસે જવાનું થતાં એ મહાન કલાકારને તેમને નિવાસસ્થાને મળવાનો આકસ્મિક સુયોગ પ્રાપ્ત થયો.

સાઠ વર્ષ વિતાવી ચૂકેલાં, સૌભદ્ર અને સૌજન્યશીલ, ગૌરાંગ ગૌરવપૂર્ણ અને પ્રસન્નવદના નીલમ્મા કડમ્બીને પરિચય આપ્યા બાદ 'ભોગીન્દ્ર શાયીનમ્' સંભળાવવાની વિનંતી કરી. નિરાડમ્બરી, સરલમના શ્રીમતી નીલમ્માએ તરત જ વીણા હાથમાં ગ્રહી સૂરો આરાધવા શરૂ કર્યા. એમની દૃષ્ટિ હતી અંદરના ખંડમાં રહેલા કાષ્ઠના કૃષ્ણમંદિર તરફ. કૃષ્ણમૂર્તિ પાસે જલતો મહીસુરી ચન્દન-ધૂપનો પરિમલ વાતાવરણમાં અનાયાસે છવાઈ રહ્યો હતો. સરસ્વતીવીણાના સૂરોની સાથે એમના આલાપના પ્રારંભિક સ્વરો એવા તો એકરસ થઈ વહેતા હતા કે સ્વયં વીણા જ ગાઈ રહી હોય તેવો ભાસ ઊઠી રહ્યો હતો. શ્રુતિઓ એટલી અદ્‌ભુત હતી કે તેનો લગાવ-ઠહેરાવ થતાંવાર જ હર્ષાશ્રુ વહેવા લાગ્યાં. ગાન્ધર્વનો ચેતસ તેમના સ્વરોના વ્યાપમાં ઝબકી રહેલો જોઈ, નિઃશબ્દ બની એકચિત્તે સાંભળવા સિવાયનો વ્યાપાર અહીં વ્યર્થ હતો. કીર્તન આગળ ચાલ્યું, ને 'પદ્મ પદ્મનાભમ્' આવતાં તેમાં ભગવાન પદ્મનાભ પ્રતિ સમર્પણનો ભાવ, 'સુલલિતાકારં મહિનમ્'માં લાલિત્યનો સ્પર્શ, એમ શબ્દે શબ્દે સાહિત્યનો કાકુ અને રાગ-રસ એકરૂપ બની વહેવા લાગ્યાં. સંગીતમાં કૃષ્ણભક્તિનો, કાવ્યના અર્થ-વૈમલ્યનો, રાગના સ્પષ્ટ આનંદકારીત્વનો, તેના ઉચ્ચતમ સ્તર પર સર્વોચ્ચ લલિત રૂપે દર્શન થવાનો આ પ્રથમાનુભવ હતો.

એ પછીના પાંચ દિવસ રોજ સવારસાંજ તેમનું સંગીત સાંભળવા તેમની પાસે જતોઆવતો રહ્યો. કર્ણાટક સંગીતને તિરસ્કૃત-બહિષ્કૃત માનનાર ઉત્તરવાસીઓનો એક પ્રતિનિધિ એને આટલા આદર અને ઉત્કટતાથી સાંભળે છે એ જોઈ તેમની આંખોમાં આંસુ આવી ગયાં. એમણે પછીથી કર્ણાટકના સન્ત પુરન્દરદાસના ગુરુ વ્યાસજીએ રચેલા 'યમુનાકલ્યાણી (હિં. યમન કલ્યાણ) રાગમાં અનુબદ્ધ કન્નડ પદ 'કૃષ્ણાની બેગનિ બારો', તમિલનાડના વાગ્ગેયકાર મુથ્થુસ્વામી દીક્ષિતરની 'હંસધ્વનિ' રાગમાં નિબદ્ધ પ્રસિદ્ધ સંસ્કૃત કૃતિ 'વાતાપિ-ગણપતિં ભજે હમ્', અને કવિ લીલાસૂકાના કૃષ્ણભક્તિના સંસ્કૃત શ્લોકો રાગમાલિકાના રૂપમાં ગાતાં. વચ્ચે વચ્ચે તેમની શૈલી વિષે, સંગીતશિક્ષણની બાબતમાં તેમજ તેમની કૌટુમ્બિક પાર્શ્વાદ્‌ભૂ વિષે પણ કેટલીક પ્રાસંગિક વાતો થઈ.

નીલમ્માના પિતા વ્યંકટાચાર મહીસુરના પ્રસિદ્ધ વીણા-વિદ્વાન હતા. માતા પણ સંગીતકારોના કુટુમ્બમાંથી આવેલાં. પણ પિતાનો દેહાન્ત નીલમ્માની છ વર્ષની વયમાં જ થઈ જતાં સંગીતની વ્યવસ્થિત

તાલીમ શૈશવકાળે ન મળી શકી. એ વખતે તેઓ મહીસુરમાં પણ રહેતાં નહોતાં, તેથી અન્ય કોઈ પ્રબન્ધના અભાવે માતાએ પોતે જાણતાં હતાં તે કૃતિઓ શીખવવી શરૂ કરીને પુત્રીનો કંઠ તૈયાર કરવા માંડયો. સાથેસાથે પૂર્વજોના સમયની, સો વર્ષ પુરાણી 'સરસ્વતી વીણા' ઉપર નીલમ્માએ હાથ બેસાડવો શરૂ કર્યો. શ્રીયુત્ કડમ્બી સાથેના લગ્ન બાદ એ સહૃદયી, સંગીતપ્રેમી પતિએ મહીસુર રાજ્યના દરબારી વૈણિક લક્ષ્મીનારાયણપ્પા પાસે નીલમ્માને વીણાવાદનની વ્યવસ્થિત તાલીમ શરૂ કરાવી. સાથે જ મહીસુરના ભારતવિખ્યાત વાયોલિનવાદક ચોડૈય્યા પાસે કન્નડ શૈલીનું દક્ષિણી કંઠસંગીત શીખડાવવાનું શરૂ કર્યું. મહીસુરના દરબારમાં તે સમયે હિન્દુસ્તાની ગાયકો પણ રહેતા અને એથી મહીસુરના કર્ણાટકી સંગીતકારો હિન્દુસ્તાની ખયાલ સંગીત, તેના રાગો અને મરાઠી સંગીતથી પૂરતા પરિચિત હતા. આ સર્વનો લાભ એમને આગળ ઉપર મળ્યો જેણે એમની શૈલીના ઘડતરમાં ભાગ ભજવ્યો.

તાલીમનાં વર્ષો દરમિયાન મહીસુર તેમજ મદ્રાસમાં થતા સંગીતોત્સવોમાં તેમને મુસરિ સુબ્રહ્મણ્યમ્ આયર, અરિયકુડિ રામાનુજમ્ આયંગાર, ચેમ્બાઈ વૈદ્યનાથ ભાગવતર, શેમંગુડી શ્રીનિવાસ આયર જેવા કર્ણાટક સંગીતના ધરખમ અને લબ્ધપ્રતિષ્ઠ ગાયકોને સાંભળવાની તકો મળતી રહી. વૈણિકોમાં કારયકુડિ બંધુઓ ને વ્યંકટગિરિઅપ્પાનાં નામ ગણાવી શકાય. વ્યંકટગિરિઅપ્પા પાસેથી થોડું શીખવા પણ મળ્યું. નીલમ્માના કંઠનો પ્રકાર, આભિજાત્ય અને ભાવ પ્રગટ કરવાની શક્તિ જોઈ, પટ્ટણમ્ સુબ્રહ્મણ્યમ્ આયરના પ્રખ્યાત શિષ્ય વાગ્ગેયકાર મહીસુર વાસુદેવાચાર્યે તેમને ભાવભંગિમાના પ્રગટીકરણની વિશેષ તાલીમ આપી અને કર્ણાટકસંગીતમાં પ્રચલિત એવા ગમકોનો પ્રયોગ અલ્પ માત્રામાં જ કરવાની સલાહ આપી; અને તે માટે બન્દિશો બેસાડી આપી.

આટલી તૈયારી પછી શ્રીમતી નીલમ્મા કડમ્બીએ પોતાની પ્રકૃતિ, રુચિ ને કંઠની વિશિષ્ટતા અનુસાર ગાયનની નિજસ્વી શૈલીનું નિર્માણ કરવા માંડયું. એમનો ઝોક શાન્તરસ લક્ષી માર્દવપૂર્ણ તેમજ પ્રસન્નકર ગાન તરફ હોઈ, અને લયતત્ત્વને અવિચળ રાખીને સ્વરના સૌન્દર્યને પૂર્ણરીતે ખીલવવા તરફ, તેમજ સાહિત્યભાવ, રસ અને કાકુને ઉદયમાન કરવા પરત્વે રહ્યો હોઈ, એમણે દ્રાવિડી સંગીતની ભારે ભારે કમ્પિત-આન્દોલિત ગમકો અને બુલન્દ સ્વરપાત, જટિલ પેચદાર અને ક્લિષ્ટ લયકારી, તથા કેવળ વૈયાકરણીય રીતિનો ત્યાગ કર્યો. રાગનું સાચું સ્વરૂપ, સ્વરોનો ઠહેરાવ અને મીંડ સાથેની ખિલવટ તથા સાહિત્યના સુસ્પષ્ટ ઉચ્ચારણ પર વિશેષ ભાર મૂકયો; અને અહીં એમણે હિન્દુસ્તાની સંગીતમાંથી પ્રેરણા લઈ ઘટતાં તત્ત્વો પૂરાં કર્યાં. પરિણામે તેમની ગાયનમુદ્રા, વર્ણ ઢંગ અને નાદાત્મકતા, કર્ણાટકી રહેવા છતાં તેમાં હિંદુસ્તાની સંગીતની મીઠાશ ભળતાં તેમનું સંગીત મધુરતાનો અવતાર બની ગયું! કર્ણાટકી કણસ્વરો ને અલ્પ ગમકો સાથે હિન્દુસ્તાની સંગીતની ત્વરિત તાનોના નાનાનાના ટુકડાઓ જોડી, સ્વરના રસાયનથી તેને એકરૂપત્વ આપી એમણે નિજી આગવી અને વૈશિષ્ટ્યપૂર્ણ ગાયકીને જન્મ આપ્યો.

શ્રીમતી નીલમ્માનું આ સંગીત લયપ્રધાન ન હોઈ તેમ જ તેમાં સ્વરપ્રસ્તાર અને ગમકોની જબરાઈ તથા પ્રદર્શન ન હોઈ, તમિળનાડ અને મહીસુરના દ્રાવિડી પરમ્પરાના ગાયકો એમના કંઠના મોંફાટ વખાણ કરવા છતાં તેમના સંગીતને 'હળવું શાસ્ત્રીય' મનાવે છે. વાસ્તવમાં તેમની શૈલીમાં કર્ણાટદેશની ગાયકીનાં મૂળ તત્ત્વો સારા પ્રમાણમાં હોઈ, તે પુરન્દરદાસના સંગીતની વધુ નજીક ને વર્તમાન તાંજોરી-દ્રાવિડ સંગીતથી પ્રમાણમાં દૂર છે. એમનું સંગીત કલાતત્ત્વ પર ભાર દેતું હોઈ, શ્રુતિની સચ્ચાઈ ને સ્વરના સૌન્દર્ય પર નિર્ભર રહે છે; અને તેથી ઉપલક દૃષ્ટિએ સરળ દેખાતી તેમની શૈલીનું અનુસરણ સાધારણ કોટિનું ગળું ધરાવનાર અસિદ્ધ ગાયકો માટે શકય નથી. આથી એમની પાસે શીખવા આવનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ બહુધા વીણાવાદનની તાલીમ લઈ સંતોષ માને છે.

ગઈ પચ્ચીસીમાં મહીસુરમાં કુલીન કુટુમ્બોમાં સ્ત્રીઓ માટે સંગીત કેવળ નિજાનંદનું અને સંસ્કારિતાના માનદંડનું સાધન ગણાતું; તેનો ઉપયોગ ઘર પૂરતો જ સીમિત હતો. શ્રીમતી નીલમ્માનું આ દિવ્ય સંગીત બહારના કોઈને કદાચ સાંભળવા જ ન મળત, જો કેટલાક પ્રસંગો તે સમયે બન્યા ન હોત તો. ઈ. ૧૯૩૫માં થએલા બિહારના ધરતીકંપમાં ભોગ બનેલાંઓની રાહત માટે ધન અને વસ્ત્રાદિ એકત્ર કરવા સારુ શ્રીમતી નીલમ્માએ પતિની અનુમતિથી પોતાની સંગીતકલાનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો, અને તે માટે સંગીતના જાહેર કાર્યક્રમો આપ્યા. તે જોકે હજુ સ્ત્રીમંડળો પૂરતા જ મર્યાદિત હતા, પણ આ કાર્યક્રમોથી તેમની અપૂર્વ સ્વરસિદ્ધિ પ્રકાશમાં આવી અને તેમના કંઠની ખ્યાતિ ચોગમ પ્રસરી. આ તારીફથી આકર્ષાઈ મદ્રાસ રેડિયો સ્ટેશને તેમને સંગીત કાર્યક્રમો આપવા નિમંત્ર્યાં. ઈ. ૧૯૩૯ થી ૧૯૪૬ સુધીમાં મદ્રાસ અને તિરુચી સ્ટેશનથી તેમનું સંગીત ઘણી વાર વહેતું થયું. તે પછી તો વિજયવાડા, હૈદરાબાદ અને મહીસુર સ્ટેશનોથી પણ તેમણે કાર્યક્રમો આપવા શરૂ કર્યા. ધારવાડ રેડિયોસ્ટેશન ખુલ્લું મુકાયું ત્યારે આમંત્રિત કલાકારોમાં શ્રીમતી નીલમ્મા કડમ્બી પણ હતાં. તે વખતનું તેમનું સંગીત સાંભળી આગ્રાના એક ઉત્તરવાસી અવલોકનકારે 'લિસનર' પત્રમાં તેમના સંગીતની ખૂબ પ્રશંસા કરી. બૅંગ્લોર રેડિયો-સ્ટેશનનું ઉદ્‌ઘાટન તો તેમના સંગીતના મંગલધ્વનિથી કરી ઑલ ઇંડિયા રેડિયોએ એમના ઈશ્વરી કંઠને સન્માન્યો. એક વાર એમ. એસ. શુભલક્ષ્મી વિજયવાડા રેડિયો પર કાર્યક્રમ દેવા જઈ શકે તેમ નહોતાં. પ્રસંગ મહત્ત્વનો હતો. તેમને બદલે તેમની કક્ષાનો કંઠ આપી શકે તેવું કોણ જાય તેવો પ્રશ્ન ઊભો થયો. શ્રીમતી શુભલક્ષ્મીએ જ તેના તોડ કાઢ્યા. તેમણે એક જ નામ સૂચવ્યું: નીલમ્મા કડમ્બી.

આ રેડિયો-કાર્યક્રમોથી એમના સંગીતની નામના લંકા, બ્રહ્મદેશ ને મલયેશિયા સુધી ફેલાઈ. એમના સંગીત-શ્રોતાઓના પ્રશંસાત્મક અનેક પત્રો એમને મળવા લાગ્યા, અને ઘણા સંગીતસમાજો તરફથી સંગીતોત્સવો માટે આમંત્રણો આવવા લાગ્યાં. પરંપરાપ્રેમી મહીસુરમાં ખાનદાન કુટુંબો માટે તે સ્વીકારવાં એકદમ શકય નહોતું. છેવટ એ યુગની રૂઢિનાં બંધન તોડી એમણે જાહેર કાર્યક્રમો આપવા શરૂ કર્યા અને મહીસુર ઉપરાંત મદ્રાસ, હૈદરાબાદ, મુંબાઈ, પૂના આદિ નગરોમાં તેમણે ગાયું. બીજા વિશ્વયુદ્ધને કારણે લંકા ને મલયેશિયાનાં આમંત્રણો તેઓ સ્વીકારી શકેલાં નહિ. તે અરસામાં મહીસુરમાં મળેલા 'ઇંડિયન હિસ્ટરી કૉન્ગ્રેસ'ના વાર્ષિક સંમેલનમાં અને 'ઑલ ઇંડિયા ફિલૉસૉફિકલ કૉન્ફરન્સ'માં તેમણે આપેલા સંગીતના કાર્યક્રમો ઉત્તર ને દક્ષિણ એમ બંને વિભાગોના સભ્યોને એકસરખા સ-રસ લાગ્યા, અને તેમના ગાનના અભિજાત્યની ખૂબ પ્રશંસા થઈ. ઉત્તરના પ્રતિનિધિઓ તરફથી તેમને, ઉત્તર ભારતનાં નગરોનો પ્રવાસ કરી કર્ણાટક સંગીતનાં સાચાં અને ઉદાત્ત તત્ત્વોની ખુશ્બૂ, કેવળ હિંદુસ્તાની સંગીતથી જ ટેવાએલા ત્યાંના શ્રોતાજનો સમક્ષ લાવવા અનુરોધ થયો. ઑલ ઇંડિયા રેડિયોનાં ઉત્તરનિવાસી શ્રીમતી નિર્મલા જોશી તો એમના સંગીતની રસોજ્જ્વલતાથી એટલાં ખુશ થઈ ગએલાં કે પોતાના મહીસુરનિવાસ દરમિયાન તેઓ નીલમ્માને સાંભળવા દરરોજ તેમને ઘેર જતાં! ઉત્તરવાળા જો આ પ્રકારનું કર્ણાટક સંગીત સાંભળે તો તેઓ કર્ણાટક સંગીત સાંભળતા-સમજતા થઈ જાય એવી પ્રશંસાત્મક ટીકા પણ તેમણે તે વખતે કરેલી.

ઈ. ૧૯૪૬ થી ૧૯૫૭ એમના સંગીત-કાર્યક્રમો આન્ધ્રપ્રદેશ અને પશ્ચિમી કર્ણાટકમાં વિશેષ લોકપ્રિય બન્યા. પ્રસિદ્ધ વૃત્તપત્રો-'હિન્દુ', -'આનંદ વિકટન્', 'ઓરીએન્ટ' આદિમાં તેમના સંગીત વિષે અવલોકનો આવતાં રહ્યાં. વચ્ચે ૧૯૫૫માં તેઓએ દિલ્હીમાં (અનુ. પૃ. ૧૭૯)

# સાહિત્યસંપર્ક

## સ્વ. મનુભાઇ ત્રિવેદી 'સરોદ'

'સરોદ'ના ઉપનામથી ભજનો ને 'ગાફિલ'ના તખલ્લુસથી ગઝલો,—એમ, એક રીતે કહીએ તો, બે નિરાળા જ કાવ્યપ્રકારો ઉત્તમ રીતે ખેડીને આપણી કવિતાને રસવતી કરનાર શ્રી મનુભાઈ ત્રિવેદીનું ગઇ ૯મી એપ્રિલની રાત્રે અકાળ અવસાન થઈ ગયું.

હજી માંડ મહિના પહેલાં તો અહીંની સ્મૉલ કૉઝિઝ કોર્ટના જજ થઈને અમદાવાદ આવ્યા છે; તા. ૮મીને શનિવારની રાતના મુશાયરામાં હજી બે કલાક પહેલાં તો સૌ શાયરોની વચ્ચે બેસી કવિતાની અને ઉમદા માનવતા દાખવતા કોર્ટના કેસની રસપૂર્વક વાતો કરી છે; અને પછી, કાર્યક્રમમાં એમનું નામ ન હોતાં શ્રોતાઓના આગ્રહથી મંચ ઉપર આવીને પોતાની એક ગઝલ ચોટદાર રીતે રજૂ કરીને શ્રોતાઓની દાદ ઉપર દાદ મેળવી છે; એટલામાં જ, પોતાની જગ્યાએ જઇને બેઠા પછી, બીજો કાર્યક્રમ માંડ શરૂ થાય છે ત્યાં, ચક્કર આવવાની ફરિયાદ કરીને એ ઢળી પડયા! ઑડિયન્સમાંથી દાક્તર દોડી આવ્યા; દોડાદોડ દવાખાને લઈ જઈ સારવાર કરી; પણ મગજની નસ તૂટી ગઈ હોવાથી બેભાન અવસ્થામાં જ બીજે દિવસે રવિવારની રાત્રે આઠ વાગ્યે એ ગુજરી ગયા.

અમારો પરોક્ષ પરિચય તો પાંત્રીસેક વર્ષ જૂનો. કૉલેજકાળથી એ કાવ્યો લખતા. ઉપરાંત, ગુજરાત કૉલેજમાં હૉકીના ઉત્તમ ખેલાડી તરીકે પ્રિન્સિપલના પ્રીતિપાત્ર. એલએલ.બી. થઈને થોડી વકાલત કર્યા બાદ ન્યાયખાતામાં સેવા સ્વીકારી, અને સિવિલ જજ તરીકે ગુજરાત-સૌરાષ્ટ્રનાં શહેરોમાં પોતાની સુજનતા અને ઉચ્ચ ન્યાયવૃત્તિથી પ્રજા તેમજ સરકાર બંનેમાં માન મેળવ્યું. એથી જ તો, આવતા



જુલાઈમાં તો નિવૃત્તિ-મુદત આવતી હતી છતાં આ ચારપાંચ માસ માટે પણ સરકારે એમને સિવિલ જજને સ્થાનેથી અહીંના સ્મૉલ કૉઝિઝ કોર્ટના જજ તરીકે બઢતી આપેલી.

ચાર્જ લઈને બીજે જ દિવસે કાગળ લખી મળવા આવ્યા. પ્રત્યક્ષ તો એ, જીવનભરમાં અમારી બીજી મુલાકાત; પણ વાતોમાં સહૃદયતાનો રણકો એવો, કે જાણે વર્ષોથી નિકટ હોઈએ! કલાકેક વાતો કરી,—અલબત્ત, કવિતાની; ખાસ કરી ભજનોના અનુસંધાનમાં સધાએલી પોતાની ઈશ્વરાભિમુખતાની. સૌરાષ્ટ્રમાંની કામગીરી દરમિયાન ભજનિકો ને સાધકોના પરિચયમાં આવેલા ત્યારથી સંસાર પરત્વે નિરામયતા—એક પ્રકારની વિરક્તતા આવતી રહેલી. ઘણીવાર ઘેર પણ રાત્રે ભજનિકોની મંડળી જામે. જાતે એકતારા પર ગાતા યે ખરા—ભાવવિભોર થઈને—, એમ મિત્રો પાસેથી સાંભળેલું. અહીં આવ્યા બાદ અહીંના પણ એક સાધક સંતની ભાળ મળેલી તેમનો સમાગમ કરી આવેલા.

એમની કવિત્વશક્તિ ભજનો-ગઝલોમાં જ મર્યાદિત ન હતી. વસ્તુતઃ એ તો પાછળથી પાંગરેલાં. શરૂઆત તો એમણે ગીતો અને છંદોબદ્ધ કાવ્યોથી કરેલી. સરસ સૉનેટો લખ્યાં છે. હજી થોડા માસ પહેલાં, 'કુમાર'માં પ્રકટ થતી ગઝલકારોની પરિચયમાળામાં એમના પરિચય સાથે પ્રકટ કરવા અમે એમનો ફોટોગ્રાફ મંગાવેલો, તે માટે જૂના ફોટોગ્રાફો ઉખેળતાં જાગેલા ભાવ ઉપર એક સુંદર સૉનેટ લખી મોકલેલું. એમાં વાત એવી છે, કે જૂના ફોટોમાં જે સ્મિત અને હાસ્ય હતાં તે આજના આ ચહેરા પર હવે નથી. કહે છે:

નિહાળું છું ફોટા ઢળતી વય કેરા, વિરમતું
દિસે છે તોફાની સ્મિત, છલકતી છોળ જળની
યથા ઢોળાઈને ધરણી પર ક્યાં યે ન દીસતી
તથા; ના તે નેને, નહિ મુખ વિષે, ના કયહીં યતે.

પાણીની છોળ જમીન પર ઢોળાઈને વિલાઈ જાય એમ એ સ્મિત હવે અદૃશ્ય થઈ ગયું છે...

અને પછી, છેલ્લે ચિંતવે છે:

નિહાળીને મારું જરઠ મુખ આંખો હસી પડે;
છબી પાડે કોઈ! અવ સમય જાણે સ્મિત કરે!

સ્વભાવ અને આત્માની નિર્મળતા દાખવતા સ્વચ્છ, મોતીના દાણા જેવા અક્ષરો; ઘંટાએલા ભજન જેવા ઘેરા મધુર અવાજે વાતો કરે ત્યારે નરી નિખાલસતા નીતરે. એવી જ દિલસચ્ચાઈ એમનાં કાવ્યોમાં. ઓજ અને માધુર્ય બને

## શબ્દકથા: નાનાલાલ · નાનું · નાના

બાળક માટે વપરાતું સામાન્ય નામ વિશેષ નામ બની બેસે તેનું ઉદાહરણ 'નાનાલાલ' (અને તેની સાથે સંકળાએલાં તેવાં બીજાં નામો) છે. નાનો છોકરો 'નાના' એમ સંબોધાય કે 'નાનો' એમ તેનો નિર્દેશ થાય તે ઉપરથી 'નાનાલાલ' એવું નામ સૂઝેલું છે—જેમ 'કેશવલાલ', 'હરિલાલ' તેમ 'નાનાલાલ'. નામાંત 'ભાઈ' લાગીને 'નાનાભાઈ', 'જી' લાગીને 'નાનજી', લાડવાચક 'ઉ' લાગીને 'નાનુ' વગેરે એ જ રીતે સધાયાં છે. 'નન્નુ' પણ વપરાય છે.

વિશેષણ તરીકે વપરાતા 'નાનું'નું જૂનું રૂપ 'નહાનું' છે. પ્રાકૃતમાં 'નન્હ' અને 'લન્હ' છે. તેમના મૂળમાં સંસ્કૃત 'શ્લક્ષ્ણ' છે. 'શ્લક્ષ્ણ' એટલે 'સુંવાળુ', કોમળ, ઓપેલું, ઝીણું, બારીક'. પ્રાકૃત 'લન્હ' કે 'લણ્હ' પણ એ જ અર્થ ધરાવે છે. 'કર્પૂરમંજરી' નામના પ્રાકૃત નાટકમાં જ્યોત્સ્નાની કોમળતા, ચંદનલેપની સુંવાળપ અને સ્નાનવસ્ત્રનું બારીક પોત તથા સુંવાળપ દર્શાવવા આ વિશેષણ વપરાયું છે. પછીથી 'બારીક' એ અર્થ ઉપર ભાર અપાવા લાગ્યો, અને અર્વાચીન ભાષાઓમાં ગુજરાતી 'નાનું', હિન્દી 'નન્હા', મરાઠી 'લહાન' વગેરેમાં એ શબ્દ 'અલ્પ', 'લઘુ' વગેરે અર્થમાં જ મર્યાદિત બન્યો. આપણે તેનાં વિવિધ લઘુતાવાચક પ્રત્યયો વડે વિવિધ સ્વરૂપ સાધ્યાં છે: 'નાનકો', 'નનકો', 'નાનિયો', 'નાનડિયો', 'નાંનલો' ઉપરથી પ્રાદેશિક 'નાંધલો' અને 'નાલ્લો'; તે જ પ્રમાણે 'નાનડિયો' ઉપરથી પ્રાદેશિક 'નાંધડિયો'; અને 'નાનકડો', 'નનકુડો' જેવાં વિસ્તારિત રૂપો પણ જાણીતાં છે.

'નાનુ' ઉપરાંત 'નીનુ' એવું વિશેષ નામ પણ જાણીતું છે. એ કાં તો 'નાનુ' ઉપરથી બનાવી કાઢેલું લાડવાચક રૂપ હોય (નાના ઉપર 'ચીનુ'નો પ્રભાવ પડતાં 'નીનુ') અથવા તો સંસ્કૃત 'નિમ્ન' (=નીચું, ઠૂંઠું), પ્રાકૃત 'નિન્ન' ઉપરથી ઊતરી આવ્યું હોય. 'કકુડો' ને 'કીકલો' તથા 'ગગો' ને 'ગીગલો' એ જોડીઓ પણ આ સંબંધમાં સરખાવી શકાય.

માના બાપા માટે જે 'નાના' શબ્દ પ્રચલિત છે તેનું મૂળ લઘુત્વવાચક 'નાનું'ના મૂળથી સાવ જુદું છે. પ્રાકૃતમાં 'નણ્ણ' કે 'નન્ન' શબ્દ 'મોટા ભાઇ' એવા અર્થમાં નોંધાયો છે. આ સાથે સરખાવો 'દાદા' શબ્દનો હિન્દી અને બંગાળી જેવી ભાષામાં થતો 'મોટા ભાઇ' એવો અર્થ. આવા બધા સગાઈસંબંધના વાચક શબ્દોનું મૂળ અજ્ઞાત છે. મૂળમાં તે બાળભાષાના શબ્દો હોવાનો ઘણો સંભવ છે.

હરિવલ્લભ ભાયાણી

એમની કવિતામાં ખરાં; પણ એથી યે વધુ તો એનો પ્રસાદગુણ. સૉનેટ હોય, ભજન હોય કે ગઝલ,વાંચવા-સાંભળવાની સાથે જ એનો ભાવ હૃદયમાં ઊતરી જાય. એમના ભજનસંગ્રહને રાજ્યપારિતોષિક પણ મળેલું. મૃત્યુ પહેલાં દસેક મિનિટે મુશાયરામાં રજૂ કરેલી જે ગઝલ-ને ખૂબ દાદ મળેલી તે જ જોઈએ: જીવન ને જગતના વૈવિધ્ય વિષે એમાં કહે છે:

જુદી જિંદગી છે, મિજાજે મિજાજે,
જુદી બંદગી છે. નમાજે નમાજે.
છે એક જ સમંદર, થયું એટલે શું?
જુદા છે મુસાફર, જહાજે જહાજે.
હઠી જાય ઘુંઘટ, ઢળી જાય ઘુંઘટ,
નવી પ્રીત જાગે મલાજે મલાજે.

અને પછી એમણે કહેલું—

જીવન જેમ જુદાં છે. કાયામાં જુદી,
છે મૃત્યુ ય જુદાં, જનાજે જનાજે!

એમ એમનું યે મૃત્યુ કોઈ જુદું જ બની રહ્યું: ભરમેદની વચ્ચે, ઓચિંતું, અચાનક, આપણે માટે આઘાતજનક...

પણ એમને માટે એ કદાચ અચાનક ન હતું. વચ્ચે હૃદયરોગનો હુમલો ને માંદગી આવી ગ-એલાં. એ પછી જાણે તૈયાર જ હતા એમ એમના પત્રો ને વાતોમાંથી અણસાર આવતો. એટલે એ તો જાણે આઘાત વિના, ઊભાન અવસ્થામાં સરી પડ્યા ને તેમાં જ તિરોધાન પામ્યા.

એમના જેવો ઈશ્વરાભિમુખ થઈ રહેલો આત્મા તો, ઈશ્વરના સાન્નિધ્યમાં, હવે પરમ શાંતિમાં જ હશે. —બ. રાં.

(આકાશવાણીના સૌજન્યથી)

## ભારતીય દુર્ગવિધાન

શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા અને શ્રી મધુસૂદન ઢાંકી જેવા વાસ્તુશાસ્ત્રના આપણા



ઊંડા અભ્યાસીઓએ મધ્યકાલીન સાહિત્ય-નો સુપેરે વિનિયોગ કરીને પ્રાચીન કિલ્લાઓ તથા તેની રચના વિષેની શ્રદ્ધેય અને સચિત્ર માહિતી ઉપર્યુક્ત ગ્રંથમાં એકઠી કરી આપી છે. એમાં મહદંશે પશ્ચિમ ભારતના કિલ્લાઓના અ-વશેષો તથા વાસ્તુશાસ્ત્રમાં તે અંગે આપવામાં આવેલી માહિતીને આધારે એમણે દુર્ગરચના અને દુર્ગોની ઉપયોગિતા વિષે વિગતપૂર્ણ અને વિશદ છણાવટ કરી છે. સાથે સુંદર છપાઈમાં પ્રાચીન દુર્ગોના જે ચૌદેક ફોટોગ્રાફો તથા નગર-ના દરવાજાઓની રચના કેવી હોવી જોઇએ તે સ્પષ્ટ કરવા માટે પ્રાચીન યુદ્ધશાસ્ત્ર તથા સ્થા-પત્યને લગતા અધિકૃત ગ્રંથોને આધારે એમાં જે કેટલાંક કોષ્ટકો આપ્યાં છે તે આ ગ્રંથની ઉપયોગિતામાં વધારો કરે છે.

ચાર પ્રકરણમાં વહેંચાએલા આ ગ્રંથમાં ૧) દુર્ગ અંગેના પ્રાચીન તથા મધ્યકાલીન સાહિ-ત્યની ચર્ચા, ૨) દુર્ગના પ્રયોજન અંગે વિચા-રણા, ૩) દુર્ગની જાતો વિષેનો ખયાલ તથા ૪) દુર્ગનાં વિવિધ લક્ષણોનું વિગતપૂર્ણ નિરૂપણ કર્યું છે. આ પ્રકરણોનું વાચન આપણા ભુલાતા જતા દુર્ગો અંગેનું જ્ઞાન વધારે છે અને પ્રાચીન

# મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



## મૃણાલિની સારાભાઈ

કેરળના ખ્યાતનામ વકીલ ડૉ. સ્વામીનાથન ને સામાજિક કાર્યકર શ્રીમતી અમ્મુ સ્વામીનાથન-નાં પુત્રી તથા વિખ્યાત વિજ્ઞાની ડૉ. વિક્રમ સારાભાઈનાં પત્ની. સ્વિટ્ઝર્લૅન્ડ ને શાંતિનિકેતનમાં અભ્યાસ કરવા સાથે એમણે વિવિધ નૃત્યશૈલીઓનાં અધિકૃત જ્ઞાતાઓ પાસેથી બૅલે, સૅરોતી, દાલક્રોઝ વગેરે પશ્ચિમી, તથા ભરતનાટ્યમ્, કથકલી, કુચીપુડી વગેરે ભારતીય નૃત્યપ્રકારોની ઊંડી તાલીમ લઈ, પોતાની પ્રયોગશીલતા વડે તેના સુંદર સમન્વય સાધી જગતભરમાં પ્રતિષ્ઠા સ્થાપી છે. નૃત્યાનુકૂળ પોશાકો, રંગમંચની સજાવટ અને એને આનુષંગી અનેક બાબતોમાં નિજી-સૂઝ ને કલાદૃષ્ટિ વડે પોતાની આગવી પ્રતિભા ઘડી છે. અમદાવાદમાં 'દર્પણ' સંસ્થા દ્વારા નૃત્ય-નાટ્ય ક્ષેત્રે અનેક પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ તૈયાર કરી ગુજરાતના સંસ્કારધનને વધાર્યું છે.

૧ 'દર્પણ'ની સ્થાપના પાછળનાં આપનાં આશય અને પ્રવૃત્તિ?

ઉ. ગુજરાતમાં શાસ્ત્રીય નૃત્યના પ્રચાર અને વિકાસ માટે ઈ. ૧૯૪૮માં તેની સ્થાપના કરી. હાલ ભરતનાટ્યમ્, કથકલી, કુચીપુડી ઈત્યાદિ નૃત્યશૈલીના વર્ગો ઉપરાંત, કઠપૂતલી, સંગીત તથા નાટ્યકલાના વર્ગો ચાલે છે અને તેના પ્રયોગો યોજાય છે.

૨ ભારતીય નારી માટે કયો પોશાક આપને વધુ ગમે છે?

ઉ. મારી દૃષ્ટિએ ભારતીય નારી માટે સાડી એ સુંદર અને ઉત્તમ પોશાક છે. પરદેશમાં પણ તેની અનુકૂળતા તથા સૌંદર્ય-ને કારણે સાડી લોકપ્રિય થતી જાય છે.

૩ અચ્છા નૃત્યકાર થવા શાની આવશ્યકતા હોવી જોઈએ?

ઉ. તંદુરસ્ત શરીર, ભાવવાહી મુખ, બુદ્ધિચાતુર્ય, સતત તાલીમ, ઇચ્છાશક્તિ, ઉપરાંત ઉત્કટ સાધના દરેક કલાકાર માટે ખાસ આવશ્યક છે.

૪ નૃત્યકલાને ચિરસ્થાયી બનાવવા આપ શી અભિલાષા રાખો છો?

ઉ. એ માટે સરકારે દરેક રાજ્યમાં ઉચ્ચ કોટિનાં કલાકારો દ્વારા સંચાલિત 'નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ' સ્થાપવાં જોઈએ.

૫ આપને આપના જીવનની સાર્થકતા શામાં લાગે છે?

ઉ. મારી વિદ્યાર્થિનીઓને દુનિયામાં અનેક સ્થળે નૃત્યવર્ગો ને પ્રયોગો દ્વારા આપણી સંસ્કૃતિનો પ્રચાર કરતી જોઉં તેમાં.

૬ આપનો ખાસ શૉખ?

ઉ. નૃત્ય ઉપરાંત લેખનનો. નૃત્યકારના જીવન વિષેના મારા પુસ્તકનો ગુજરાતી અનુવાદ 'દેવદાસી'નામે પ્રસિદ્ધ થયો છે.

૭ સંગીતમાં આપને પ્રિય રાગો કયા?

ઉ. દરેક રાગને પોતાનો ભાવ હોય છે, જે મનુષ્યના મનો-ભાવને સ્પર્શે છે અને રસ ઉત્પન્ન કરે છે. નૃત્યની રચના વખતે તેના રસ તથા ભાવને લક્ષમાં રાખી હું રાગની પસંદગી કરું છું.

૮ નૃત્ય અને સંગીત વચ્ચેનો સંબંધ કેટલો?

ઉ. गीतं वाद्यं तथा नृत्यं त्रयं संगीतमुच्यते આ વ્યાખ્યા મુજબ નૃત્ય અને સંગીતનો વિકાસ એકસાથે જ થાય છે. બંને કલાઓ એકમેકની પૂરક છે.

મૃણાલિની સારાભાઈ

# ઊર્મિની ઓળખ —[૩૨]

**નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય**

**—કરાવનાર · જલન માતરી**



**મૂસા યુસુફ નૂરી**

ભાઈશ્રી મૂસા યુસુફ નૂરી ગઝલ સાહિત્યમાં 'નૂરી'ના નામે જાણીતા છે. પોતાની અટકમાંથી જ તખલ્લુસ ધારણ કરીને ૧૫ વરસની વયથી ગઝલ લેખનની શરૂઆત કરી એકધારી ગઝલ સેવા કરી રહ્યા છે. ૧૯૬૮માં એમનો સંગ્રહ પણ 'અવસર'નામે પ્રગટ થયો છે.

ગુજરાતી ગઝલ સાહિત્યમાં ગાલિબ તરીકે ઓળખાતા શ્રી 'મરીઝ' આ 'અવસર'ની પ્રસ્તાવનામાં લખે છે: 'લાગણીશીલ હૈયાને મુગ્ધ કરી નાખે એવા અનેક શે'રો ભાઈ 'નૂરી'ની ગઝલોમાં મોજૂદ છે. નિષ્ફળ પ્રણય, વહેવારિક આઘાત, સામાજિક અન્યાય તો કોઈ ઠેકાણે આધ્યાત્મિક નિદર્શન એમની ગઝલોમાં સંચિત છે, અને એવા બીજા અનેક વિષયોનું નિરૂપણ એમણે ગઝલના હાર્દને સાચવીને કરેલું છે. એ બળ પર તેઓ પ્રથમ શ્રેણીના ગઝલકાર લેખી શકાય.'

જન્મ તા. ૨૫–૩–૧૯૧૭; વતન જલાલપુર (નવસારી); અભ્યાસ મૅટ્રિક સુધીનો; હાલમાં મુંબાઈથી પ્રગટ થતા 'જામે જમશેદ' દૈનિક પત્રના તંત્રીવિભાગમાં કામ કરે છે. અગાઉ શિક્ષક હતા.

દુઃખના કપરા અનુભવો થતાં જે મળે એને હાલ પૂછી રહેલા, કોઇની આંખે અશ્રુ ટપકતાં જોઈને ભ્રમમાં પોતાની આંખો લૂછવાની આદત ધરાવતા, જેમને નજર લાગી જવાનો ભય હોય એમનાં દર્શન આંખો બંધ કરીને કરનારા આ નવજવાન શાયરના શે'રો માણીએ.

કેટલા ગમ પી ગયો છું હું ખુશીના ખ્વાબમાં,
કંટકો ચૂમી લીધા છે મેં કળીના ખ્વાબમાં.

ખ્વાબ છે કે છે હકીકત, એ ન સમજાયું હજી,
જિંદગી પૂરી થઈ ગઈ, જિંદગીના ખ્વાબમાં.

કોણ બતલાવે જઈ, મુજ ખ્વાબની તાબીરને?
કે હજી જાગી રહ્યો છું હું કોઈના ખ્વાબમાં?

∞

કારણ વિનાનું હસવું, પરદો ન હો રુદનનો!
જોવા સમી છે નૂરી! પાગલની સાવધાની.

∞

ઘડી-પળમાં હૃદય સંબંધને તોડી તમે ચાલ્યાં,
કે જે વિકસાવવા બેસો તો વરસોનાં વરસ લાગે.

જુદાઈમાં જીવે છે એની કઠણાઈને માપી જો,
વીતાવા માટે તો નહિતર બધા સરખા દિવસ લાગે.

∞

પરિસ્થિતિ હવે પહોંચી,
ગઈ છે ક્યાં સુધી, જો જો!
ગમે તે આવતું હો પણ,
તમારું આગમન લાગે.

મજા ફરિયાદ કરવાની ય
હૈં બાકી નથી રહેતી
અમારા હાલથી પણ આજ,
તો તું બેખબર ક્યાં છો?
જમાનો થઈ ગયો સાગરને
તળિયે જઈને બેઠો છે,
તમે આજે ભલા શોધો છો
'નૂરી'ની કબર ક્યાં છે?

∞

વધુ પડતાં નશામાં હાથ કંપી જાય છે સાકી!
તને તૌબાનો એમાં અંશ કંઈ દેખાય છે સાકી!

એ મને ત્યાગી ગયા, નૂરી! 'ખુદા હાફિઝ' કહી,
જેમના માટે જ મેં તોડયો તો ખુદાથી સંબંધ.

∞

દુનિયામાં બંધનો અને અંકુશ છે ખુદા!
સ્વર્ગે સુરા હલાલ: મુકદ્દરની વાત છે!
'નૂરી'નું મોત જાણે કે સામાન્ય એક પ્રસંગ,
કંઈ પણ નથી ધમાલ: મુકદ્દરની વાત છે!

જીવન હશે, કે ખાલી આ જીવનનો ભાસ છે?
કે ત્યાંના ત્યાં જ છીએ ને ચાલુ પ્રવાસ છે?
નીરખી લીધાં છે તમને હજારો વખત છતાં
દિલને તરસ છે એની એ, આંખોને પ્યાસ છે.

∞

તમારા રાહમાં બસ એક વેળા નામ થઈ જાયે,
પછી આ જિંદગી આખી ભલે નાકામ થઈ જાયે.

∞

એના અમૃતમાં ય અમને તો મજા આવી નહિ,
ને જીવનનાં ઝેર લોકો ગટગટાવી જાય છે!

∞

કેટલું સારું થતે, 'નૂરી!' જો એ સાચું હતે!
લોક સૌ માની રહ્યા છે એમની છાયા મને.

∞

જિંદગીભર જેમને સંકોડીને રાખ્યા હતા,
એ પગો છેવટ કફનમાં 'નૂરી' લંબાવી ગયો.

∞

આજ આવી ગયાં'તાં યાદ તમે,
આજ પીવામાં જીવ ના લાગ્યો;
એની મંઝિલમાં જીવ છે 'નૂરી'!
એના રસ્તામાં જીવ ના લાગ્યો.

∞

નાહક સમયને રૂઝનું ગૌરવ મળી ગયું,
નહિતર કોઈનો હાથ હતો સારવારનો.

∞

નજર લાગી જવાનો જેમને ડર હોય છે, 'નૂરી'!
હું બંધ આંખો કરીને એમનાં દર્શન કરી લઉં છું.

∞

છે અહીં એવો સરંજામ નથી મળવાનો,
તૂટયો-ફૂટયો ત્યાં કોઈ જામ નથી મળવાનો,
લાખ જન્નત તું મને આપશે કિન્તુ ઓ ખુદા!
મારા ઘર જેવો ત્યાં આરામ નથી મળવાનો.

∞

દુઃખના એવા થયા અનુભવ કે–
જે મળે એને હાલ પૂછું છું,
આંસુ ટપકે જો કોઈની આંખે,
મારી આંખોને ભ્રમમાં લૂછું છું.

∞

દિલવાળો અહીં સંગ નથી મળવાનો,
શોધે છે એ ઉછરંગ નથી મળવાનો,
માનવનાં આ ચિત્રો જ છે, એને ન નિચોવ,
એમાંથી તને રંગ નથી મળવાનો.

---

તથા મધ્યકાલને આપણી સમક્ષ જીવંત કરે છે.

વાસ્તુશાસ્ત્રના બે ઊંડા અભ્યાસીઓએ તૈયાર કરેલો આ ગ્રંથ શિલ્પીઓ, સ્થપતિઓ, પુરાતત્ત્વવિદો, સંશોધકો, ઇતિહાસ–રાજકારણ–સંસ્કૃતિના અભ્યાસકો આદિ માટે ઘણો ઉપયોગી છે. આ પ્રકારનું આ પ્રથમ જ પુસ્તક હોઈ આવા શાસ્ત્રીય અને ગંભીર વિષયના પુસ્તકનું પ્રકાશન કરવા બદલ પ્રકાશકો દાદ માગી લે છે. જોકે (ભલે મોટાં પણ) ૭૬ પાનાંના પુસ્તક માટે કિં. રૂ. ૩૫ વધારે ગણાય. પ્રકાશક: સોમૈયા પબ્લિકેશન પ્રા. લિ., મુંબાઈ-૧૪ —ધી. પ.

## જ્યોતિ વિકાસયાત્રા

ગુજરાતની પ્રમુખ મહિલા-સંસ્થા 'જ્યોતિ સંઘે' બૃહદ ગુજરાતનાં ૬૦ વર્ષ વટાવી ચૂકેલાં અગ્રગણ્ય મહિલાકાર્યકરોનું, ભારતમાં અનોખું કહી શકાય એવું જાહેર સન્માન કર્યું તે પ્રસંગે, આવાં મહિલા કાર્યકરો—જીવન્ત ને સ્વર્ગસ્થ–નાં જીવન અને કાર્યનો પરિચય આપતો 'જ્યોતિ વિકાસયાત્રા' નામનો એક ગ્રંથ પ્રકટ કર્યો છે. આ ગ્રંથમાં આપણા જાહેર જીવનનાં સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક એવાં વિવિધ ક્ષેત્રોમાં અમોલું પ્રદાન કરનાર લગભગ ૧૧૫ મહિલા કાર્યકરોનો પરિચય કરાવ્યો છે, તેમાં મુખ્યત્વે જમનબહેન, સક્કાઈ, બાજીગૌરી મુનશી, ડૉ. મોટીબાઈ કાપડિયા, મોતલીબાઈ, પૂ. કસ્તૂરબા, મહારાણી ચીમનાબાઈ ગાયકવાડ, જયજીબેન પિટિટ, લેડી વિદ્યાબેન નીલકંઠ, શારદાબેન મહેતા, મીઠાંબેન લામ, મીઠુબેન પિટિટ, લેડી પ્રેમલીલાબેન ઠાકરસી, સરલાદેવીબેન સારાભાઇ, હંસાબેન મહેતા, ખુરશેદબેન નવરોજી, તારાબેન પ્રેમચંદ, ફાતિમાબેન ઇસ્માઇલ, નિર્મળાબેન દેસાઈ, અનસૂયાબેન રમણિકલાલ, પુષ્પાબેન મહેતા, ઇન્દુમતીબેન ચીમન-

લાલ, મૃદુલાબેન સારાભાઈ જેવાં અગ્રગણ્ય સન્નારીઓ વિષે માહિતી આપવામાં આવી છે. ગ્રંથમાં બૃહદ ગુજરાતમાં સમાજસુધારણાના ક્ષેત્રે છેલ્લા સૈકા-સવા સૈકામાં થએલાં કાર્યો વિષે સંઘની કારોબારીનાં સભ્ય સુસ્મિતાબેન મેઢના અભ્યાસપૂર્ણ લેખનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત ગુજરાતની આ પ્રમુખ મહિલા–સંસ્થા–જ્યોતિસંઘની સ્થાપના, કાર્ય અને સિદ્ધિ અંગે પણ માહિતીપૂર્ણ લેખ આપ્યો છે. સુંદર છપાઇ અને સુંદર ઉઠાવ સાથે લગભગ ૩૭૫ પૃષ્ઠનો આ ગ્રંથ ગુજરાતના સર્વાંગી વિકાસમાં રસ લેનારને ખૂબ જ ઉપયોગી અને પુસ્તકાલયોના સંદર્ભ વિભાગ માટે તો મૂલ્યવાન થઇ પડે તેમ છે. આટલી ઉપયોગી માહિતી, અભ્યાસપૂર્ણ લેખો, અને સુંદર છપાઇ સાથે તેની કિંમત રૂ. ૧૫ છે. પ્ર. જ્યોતિસંઘ, તિલક માર્ગ, અમદાવાદ–૧

## નવાં પ્રકાશનો

### નૅશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા
નવી દિલ્હી

**સ્વામી દયાનંદ**: ગત સદીમાં ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોના થએલા હ્રાસને પુનઃ સ્થાપિત કરવા જે કેટલાક મહાન આત્માઓ આગળ આવ્યા તેમાંના દયાનંદ સરસ્વતી એક હતા. એમણે આર્ય સમાજની સ્થાપના કરી ભારતનાં સમાજ ને સંસ્કૃતિનાં ક્ષેત્રે અવિસ્મરણીય કામગીરી કરેલી. આવા મહાન જ્યોતિર્ધર અને રાષ્ટ્રનાયકની આછી જીવનઝરમર સાથે એમનાં જીવનકાર્યોની નિરપેક્ષ મૂલવણી અહીં ૯ પ્રકરણોમાં પ્રા. બી. કે. સિંઘે કરી છે. આજે પણ હજુ આપણી પ્રજા આપણાં મૂલ્યો પ્રત્યે સજાગ નથી અને આપણી સંસ્કૃતિ પ્રત્યે પૂરતી સભાન નથી ત્યારે આવાં પુસ્તકોનું વાચન જરૂર આવકાર્ય થઈ પડશે અને ભાવિ પથદર્શક બની રહેશે. અનુવાદક: દિગંબર સ્વાદિયા, કાચું પૂઠું, પૃ. ૧૪૮, રૂ. ૪.

**સમુદ્રગુપ્ત**: ભારતના ઇતિહાસમાં જે કેટલાક સુવર્ણયુગ કહેવાય છે તેવા સમ્રાટ સમુદ્રગુપ્તના રાજ્ય અમલ તળે ભારત એક અને આબાદ હતું. તે મહાન રાજવીની રાજનીતિજ્ઞતા, વહીવટીકુશળતા અને કવિ–કલાકાર તરીકેની પ્રસિદ્ધિ લંકા, જાવા વગેરેમાં પણ પ્રસરેલી હતી. એના જીવનની અલપઝલપ તેમજ કાર્યરીતિ વર્ણવતી આ પુસ્તિકા રાષ્ટ્રીય જીવનચરિત્રમાળાનું આવકાર્ય પુષ્પ છે. છ પ્રકરણોમાં વિભક્ત લલ્લનજી ગોપાલના મૂળ હિંદી પુસ્તકનો આ અનુવાદ કર્યો છે પ્રકાશ ન. શાહ. કાચું પૂઠું, પૃ. ૬૯, રૂ. ૨–૫૦.

**કથા-પંજાબ**: ભારત જેવા બહુભાષી દેશમાં અન્ય પ્રાન્તના સાહિત્યથી સમાજનો મોટો વર્ગ અજાણ રહે છે. આ ખોટને પૂરી કરવાના આશયથી આ જાતની પ્રકાશનશ્રેણીમાં આ પુસ્તક દ્વારા પંજાબના સમકાલીન નામી અને નવા વાર્તાકારોની ૨૧ વાર્તાઓ આપી છે, નવલિકાની કલાની દષ્ટિએ સિદ્ધ અને પંજાબના સમાજનો પરિચય કરાવતી આ વાર્તાઓનું સંપાદન કર્યું છે ડૉ. હરભજનસિંહે અને અનુવાદ આપ્યો છે શ્રીમતી સરલા જગમોહને. આરંભમાં મુકાએલો 'પંજાબી નવલિકા'નો લેખ પણ આજના ત્યાંના નવલિકા સાહિત્યની ઝાંખી કરાવતો હોઈ સામાન્ય વાચક અને અભ્યાસી બન્નેને રસપ્રદ અને ઉપયોગી છે. અંતે આપવામાં આવેલો સંક્ષિપ્ત લેખક-પરિચય પણ ઉપયોગિતામાં ઉમેરો કરે છે. કાચું પૂઠું, પૃ. ૧૭૩, રૂ. ૫–૨૫.

**પરદેશી પ્રવાસીની નજરે ભારત**: જુદી જુદી સદીમાં જે વિદેશી પ્રવાસીઓ ભારતમાં આવી ગયા અને ભારતને જે રીતે જોઈ ગયા તેનો કિશોરોને ઉપયોગી થાય તેવો સચિત્ર અહેવાલ આપતી પુસ્તિકા. કે. સી. ખન્ના લિખિત આ પુસ્તિકા ભારતના ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવતી હોઈ શાળાઓમાં વસાવવા જેવી ને કિશોરોને અવશ્ય વંચાવવા જેવી છે.

### સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ.
૧૭૨ નાયગાંવ ક્રોસરોડ, મુંબઇ-૧૪

**સ્વાધીન કે ભાગ્યાધીન?**: આપણે ત્યાં સાચી અનુભવજન્ય સાહસકથાઓ ઓછી મળે છે ત્યાં એવી આ કથાથી મૂલ્યવાન ઉમેરો થાય છે. મેજર રામચંદ્ર સાળવીએ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન યુરોપની રણભૂમિ પર જે સાહસિક જીવનનો અનુભવ કર્યો તેની રોચક ને રોમાંચક દાસ્તાન ધરાવતું આ પુસ્તક આપણા કિશોરોને સાહસ અને પુરુષાર્થની પ્રેરણા આપવા સાથે નવલકથા વાંચ્યાનો આનંદ આપશે. જીવન પોતે જ એક મોટી તાલીમશાળા છે એ સત્યની અનુભૂતિ કરાવતું આ પુસ્તક સહુને વાંચવાની ભલામણ કરવાનું મન થાય તેવું છે. પ્રારબ્ધ પર આધાર રાખી આળસ પોષનારને પુરુષાર્થનો પ્રેરક મંત્ર આપતી આ ઉત્તેજનાપૂર્ણ સફળ સાહસકથાનો અનુવાદ સૌ હંસા સાળવીએ કર્યો છે. કાચું પૂઠું, પૃ. ૧૬૪, રૂ. ૭.

**દેશદેશની લોકકથાઓ**: કિશોરકાળ એ મનુષ્યજીવનનો અત્યંત સંવેદનપટુ કાળ છે. એ વખતે પડેલા સંસ્કારો મહદંશે જીવનભર ટકી રહે છે. એથી જ જગતભરમાં કિશોરોને ઘડે તેવું વાર્તાસાહિત્ય લોકકંઠે વહેતું આવ્યું છે; એશિયા, આફ્રિકા અને અમેરિકા ઉપરાંત આપણા દેશની પણ એવી કેટલી યે જીવન-મૂલ્યોથી ભરીભરી લોકવાર્તાઓ લેખકે અહીં રોચક અને કિશોરભોગ્ય શૈલીમાં રજૂ કરી છે. આપણા કિશોરોને પરાક્રમ અને પરમ નીતિમત્તા તરફ દોરી જતી આ સંગ્રહની સચિત્ર ૩૧ વાર્તાઓ આસ્વાદ્ય અને મૂલ્યવાન છે. લે. મૂળશંકર મો. ભટ્ટ; પાકું પૂઠું, પૃ. ૭૪, રૂ. ૬–૫૦

**અલ્લડ છોકરી**: જાણીતા નવલકથાકાર પન્નાલાલ પટેલનું, ગ્રામ સમાજની ભૂમિકા પર આજના રાજકારણની વ્યાપી ગએલી છાયાનું ને જૂની-નવી પેઢીના સંઘર્ષનું ચિત્રણ કરતું ત્રિઅંકી નાટક. કાચું પૂઠું, પૃ. ૯૧, રૂ. ૫.

**તારક તેજ અને રંગ**: જાણીતા ખગોળશાસ્ત્રી ડૉ. છોટુભાઈ સુથારે આ નાનકડી પુસ્તિકામાં ભણેલા મોટા અને શાળાના વિદ્યાર્થીઓને આકાશની સંપત્તિ સમા તારાઓ અને તેની સૃષ્ટિનું સાચું જ્ઞાન સરળ લખાવટથી પીરસવાનો સફળ પ્રયાસ કર્યો છે. આ નાની પુસ્તિકા એ વિષયના જિજ્ઞાસુઓને સરળતાથી અનન્ત આકાશને ઓવારે લાવી અદ્ભુત તારક સૃષ્ટિમાં રમતા મૂકી દે છે. હરિઃૐ આશ્રમના પૂ. મોટાની પ્રેરણાથી શરૂ થએલી વિજ્ઞાનનો પરિચય સુલભ કરાવવાની શ્રેણીનું આ પ્રથમ પુસ્તક આવકાર્ય છે. કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૩–૨૫.

## અન્ય પ્રકાશનો

**આપણો આહાર**: આ નાની પુસ્તિકામાં વૈદ્ય નવીનભાઈ ઓઝાએ આપણે માટે આહારની મહત્તા અને ઉપયોગિતા ચર્ચી છે. પુસ્તિકાના પાંચ નાનકડા ખંડોમાં આહાર શું છે તેની અવસ્થાનુસાર રોજિંદા આહારની, તેનાં દ્રવ્યોની, આહારની ને આહારવિમર્શની વાત કરી છે. સૌએ વાંચીને વિવેકપૂર્વક સમજવા જેવી પુસ્તિકા; પ્ર. શ્રીમતી હરનીતા ઓઝા, કોલકી (જિ. રાજકોટ). કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૨.

**ઘરગથ્થુ ઓસડિયાં**: આજના યુગમાં આપણે નાનામાં નાની શારીરિક બીમારીના ઉપાય પરત્વે પણ પરાધીન બની ગયા છીએ. એ સંજોગોમાં આપણાં કેટલાંક ઘરગથ્થુ ઓસડિયાં—મીઠું, મરચું, હળદર, રાઈ, મેથી, અજમો, હિંગ, લીંબુ વગેરે—સાદા ત્વરિત ઉપચારો માટે કેવાં ઉપયોગી છે તેની છણાવટ લોકભોગ્ય શૈલીમાં અહીં વૈદ્ય નવીનભાઈ ઓઝાએ કરી છે. પ્ર. ગુજરાત આયુર્વેદ સ્નાતક મંડળ, રાજકોટ; કાચું પૂઠું, પૃ. ૨૪, કિં. નથી જણાવી.

**ફૂલડે ભરી છાબ**: શક્તિનો મહિમા ગાતાં ભક્તિગીતો; લે. ચંડીબાળ; પ્ર. સદ્વિચાર પરિવાર, હરિયાપુર ટાવર પાછળ, અમદાવાદ-૧ કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૧, ટ. ખ. ૦-૧૦

## ભારતના ભૂમિજાત કલાકાર
## યામિની રાય

(ફેલો લલિતકલા અકાદમી-દિલ્હી, ડી.લિટ. રવીન્દ્ર યુનિ., શાંતિનિકેતન)

**લેખક : રવિશંકર રાવળ**

તા. ૨૪ એપ્રિલ ૧૯૭૨ની સાંજે ૮૪ વર્ષની પાકટ વયે આ સુપ્રસિદ્ધ ભારતીય કલાકાર કલકત્તાના પોતાના નિવાસમાં દેવગતિ પામ્યા. લૌકિક દૃષ્ટિએ એ પોતાની પાછળ વિધવા પત્ની, ચાર પુત્રો અને એક પુત્રી મૂકી ગયા છે, પરંતુ તેઓ જીવનભરની ચિત્રસાધના દ્વારા જે ભારતીય સ્વરૂપની લોકકલાનાં પુષ્પોસમી કૃતિઓ આપી ગયા છે તેથી તે અમર રહેશે.

તે ઝાઝું બોલતા કે લખતા નહિ. ટૂંકો ખુલાસો કરતા કે, 'હું મારાં ચિત્રોમાં વ્યાપ્ત છું; ચિત્રો મારામાં ઓતપ્રોત છે.'

એમની પ્રત્યક્ષ મુલાકાત ઈ. ૧૯૪૧માં આ લેખકે કલકત્તામાં તેમના નિવાસસ્થાને કરી એ સુભગ સમાગમનો સચિત્ર પૂર્ણ વૃત્તાંત ત્યારના 'કુમાર'માં, અને પાછળથી ગ્રંથસ્થ થએલી 'કલાકારની સંસ્કારયાત્રા'માં અપાઈ ચૂકયો છે. ત્યાર બાદ ફરી એમના જીવનની વિશેષવિગતો, જીવનવિગ્રહ તથા ભાવના વિષયક મોટો લેખ અનેક ચિત્રો સાથે ઈ. ૧૯૫૧ના ડિસેમ્બરના 'કુમાર'માં અપાઈ ગયો છે. એ પછી તો એમનો સમાદર વિશ્વકલાક્ષેત્રે થયો. શુદ્ધ ભારતીય લોકપ્રણાલીમાં સર્જાએલાં તેમનાં સરલ ભાવવાહી ચિત્રોનાં દેશવિદેશમાં પ્રદર્શનો થયાં, ઈ. ૧૯૫૬માં ભારતીય લલિત કલા અકાદમી-દિલ્હી તરફથી





કેશસંમાર્જન : નિશદિન ઘરઘરમાં નજરે પડતું લાવણ્યનું કાવ્ય (યામિની રાય)

તેમને 'ફેલો'પદ અપાયું અને ૧૯૫૭માં શાંતિનિકેતનમાં રવીન્દ્ર યુનિવર્સિટીએ 'ડૉક્ટર ઑવ લિટરેચર'ની માનાર્હ પદવી આપી.

**પ**શ્ચિમ બંગાળના બાંકુરા જિલ્લામાં ગંગાના સુંદર ખીણ-પ્રદેશમાં આવેલા બેલિયાતોડા નામે નાનકડા ગામના મધ્યમ સ્થિતિના જમીનદારને ત્યાં જન્મેલા યામિનીકુમારનો બાલ્યકાળ ગામડાના કારીગરો સુથાર, વણકર, કુંભાર આદિ તેમજ રમકડાં, ઘરેણાં કે દુર્ગા-પ્રતિમાઓ રચનારા કસબી કલાકારોના સમાગમમાં વીત્યો હતો. એ લોકોનું કામકાજ ઘણા કુતૂહલથી જોયા કરતો યામિનીકુમાર તેનું સુંદર અનુકરણ કરતો. તેનું આવું વલણ જોઈ તેની સોળ વર્ષની વયે પિતાએ તેને કલકત્તાની સરકારી આર્ટ સ્કૂલમાં મોકલ્યો. તે કાળે એ સંસ્થામાં પશ્ચિમના નિર્જીવ પાઠો જ આપતા. આકૃતિઓની વિવિધ લીલામય સૃષ્ટિનો ઊભરો હૃદયમાં અનુભવતા કિશોર યામિનીને આલેખનની જરૂરી તાલીમ ત્યાં મળી ગઈ અને શાળાનો અભ્યાસ પૂરો થવા આવ્યો ત્યાર સુધીમાં તો તેણે નવોદિત કલાકાર તરીકે પોતાની પ્રતિષ્ઠા જમાવી દીધી હતી. એનાં ચિત્રોમાં એના બધા સમકાલીનો કરતાં શાસ્ત્રશુદ્ધ ચોકસાઈ અને પીંછીનું પ્રભુત્વ ઘણું ઊંચું હતું.

એમને કોઈ શૉખ નહોતો. પ્રવાસ પણ એમણે કર્યાં ય કર્યો નથી. કલકત્તા પણ ભાગ્યે જ છોડયું હશે. એ વખતે શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરના નેતૃત્વ નીચે ભારતીય કલાનું નવોત્થાન કરવાની ચેતના જાગી હતી. પણ તે પ્રાયોગિક કલા-શૈલીઓમાં યામિની કદી તણાયા નહિ. એ નવી શૈલીનો આદર્શવાદ અને પશ્ચિમની શૈલીનો વાસ્તવવાદ બંનેનો સુમેળ કરી પોતાના



માતા અને બાળક : સર્વ સ્થળકાળનાં લોકહૃદયને સ્પર્શતો વિષય : લોકોની જ ચિત્રભાષાની સાદી રેખાઓમાં નારીત્વનો લય અને માતૃત્વનું માધુર્ય રેલાવતું ચિત્ર (યામિની રાય)

મનોમંથનને અભિવ્યક્ત કરવા તે મથતા હતા.

એવામાં પિતાનું અવસાન થયું. જમીનદારીમાં ભાગ પડચા. જમીન-વહીવટ સાચવવાની જંજાળ તેમને ગમતી નહિ એટલે ચિત્રકારનો ધંધો જ સ્વીકારી લીધો. જો કે શ્રીમંત વર્ગને એ કળાની કઈ પડી નહોતી, છતાં એ કસોટીમાં યામિની અચળ જ રહ્યા. એમાં એમનાં પત્ની અને પુત્રોએ ભક્તિપૂર્વક મનભર સાથ આપ્યો.



કલકત્તાની મુલાકાતમાં કરેલો સ્કેચ

એમનો આંતરપ્રવાહ આ બધાં વર્ષો દરમિયાન અણદીઠ વહ્યા કરતો હતો. અંતે પોતાની ખોજનો દોર એમને લોકકલામાં લાધી ગયો. મંદિરની ભીંતો, ટીપણાં અને પટ, ઘરઘરનાં રમકડાં ને આંગણાંની રંગોળી સુધી લોકપીછીએ સિદ્ધ કરેલી જે લઢણ અદ્યાપિપર્યંત અનેક લીલામાં વિસ્તરી વળી છે તેને માધ્યમ બનાવી એમણે પોતાના ઉરભાવ વહેવડાવવા માંડચા.

સાધનની સાદાઈ પણ એમણે એ કલાની જ અપનાવી. બજારમાં મળતા પશ્ચિમની ટચૂબોના રંગો વાપરવામાં કાબેલ બનેલા યામિનીબાબુ હવે ધરતીના સાજ-સામાનથી પોતાની ભાવના-સૃષ્ટિ લોકો આગળ રજૂ કરવા લાગ્યા. દેશની રંગીન માટી, સફેદ ખડી, દીવાની મેશ વગેરે વસ્તુ ચાળી, ઈંડાના રસમાં કે ગુંદરમાં મેળવી રંગો બનાવાતા અને ચીતરવાના પટને માટે ખરબચડી ખાદી ઉપર નદીના કાંપ અને છાણના મિશ્રણથી સપાટી બનાવી તે પર ખડીનો હાથ મારવામાં આવતો. કોઈ વાર પાતળાં પ્લાઈવૂડ, લીસા ગુણપાટ, દેશી પૂઠાં અને પોસ્ટરોના ખરબચડા કાગળો વપરાતા. એમાં ઘણા અખતરાઓ એળે પણ જતા, ને તેમાં ઘણાં સારાં ચિત્રો પણ રદ થતાં.

માત્ર પુરાણકથાઓમાં બંધાઈ ન રહેતાં જનસમાજનાં વિવિધ સ્વરૂપો એમની કૃતિઓમાં લયમાધુર્યભર્યા અવતાર પામ્યાં છે. ધર્મભાવ જો કળાનું એક મહાન પ્રેરક તત્ત્વ ગણાતું હોય તો કોઈ પણ ધર્મભાવનાનો વિષય કલાકારને માટે મહત્ત્વનો બનવો જોઈએ, અને તે પરથી તેમણે ઈસુ ખ્રિસ્તની મુદ્રા પણ પોતાની શૈલીમાં પ્રકટ કરી છે.

આ નવોત્થાનમાં એમને સંતોષ અને સફળતા પ્રાપ્ત થયાં તે પહેલાં ખૂબ મંથન અને જીવન-વિગ્રહમાંથી પસાર થવું પડચું છે અને



માનવજાત માટેનાં પ્રેમ અને વેદનાથી
નીતરતો ઈશુ ખ્રિસ્તનો ચહેરો

આખી જીવનયાત્રા ફરી વેઠવી પડી છે. એમના જ શબ્દો: 'મેં કલાની સાધના માટે જમીન-મકાન બધું વેચી દીધું હતું. મનમાં શ્રદ્ધા રાખી કે જીવવું તો આ કલાથી જ. હું એટલો બધો ગરીબ બની ગયો હતો કે એક રૂપિયાની કિંમત મારે મન એક હજાર રૂપિયા જેટલી હતી. મને કલાશાળામાં ત્રણસો રૂપિયાની નોકરી મળતી હતી, પણ મેં તે નકારી. ખરું પૂછો તો ત્યાંનું કામ સાચી કલાથી વિમુખ થવાનું હતું, તો હું શાનો ત્યાં જાઉં?'

એમને મળેલી સફળતાની આજે ઘણા ઈર્ષા કરે છે, પણ એ અખતરાના કાળમાં એમણે એટલી ઉપેક્ષા વેઠેલી કે તેમના જીવનમાં કટુતા પ્રવેશી હતી. તે કહેતા: 'આ મિત્રો મારા સામે શા માટે મંડાયા છે? મેં તેમનું કશું જ બગાડયું નથી. હું તો મારા ઘરની બહાર પણ નથી નીકળતો. પંદર વર્ષથી હું કોઈ પ્રદર્શન કે સમારંભમાં ગયો નથી. મારી આપવીતી બહુ દુઃખભરી છે. બાગબજારમાં હું જે ઘરમાં પચીસ વર્ષ રહ્યો તેમાંથીયે મારે નીકળવું પડયું. ચિત્રો કરવાનો બદલો આ મળ્યો. પાસે ધન ન રહ્યું ત્યારે ચાર પૈસાની માટી લાવી ચિત્રો કરવા લાગ્યો. મારો એક પુત્ર ચિત્રકાર હતો. તેણે પરિશ્રમપૂર્વક એક ચિત્ર તૈયાર કરી પ્રદર્શનમાં મૂક્યું એનું મૂલ્ય નવ રૂપિયા મળ્યું! એ દુઃખ એનાથી સહન ન થયું ને ગામમાં જઈ ઝેર પીને પોતાના જીવનનો અંત આણી દીધો. એક વખત જ્યારે આ દેશમાં વિદ્યાસાગર જેવા પંડિતનું વેતન રૂ. ૫૦ અને ગ્રૅડ્યુએટનું રૂ. ૨૫૦ થી ૧૨૦૦ ગણાયું ત્યારથી આ દેશનું ભાગ્ય ફૂટી ગયું.'

આજે દેશવિદેશના કલારસિકો એમનાં ચિત્રો ખરીદવા બાલીગંજના નાનકડા સાંકડા ઘરમાં પહોંચે છે. પોતાનાં ચિત્રોની કિંમત પણ એ મોટી રાખતા નહિ. પરિણામે એમનાં લોકપ્રિય નીવડેલાં ચિત્રોની નકલો પર નકલોની માગ રહેતી. યુનેસ્કો તરફથી જે ૩૮ દેશોનાં ચિત્રો મંગાવાયાં હતાં તે પર વિવેચન કરતાં લંડનના 'ટાઈમ્સ' સુધ્ધાંએ લખેલું કે, 'કેવળ યામિની રાયમાં જ પારી(સ)ની નકલ નથી. એમણે લોકકલાઓના મૂળ ગંગોત્રીસ્રોતમાંથી પ્રેરણા લઈ, તાલીમસિદ્ધ હાથે, અંતરની અભિવ્યક્તિ અને કલ્પકતા મેળવી સર્જનો કર્યાં છે.'

નિષ્ણાત દેશી-વિદેશી કલાવિદોનો અભિપ્રાય છે કે 'યામિની રાય એક જ એવા વિદ્યમાન ભારતીય કલાકાર કે જેણે સાચા સર્જકની વિશુદ્ધ મર્મગામી અભિવ્યક્તિ સાધી છે.'

---





કલાકાર લક્ષ્મણ પૈની એક રામાયણમાળાનાં બે ચિત્રો: મથાળે-પંચવટીમાં રાવણ, મૃગ-મારીચ, જટાયુ વધ; નીચે-સમુદ્રસેતુ, હનુમાન-કૂદકો, લંકાદહન.

## કલાકાર લક્ષ્મણ પૈ



વિવિધ શૈલીમાં ચીતરેલી રામાયણ વિષયક અનેક ચિત્રમાળા તથા નિસર્ગ અને માનવપાત્રને એકબીજામાં ગૂંથી લેતાં સુંદર ચિત્રસંયોજનોથી ખ્યાત કલાકાર લક્ષ્મણ પૈની કલા દેશના સીમાડા પાર કરી પૂર્વમાં તોકિયોથી માંડી પશ્ચિમમાં છેક ન્યૂ યૉર્ક સુધી ઓળખ

પામી છે. ટૂંકમાં એમની કલા-કારકિર્દી એટલે સંખ્યાબંધ 'વન મૅન શો'ની હારમાળા.

ઈ.૧૯૨૬માં ગોવામાં એમનો જન્મ. ૧૯૪૩ થી '૪૭ મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સમાં અભ્યાસ કરી ત્યાંના ડિપ્લોમા સાથે 'મેયો મેડલ' પણ જીતી તેઓ એ જ કળાશાળામાં સહાયક પ્રોફેસર તરીકે જોડાયા. ઈ. ૧૯૫૦માં મુંબાઈમાં એમણે પોતાનાં ચિત્રોનું પહેલું નિજી પ્રદર્શન કર્યું. બીજે વર્ષે ફ્રાંસ ગયા અને ત્યાં કલાનો વધુ અભ્યાસ કરી ઈ. ૧૯૫૨માં પારી(સ) તથા લંડનમાં પોતાનાં ચિત્રો રજૂ કર્યાં. ઈ. ૧૯૫૩માં ફરી પારી(સ)માં એક વન-મૅન શો કરી તેઓ યુરોપના પ્રવાસે નીકળ્યા અને તે દરમિયાન મ્યૂનિખમાં પણ પોતાનાં ચિત્રોનું એક પ્રદર્શન યોજ્યું. ત્યાંથી પછી ભારત આવી નવી દિલ્હીમાં અને ઈ. ૧૯૫૪માં ફરી મુંબાઈ તથા પારી(સ)માં પોતાનાં ચિત્રો રજૂ કર્યાં. આ દરમિયાન 'ગીત ગોવિંદ' ઉપર પણ એમણે એક ચિત્રમાળા સર્જી: ઈ. ૧૯૫૪માં એમણે સ્વ. પં. નેહરુનું પેઇન્ટિંગ કર્યું.

ઈ. ૧૯૫૭માં પશ્ચિમ જર્મનીની એક જાણીતી ફૅક્ટરી 'રૉઝેનથલ પોર્સલીન' માટે કામ કર્યું અને મ્યૂનિખ, સ્ટટગાર્ટ, ન્યૂ યૉર્ક, પારી(સ) તથા મુંબાઈમાં પોતાની કૃતિઓ પ્રદર્શિત કરી. આ પછી નવી દિલ્હીમાં ૧૯૫૮માં વૉટર કલર્સ તથા પેન ઍન્ડ ઈંકમાં રામાયણ ને ગાંધીજીના જીવન પર ચિત્રો કર્યાં, અને મુંબાઈ તથા નવી દિલ્હીમાં ફરી વન મૅન શો કર્યો. ઈ. ૧૯૫૯માં લંડન ગયા ત્યારે ત્યાં બુદ્ધના જીવન પર રંગીન ઍચિંગ્સ કર્યાં ને લંડન તથા પારી(સ)માં ફરી ૧૯૬૦ અને '૬૧માં વન મૅન શો કર્યા. ઉપરાંત ૧૯૬૧માં (અને પછી '૬૩માં પણ) એ લલિત કલા અકાદમીના ઍવૉર્ડથી પણ પુરસ્કૃત થયા, અને મુંબાઈમાં કાલિદાસના ઋતુસંહાર પર ચિત્રમાળા કરી. એ પછીનાં આઠ વર્ષ એટલે એમના વન મૅન શોની હારમાળા. પાઉલૉ (બ્રાઝિલ) અને તોકિયો (જાપાન) કસૌલી અને કલકત્તા, દિલ્હી અને મુંબાઈ, બૅંગકૉક, કુઆલા લામ્પુર ને ગોવા એમ ભારતમાં અને વિદેશમાં તેમણે કુલ ૫૮ વાર પોતાનાં ચિત્રોનાં નિજી પ્રદર્શનો યોજ્યાં છે. ઉપરાઉપરી થતાં આ પ્રદર્શનો એમની કલાની સાધનાની પ્રતીતિ કરાવે છે.

વિવિધ વિષયો અને વિવિધ શૈલીની રજૂઆત તથા સતત સર્જન એ એમની કલાસિદ્ધિનું મૂળ છે. દેશવિદેશની કલાના સતત સંપર્કથી પણ એને ઓપ મળતો રહ્યો છે. આ પાનાંઓ પરનાં રામાયણનાં ચિત્રો, અને પૂઠા પરનું પણ આ જ વિષયનું ચિત્ર તથા આ અંકનું અગ્રચિત્ર એમની રજૂઆતના વૈવિધ્યનાં દ્યોતક છે.

—જયંત સિદ્ધપુરા




લક્ષ્મણ પૈની રામાયણમાળાનું એક વધુ ચિત્ર : રાજસૂય યજ્ઞ

## ભારતીય પદ્ધતિનો શતરંજનો કોયડો-૧૨

**આપણે** ત્યાં ખાસ કરીને ઉત્તર ભારતમાં આગલી પેઢીના શતરંજ શૉખીનો 'જોરી' રમત રમે છે. આ પદ્ધતિમાં જે મહોરાને 'જોર' (રક્ષણ) હોય તેને મારી શકાતું નથી. આમાં અપવાદ એ કે ફક્ત મ્હાત બચાવવા 'જોર' હોય તેવા મહોરાને મારી શકાય. આ વખતે આપણે જે કોયડો જોઈશું તે 'જોરી' પદ્ધતિમાં છે અને તેમાં આ ઉપરાંત બીજી શરતો પણ છે.—

૧) છેલ્લું મહોરુ મારી ન શકાય; ૨) છેલ્લું મહોરુ 'ગાંડું' થાય અને તેને જોરીનો સિદ્ધાંત લાગુ ન પડે, એટલે કે તે 'જોર' હોય તેવા મહોરાને પણ મારી શકે; ૩) શેહ ન હોય તો રાજા ચાલી ન શકે; ૪) મ્હાત વખતે કોઈ મહોરુ અણઊઠ ન હોવું જોઈએ અને ૫) કાળા પ્યાદાનું મહોરુ બને અને તે મહોરુ ચાલે પછી જ મ્હાત કરી શકાય. એને વળી, ખૂણામાં ૧૭ ચાલમાં 'પ્યાદ મ્હાત' કરવાનો આ કોયડો છે.



૧૭ ચાલમાં ખૂણામાં પ્યાદમાત 'જોરી' બાજી વધુ શરત ઉપર આપી છે.

1 B–B6 ch, B×B;

અહીં સફેદ ઊંટને 'જોર' છે, પણ તેને ન મારે તો મ્હાત થાય માટે તેને મારવાની છૂટ છે.

2 B–B5ch, B-R5; 3. R–KB1, P-K8(=Q);

અહીં હાથીને જોર હોવાથી 3..., P×R(=B) ન રમી શકાય. વળી, K૧ ઉપર વજીર બને.

4 R×Bch, Q–R4;

મ્હાત વખતે મહોરું અણઊઠ ન હોવાની શરત ન હોત તો 5 P–N6 mate થાત.

5 N–N5, Q–R3!

સારામાં સારી ચાલ! દા. ત. 5..., Q×R પછી 6 P–N 7 મ્હાત થાત. 5...,Q–R7 પછી વધુ જલદી જ મ્હાત થાત.

6 R–R5, Q–R2; 7 R–K1, Q–R3; 8 R–K7, Q–R2; 9R–R6, Q×R

હવે હાથી મારવો ફરજિયાત હતો.

10 R–B8ch, Q–B1; 11 Q–B6 ch, K–N1; 12 Q–Q7! Q–Q1; રાજા શેહમાં ન હોવાથી તે ચાલી ન શકે. વળી, 12..., Q×R; પછી 13. Q–B7ch, K–R1; 14 P–N7 mate થાય છે.

13 Q-R7ch, K–B1; 14 Q–K7, Q×R;

ગાંડો વજીર જોરી હાથીને મારી શકે છે. અને તે સિવાય તેની પાસે કોઈ ચાલ નથી તેથી મારવો જ પડે છે.

15 N–R7ch, K–N1; 16 Q–B7-ch, K-R1; 17. P–N7 mate.

સુરેશ મોદી

# બાબુભાઈ વૈદ્ય ☆ નદીકિનારાનો પરચો

**પ્રે**તસૃષ્ટિ વિષે વિચારવાનો મને સમય નથી મળ્યો, પણ એમાં માનનારને હું ઘેરમાર્ગે ચડી ગએલા માનું છું. એમાં માનવાથી લાભ કરતાં હાનિ વિશેષ છે. આ હું એટલા માટે કહું છું કે વાચકોને ખયાલ આવે કે હું ભૂતપ્રેતની વાત ઝટ મ:ની લઉં એવો નથી.

પણ કૈંક એવું બન્યું કે મારું દૃષ્ટિબિંદુ પલટાયું. અશ્રદ્ધા ને આશંકાને સ્થાને 'એમાં કૈંક હોયે ખરું' એવો ભાવ મારા મનમાં જાગ્યો છે.

**પં**દરેક દિવસ પહેલાં ટૅમ્સ નદીને કાંઠે રાખેલા બાંકડા પર બે રખડુઓ રાત કાઢવા પડયા હતા. બંને એકબીજાથી અપરિચિત હતા; પણ બંનેમાં એક સામ્ય હતું. બંને ઘરબાર વિનાના અને નિર્ધન હતા. એક કેમ્બ્રિજનો એમ.એ. હતો. બૅરિસ્ટર હતો. વિશ્વયુદ્ધમાં સારી સેવા બદલ એને ચંદ્રક પણ મળેલો. બીજો એક જાણીતા પાદરીનો દીકરો હતો, કલાકાર હતો. પડયા પડયા બંને વાતોએ ચડયા. બંનેએ સ્વીકાર્યું કે પોતાને હાથે જ એમણે આવી પાયમાલી વહોરી હતી. સ્નાતક કેફી વ્યસનોમાં બરબાદ થયો હતો તો કલાકાર દારૂની લતમાં.

'અમારું કુટુંબ રૂઢિચુસ્ત હતું. જરા જેટલી યે શિથિલતા કે અશિસ્ત મારાં મા-બાપ ચલાવી લેતાં નહિ. નાનીમોટી ભૂલો માટે નાનપણમાં મેં અનેકવાર માર ખાધો હશે. એવે સમયે હું ખૂબ ધૂંધવાતો, પણ નાનો હતો ત્યાં સુધી લાચાર હતો. પગભર થયો કે તુરત મેં નૈતિક શિસ્તનાં બંધનમાત્ર ફગાવી દઈને જીવન માણવા માંડયું.' કલાકારે કહ્યું.

'પછી?' 'પછી શું? બદલામાં આ ફનાગીરી વહોરી.'

'પણ તમારા પિતાએ તમને રોકયા નહિ?'

'ના. પાદરી પિતાએ રેઢિયાળ પુત્રને ઘર અને હૃદય બંનેમાંથી હાંકી કાઢયો.' 'તમને વારવાનો પ્રયત્ન પણ ન કર્યો?'

'ના. એનું નામ જ છે ખ્રિસ્તી ધર્મ.' કલાકાર વક્રતાથી બોલ્યો: 'પણ તમારી કઠણાઈ કઈ રીતે શરૂ થઈ?'

'મારી મુસીબતો યુદ્ધ પછી શરૂ થઈ. લડાઈ પૂરી થઈ ત્યારે તેના ક્રૂર આઘાતથી હું માનસિક રીતે ભાંગી પડયો હતો. બાકીનું કામ બેકારીએ પૂરું કર્યું. આજે મને જીવનમાં બધે કડવાશ જ દેખાય છે.' કેમ્બ્રિજના સ્નાતકે કહ્યું.

'પણ યુદ્ધ પછી કોઈ દેશનેતાએ તમારો ભાવ ન પૂછયો?'

'અહીં કોણ કોના ભાવ પૂછવા નવરું છે? આ તો શહીદોને યોગ્ય ભૂમિ!' સ્નાતકે કટાક્ષમાં કહ્યું. 'લડાઈ પછી અહીં આવવાને બદલે અમેરિકા જતો રહ્યો હોત તો સારું થાત. હવે તો હું આ યાતનાઓ સહીને વાજ આવી ગયો છું. જિંદગી પતાવી નાખવાની જ ઇચ્છા થયા કરે છે.'

**બ**રાબર આ જ ક્ષણે એક કૌતુક થયું. એક ઝળહળતો પ્રકાશપુંજ એમની નજર સમક્ષ તોળાઈ રહ્યો. બંને જણ એથી અંજાઈ ગયા–ડઘાઈ ગયા. આવું કંઈ દેખાવાનું કશું કારણ નહોતું. શિયાળાની સૂસવતી રાત હતી. હવામાં આછી ઝાકળ હતી. તો શું એ કોઈ અમાનુષી આવિર્ભાવ હતો? કે પછી એ બંનેને કંઈ ભ્રમણા થઈ? હેબતાઈ ગએલા કલાકારે અંતે ભયથી કંપતા સ્વરે પૂછયું: 'તમારી પાસે ઊભી છે તે બાઈ કોણ છે?'

'બાઈ? કઈ બાઈ?' સ્નાતકે પણ ધ્રૂજતા સ્વરે પૂછયું, ને ઉમેર્યું: કૃપા કરી મને ગભરાવો નહિ. આમે ય મને અત્યારે ઠીક નથી જ.'

'ના દોસ્ત, તમને હું શા માટે ગભરાવું? તમારી બાજુમાં કોઈ સ્ત્રી નથી? અરે! હમણાં જ તો તમારી પાસે ઊભીને તમને જોઈ રહી હતી. જુઓ, જુઓ! પેલી રહી!' કલાકારનો અવાજ ફાટી ગયો હતો.

'મને તો અહીં કોઈ જ દેખાતું નથી.'

'ના, ના; એ તમારી બાજુમાં જ ઊભી છે. ધોળા દિ' જેવી એ સ્પષ્ટ વાત છે.' કલાકારનો સ્વર જાણે અપાર્થિવ બનતો જતો હતો.

'એ સ્ત્રી કેવી લાગે છે? 'ખરેખર હું તેને જોઈ શકતો નથી!' સ્નાતક પણ હવે ગભરાઈ ગયો.

પણ આ પ્રશ્નના ઉત્તરમાં કલાકારનો જે અપાર્થિવ સ્વર સંભળાયો તેથી સ્નાતકને ખાતરી થઈ ગઈ કે ત્યાં જરૂર કોઈક હતું. પવનમાં કંપતા પાંદડા પેઠે એ થરથરવા લાગ્યો. જવાબ હતો: 'જે પત્ર તું હમેશાં તારી પાસે સાચવી રાખે છે તેની લખનારી તરીકે તું મને ઓળખી શકીશ.'

એ પત્ર સ્નાતકનું તદ્દન ગુપ્ત એક મહામૂલું રહસ્ય હતું. એ કાગળની હસ્તીની જાણ એના પોતાના સિવાય માત્ર એક જ વ્યક્તિને હતી અને એ તો પાંચ વર્ષ પહેલાં મૃત્યુ પામી હતી.

'એ તો...એ તો મારી મા! એ અહીં ઊભી છે?' સ્નાતકે ઠરડાતે સ્વરે પૂછયું. ને પછી ગાંડાની જેમ બરાડી ઊઠયો: 'મા? મા? કયાં છે એ?'

વિચિત્ર સ્વરે જવાબ મળ્યો: 'હું સ્વર્ગના પ્રકાશમાં છું.' આ ઉત્તરથી હિંમતમાં આવી સ્નાતકે પૂછયુ: 'મા! તું સ્વર્ગમાં સુખી છે ને?'

'ખૂબ ખૂબ સુખી છું. અને...વર્ષો બાદ તારી આ જિંદગી પૂરી થશે ત્યારે તું પણ સુખી થશે.'

**સ્ના**તક એ તંગ માનસિક અવસ્થા વધુ સહી ન શકયો. એ બેભાન થઈ બાંકડા પરથી પડી ગયો. જ્યારે એ જાગ્યો ત્યારે અમારી ઑસ્પિટલમાં હતો. બોલવા જેટલું ભાન આવ્યું ત્યારે તેણે કહ્યું; 'મારું સમગ્ર અસ્તિત્વ એ પરચાથી છવાઈ ગયું છે.' પ્રથમ તો એ સન્નિપાતમાં બોલે છે એવું લાગ્યું, પણ પછી વારંવાર તેણે એ જ વાત કહેવા માંડી ત્યારે અમે તેને બંધાણી મનનો ધખારો ગણી કાઢયો.

વળતી સવારે કલાકાર પોતાના રાતના ભેરુની ખબર કાઢવા આવ્યો ત્યારે અમે તેને એ આખા બનાવ પર પ્રકાશ પાડવા કહ્યું. આગલી રાતે જે કંઈ બન્યું હતું તે તેણે શબ્દેશબ્દ વર્ણવી બતાવ્યું.

એણે કહ્યું: 'આ સ્નાતકને હું અગાઉ કદી મળ્યો નથી. હું ભૂતોબારાડી પણ નથી. પરંતુ ગઈ રાતે મેં ઝળહળતો પ્રકાશપુંજ જોયો ને તે પછી આની બાજુમાં એક સ્ત્રી ઊભેલી જોઈ. મારું ચાલત તો હું ત્યાંથી નાસી છૂટત, પણ શી ખબર કેમ, હું જાણે બાંકડા પર ચોંટી ગયો હોઉં તેમ જરાપણ હલીચલી ન શકયો!'

વળતે દિવસે આ અજબ પ્રસંગનું બીજી રીતે સમર્થન મળ્યું. સ્નાતક સાથે હું તેના યુદ્ધના અનુભવોની વાત કરતો હતો. એ વાતો કરતાં એણે અટકી જઈને પોતાની પાસેનું એક ગંદું કવર કાઢીને મને આપ્યું. કવરમાં ફાટવા આવેલો ને ઝાંખો પડી ગએલો પત્ર હતો. અત્યાર સુધીમાં એણે મને કહી દીધું હતું કે પોતે ફ્રાન્સના યુદ્ધમોરચે હતો ત્યારે એની મા મૃત્યુ પામી હતી. એણે મને વાંચવા આપ્યો તે એનો આખરી પત્ર હતો. લખ્યું હતું—

'વ્હાલા દીકરા, ડૉકટરો કહે છે કે આ મંદવાડમાંથી હું બેઠી નહિ થાઉં. આ જગતમાં હું ન હોઉં ત્યારે તું તારી પાસે રાખે તે માટે આ પત્ર લખી રહી છું.

ઈશ્વરને મેં અનેક વાર પ્રાર્થના કરી છે કે તને જીવનમાં સ્થિર અને સુખી જોયા પછી હું મરું એટલી એ મારા પર કૃપા કરે. પણ આ ભયંકર વિશ્વયુદ્ધે આપણી બધી યોજનાઓ વેરવિખેર કરી નાખી છે. તારું મોઢું મેં જોયાને લગભગ બાર મહિના વીતી ગયા. ફક્ત એક વાર તને ફરી મળવા માટે હું ગમે તે મૂલ્ય ચૂકવવા તૈયાર છું. (અનુસંધાન પૃ. ૧૭૬)

# અંગ્રેજી સાહિત્યનું આચમન

કરાવતી ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

## ૪. સાઇનેવુલ્ફ (Cynewulf) અને તેની કૃતિઓ

**ધાર્મલક્ષી** કવિતાના બે મુખ્ય પ્રવાહ કેડમન અને સાઇનેવુલ્ફમાંથી પ્રગટ્યા છે. કેડમનના સમય વિષે જેવી અનિશ્ચિતતા પ્રવર્તે છે તેવી જ સાઇનેવુલ્ફના વિષે પણ છે. છતાં અભ્યાસીઓએ તેનાં કાવ્યોને આધારે તેના જીવન વિષે કેટલીક માહિતી તારવી છે તે ઉપરથી એ કોઈક રાજાનો કૃપાપાત્ર રાજકવિ હતો એમ જણાય છે. તેની કેટલીક કવિતા લૅટિન કૃતિઓના આધારે રચાઈ છે, તે પરથી તે લૅટિનનો વિદ્વાન હશે એમ પણ મનાય છે. કેટલાક વિદ્વાનોની એવી માન્યતા છે કે મોટી વય સુધી સંસારની જંજાળમાં પરોવાએલા આ કવિના જીવનમાં 'ધ ડ્રીમ ઑવ ધ રૂડ'માં વર્ણવાએલા સ્વપ્ને ચમત્કાર સર્જ્યો અને તેણે સંસાર ત્યજીને ધાર્મિક કૃતિઓ રચવામાં ચિત્ત પરોવ્યું. જોકે બીજા કેટલાક આ માન્યતાને પાયા વિનાની ગણે છે તેઓ 'ધ ડ્રીમ ઑવ ધ રૂડ'ને સાઇનેવુલ્ફની કૃતિ તરીકે સ્વીકારતા જ નથી.

સાઇનેવુલ્ફે પોતાની કૃતિઓમાં પોતાના નામાક્ષર અંકિત કર્યા છે. એ, વિવેચકોના મતે ઍંગ્લો-સૅક્સન કવિતામાં અ-પૂર્વ ઘટના છે. એને આધારે 'ક્રાઈસ્ટ' (Christ), 'જુલિયાના' (Juliana), 'ધ ફેઈટ્સ ઑવ ધ ઍપૉસલ્સ' (The Fates of the Apostles) અને 'એલીની' (Elene) એ ચાર કૃતિઓના કર્તા તરીકે તેનું નામ નિશ્ચિત બને છે.

'ક્રાઈસ્ટ'માં ત્રણ ખંડ છે: પહેલા ખંડમાં ઈસુનું પૃથ્વી પર અવતરણ, બીજામાં તેનું સ્વર્ગારોહણ ને ત્રીજામાં વળી પૃથ્વીનો ન્યાય તોળવા તેના પુનરાગમનની કથા છે. બીજા ખંડમાં સાઇનેવુલ્ફના નામાક્ષરો અંકાયેલા છે. કાવ્યની સમગ્ર આકૃતિ સ્પષ્ટ નથી ને સાહિત્ય વિવેચકો ત્રણે ખંડને ભાષા, રીતિ, છંદ ઇત્યાદિને ધોરણે મૂલવીને તેને એક નહિ પણ ત્રણ જુદી કૃતિઓ માનવા પ્રેરાયા છે. તેમના મતે સાઇનેવુલ્ફના નામાક્ષરવાળો બીજો ખંડ જ તેનો રચેલો છે. તેમ છતાં સાહિત્યિક ગુણવત્તાના ધોરણે કેટલાક વિદ્વાનોએ 'ક્રાઈસ્ટ'ને સાઈનેવુલ્ફની સૌથી રસપ્રદ કૃતિ ગણી છે.

'જુલિયાના'માં એક સાધ્વીના જીવનનું પરંપરાગત ચિત્ર છે. તેના માર્ગમાં આવતાં પ્રલોભન, તેનો તેણે કરેલો પ્રતિકાર, અંતે સેતાનનો પરાજય કર્યા પછી ધર્મના કારણે તેની શહાદત એ કાવ્યનો મુખ્ય વિષય છે. એમાં કોઈ નોંધપાત્ર વિશેષતા રસજ્ઞોને જણાઈ નથી. 'ધ ફેઈટ્સ ઑવ ધ ઍપૉસલ્સ' પણ કાવ્યગુણમાં ઊણી ઊતરે છે. ધર્મપ્રચાર માટે નીકળેલા પાદરીઓની આપવીતી અને કવિનું તે વિષે ચિંતવન તેમાં રજૂ થયું છે.

'એલીની' (Elene)માં સાઇનેવુલ્ફનું કવિસામર્થ્ય યોગ્ય રીતે પ્રગટે છે. આ કૃતિનું મૂળ કોઈ પ્રાચીન દંતકથામાં છે. કૃતિનો કથાવિષય સંક્ષેપમાં વર્ણવીએ તો સમ્રાટ કૉન્સ્ટન્ટાઈનને સ્વપ્નમાં ક્રૉસનું દર્શન થાય છે. આ દર્શનથી તેને યુદ્ધમાં વિજય મળે છે અને તે ખ્રિસ્તી ધર્મ સ્વીકારે છે. આ ઘટના વિશિષ્ટ છે. ક્રૉસ પ્રત્યેના ભક્તિભાવનો–આદરનો રાજાના ધર્મપરિવર્તન પછી આરંભ થાય છે. જે ક્રૉસ પૂર્વકાળમાં એક કલંકિત ચિહ્ન મનાતો હતો તે હવે ભક્તિનો—ધર્મનો સંકેત બને છે.

ખ્રિસ્તીધર્મી બનેલો રાજા મૂળ–સાચા ક્રૉસની શોધ માટે તેની માતા એલીનીને જેરુસલેમ મોકલે છે. એલીનીના ભય અને દબાણથી જુડાસ ક્રૉસના દફનસ્થાન પર પહોંચે છે. ઈશ્વરી સંકેત અનુસાર તે ભૂમિ ખોદે છે. તેમાંથી ત્રણ ક્રૉસ મળે છે. એમાં સાચો ક્રૉસ કયો? વળી ચમત્કાર બને છે. એક મૃત માણસ સાચા ક્રૉસના સ્પર્શે સજીવન બની જાય છે! એલેનીની ક્રૉસની શોધની આ કથા કવિએ અત્યંત સરળ, રોચક અને નાટ્યાત્મક શૈલીમાં વર્ણવી છે. એની સમુદ્રયાત્રાનાં વર્ણનો, તરંગો પર નૃત્ય કરતી નૌકાનાં ચિત્રો રમણીય અને સ્મરણીય છે.

એલીનીએ સાચો ક્રૉસ પ્રાપ્ત કર્યો એ સમાચાર જાણી કૉન્સ્ટન્ટાઈન હર્ષઘેલો બને છે. એના ફરમાનથી ક્રૉસના દફનસ્થાન પર દેવળની સ્થાપના કરવામાં આવે છે. સમગ્ર કથાનું નિરૂપણ સ-રસ અને પ્રાસાદિક છે અને કવિનો હેતુ મધુરપણે પ્રગટ થાય છે. આ કાવ્યનો પંદરમો સર્ગ વસ્તુસંકલનાની દૃષ્ટિએ બિનમહત્ત્વનો છે, પરંતુ એક દસ્તાવેજી પુરાવા તરીકે તેનું મૂલ્ય છે. એમાં સાઇનેવુલ્ફના નામાક્ષર હોવા ઉપરાંત તેની પ્રતિભાનો કિંચિત્ પરિચય તેના ઉદ્ગારોમાંથી મળે છે. ક્રૉસ તેના મોક્ષમાર્ગનું નિમિત્ત કેમ બન્યો તેનું રસપ્રદ વર્ણન તેમાં છે: 'હું વૃદ્ધ થયો છું દુનિયાના અંધકારમાં મેં ઊંડું ચિંતવન કર્યું છે અને શબ્દોના વણાટ વણ્યા છે. હવે આ દુનિયા છોડી જવાનો સમય આવી લાગ્યો છે. એક સમય એવો હતો જ્યારે સુવર્ણની પ્રાપ્તિમાં, ખજાનાઓની ઝંખનામાં, અમૂલ્ય ભેટસોગાદો મેળવવામાં મને આનંદ મળતો. હું, તેમ છતાં, ચિંતાયુક્ત પાપી અને દુ:ખી હતો. પરંતુ સર્વશક્તિમાન ઈશ્વરે મારા પર અનુગ્રહ કર્યો અને પવિત્ર ક્રૉસનું રહસ્ય મારી સમક્ષ પ્રગટ કરીને મને દિવ્ય માર્ગે દોર્યો. હવે મને સમજાય છે કે દુન્યવી સુખો ચંચળ છે અને સર્વેનો ન્યાય તોળનાર ઈશ્વર આપણી સમીપમાં જ છે!'

સાઇનેવુલ્ફનો આ એકરાર એના જીવનની બે ઘટના પર પ્રકાશ નાખે છે. એક તો એણે વૃદ્ધાવસ્થામાં આ કાવ્ય રચ્યું છે; અને બીજું ક્રૉસનું રહસ્ય તેને સમજાવાથી તેણે જીવનપરિવર્તન સ્વીકાર્યું હતું.

### 'ધ ડ્રીમ ઑવ ધ રૂડ' (The Dream of the Rood)

ક્રૉસનો ધર્મસંકેત તરીકે મહિમા કરનારી એક સમર્થ લાક્ષણિક કૃતિ તે 'ધ ડ્રીમ ઑવ ધ રૂડ'. સાઇનેવુલ્ફથી ધાર્મિક કવિતા નવો વળાંક લેતી જણાય છે. પૂર્વેની, બાઈબલના અનુવાદો કે પરંપરાગત વિષયમાં રાચનારી, ધર્મપ્રચારમાં જ સાર્થક્ય માનનારી ચીલાચાલુ કવિતાથી તે જુદી તરી આવે છે. 'ધ ડ્રીમ ઑવ ધ રૂડ' એનું નોંધપાત્ર દૃષ્ટાંત છે. ધર્મશ્રદ્ધાના એક પ્રતીકરૂપે ક્રૉસને સજીવ કલ્પવાની વૃત્તિ લૅટિન કવિતામાં વિદ્વાનોએ વારંવાર નિહાળી છે. ઍંગ્લો-સૅક્સન કવિ પણ આ રીતિથી પ્રભાવિત થયા છે. એ પછી અનેક કવિઓએ એ રીતનો ઉપયોગ વિવિધ પ્રયોજન સર કર્યો છે.

'ધ ડ્રીમ ઑવ ધ રૂડ' ઍંગ્લો-સૅક્સન સાહિત્યમાં પહેલવહેલું સ્વપ્નકાવ્ય છે. ત્રણ વિભાગમાં વહેંચાએલા આ કાવ્યમાં આરંભે સ્વપ્નદ્રષ્ટા નાયકના ઉદ્ગારો છે. તેણે સ્વપ્નમાં રત્નજડિત પ્રકાશમાન ક્રૉસના કરેલા દર્શનનું વર્ણન રસપ્રદ છે. ક્રૉસ તેની સમક્ષ આપવીતી વર્ણવે છે: જંગલમાં તેનો ઉદ્ભવ; તેનું માનવજાતના મુક્તિદાતા ઈશ્વર માટે ક્રૉસમાં રૂપાંતર; મુક્તિદાતાની હત્યા માટે પોતાના થનારા ઉપયોગ અંગે તેની વ્યાકુળતા; તેમ છતાં માનવજાતને મુક્ત કરવા માટે ઈસુના ક્રુસારોહણમાં ઈશ્વરી આદેશથી પોતે નિમિત્ત બનવાનો કરેલો નિર્ણય.–આ સર્વ વર્ણનમાં ધર્મનો ઉત્કટ ભાવ અસરકારક વાણીમાં પ્રગટ થયો છે. ક્રૉસના મુખે ઉચ્ચારાએલાં વચનોમાં સરળતા છતાં ઊર્મિની ઉષ્મા છે.

'........................it was my fate to stand.  
As a rood I was raised; I bore my Ruler up,  
The king of the skies; I could not bow down.  
They pierced me with dark nails; the places are on me still,  
The wicked wounds are open. Not one of them dared I harm.

(અંગ્રેજી અનુ૰ K. Malone)

દરેક આત્માને ક્રૉસ દ્વારા જ પૃથ્વીથી દૂર વસેલું દિવ્ય સ્વર્ગ પ્રાપ્ત કરવાના અનુરોધ સાથે ક્રૉસના ઉદ્‌ગારો વિરામ પામે છે; ને અંત ભાગે સ્વપ્નદ્રષ્ટા, ક્રૉસના દર્શન-પ્રવચનની અસરના પરિણામે થએલા પોતાના જીવનપરિવર્તનની વાત વર્ણવે છે; ક્રૉસના ધર્મપ્રચારમાં જ પોતાનું સમસ્ત જીવન સમર્પીને દિવ્યપ્રાપ્તિની અભિલાષા તે વ્યક્ત કરે છે.

આ કાવ્ય ઘણા બધા વિવેચકોની પ્રશંસા પામ્યું છે. તેમની દૃષ્ટિએ આ કૃતિ પ્રાચીન અંગ્રેજી કવિતાનું ગૌરવ છે. ધર્મ પ્રત્યેનો ઉત્કટ ભાવ આવું વિશિષ્ટ કલારૂપ આ કાવ્યમાં પ્રથમ વાર પામે છે. એક વિવેચક બ્રેન્ટિન્ક સ્મિથના શબ્દોમાં 'The Dream of the Rood' is the choicest blossom of old English Christian poetry.'

## સાઈનેવુલ્ફ-પરંપરાની કેટલીક કૃતિઓ

સાઈનેવુલ્ફની પરંપરા સાથે સંકળાએલી અન્ય ગણનાપાત્ર ધાર્મિક કૃતિઓમાં 'ઍન્ડ્રીઆઝ' (Andreas), 'ફીનિક્સ' (Phoenix) અને 'જ્યુડિથ' (Judith)નાં નામ ગણાવી શકાય.

'ઍન્ડ્રીઆઝ'માં ધર્મોપદેશકની આપવીતીનું ચિત્રાત્મક શૈલીમાં વર્ણન છે. ઇથિયોપિયાના જંગલીઓની વચ્ચે સપડાએલા સંત મૅથ્યુની સહાય માટે ઈશ્વરી આદેશથી સંત ઍન્ડ્રુ નૌકામાં સાગરપ્રવાસ ખેડે છે. એ નૌકાના અદૃશ્ય સુકાની ઈશ્વર પોતે અને બે દેવદૂત છે. ઍન્ડ્રુના આગમનથી મૅથ્યુના આત્માને પરમ આસાએશ મળે છે; પરંતુ ઍન્ડ્રુ પોતે જ જંગલીઓના હાથમાં ઝડપાય છે અને તેને પણ યાતના વેઠવી પડે છે. અંતે ચમત્કાર સાધીને તે મુક્ત થાય છે અને જંગલી પ્રજાને ધર્મબોધ કરી તેમનું ધર્માંતર કરાવે છે.

આ કાવ્યની વિશેષતા, તેમાં 'સીફેરર' (The Seafarer)નું સ્મરણ કરાવે તેવો સાગર પ્રત્યેનો ઉષ્માભર્યો જે ભાવાવેગ પ્રગટ થાય છે તે છે. એક વિદ્વાને તેને 'દરિયાઈ રોમાન્સનું કાવ્ય' કહ્યું છે. સમુદ્રનાં તોફાનનાં અને એ તોફાનોનો મુકાબલો કરતા માનવના સામર્થ્યનાં એમાંનાં વર્ણનો વિરલ કહી શકાય તેવાં છે. તદુપરાંત આ કૃતિમાં જૂની અને નવી જીવનપ્રણાલીનું અદ્‌ભુત સંયોજન છે. ઍન્ડ્રુ વ્યવસાયે ખ્રિસ્તી પાદરી હોવા છતાં વાસ્તવમાં એ ચાંચિયો છે, ધર્મયુદ્ધ લડનારો એ સાચી રીતે તો સાહસી દરિયાખેડુ છે.

'ફીનિક્સ' કેટલાક સંશોધકોના અભિપ્રાયે લૅટિન કવિ લેક્ટેન્સિયસની એ જ શીર્ષકવાળી કવિતા પરથી રચાએલી કૃતિ છે. એમાં પહેલા ખંડમાં પૂર્વમાં આવેલા પાર્થિવ સ્વર્ગનું, ફીનિક્સના સૌંદર્યનું, હજાર વર્ષનું જીવન વિતાવ્યા પછી નવો માળો બાંધવા મૃત્યુ પામીને ફરી પોતાની રાખમાંથી નવો જન્મ ધરવા સીરિયાના પ્રદેશ તરફ તેના ઉડ્ડયનનું વર્ણન છે. બીજા ખંડમાં કવિએ ફીનિક્સને સદ્‌ગુણી આત્માના તથા ઈસુના પ્રતીક તરીકે ઘટાવીને તેનો મહિમા વર્ણવ્યો છે. 'ફીનિક્સ'ના સ્વર્ગનું વર્ણન વિદ્વાનોની દૃષ્ટિએ ઍંગ્લો-સૅક્સન કવિની પ્રકૃતિ પ્રત્યેની નવી અભિમુખતાનો નિર્દેશ કરનારું છે. અહીં પહેલી જ વાર ઍંગ્લો-સૅક્સન કવિ સભાનપણે કલાના પ્રયોજનથી પ્રકૃતિનું દૃશ્ય ચીતરે છે : કાવ્ય રસિકોએ આ સપ્રમાણ, સમુચિત આબોહવાવાળી પ્રકૃતિના નકારાત્મક વર્ણનમાં કશીક નવીન મોહકતા નિહાળી છે :

Winsome is the world there; there the wealds are green,
Nor the headlong squall of hail, nor the hoar-frost's fall,
Nor the burning of the sun, nor the bitter cold,
Nor the weather over-warm, nor the winter shower
Do their wrong to any wight—but the world abides
Ever happy, healthful there. (સ્ટૉપફર્ડ બ્રુકનો અનુવાદ)

કાવ્યનો અંત અસામાન્ય છે. છેલ્લી અગિયાર પંક્તિઓમાં અંગ્રેજી અને લૅટિન ભાષાનું મિશ્રણ છે, પંક્તિનો પૂર્વાર્ધ અંગ્રેજીમાં ને ઉત્તરાર્ધ લૅટિનમાં છે અને લૅટિન શબ્દો અંગ્રેજીના શબ્દો સાથે અનુપ્રાસ સાધે છે!

'જ્યુડિથ'માં મેરિકાની રાણીના ડેઇનલોકો સામેના પરાક્રમની રોચક અને પ્રેરક ગાથા કવિએ નિરૂપી છે. રાણીના પરાક્રમે યહૂદીઓનાં હૃદયમાં થએલા શૌર્યસંચારનું વર્ણન રસપ્રદ છે. આ કૃતિના પહેલા નવ સર્ગ પ્રાપ્ત નથી, પરંતુ દસથી બાર સર્ગ સંપૂર્ણ અને કૃતિનું હાર્દ બરાબર પ્રગટ કરનારા કવિના સામર્થ્યની પ્રતીતિ રૂપ છે. નવમા સર્ગનો થોડોક ખંડ રાણીના ધર્મ વિષે પ્રકાશ નાખનારો, પ્રસ્તાવના રૂપ છે. દસમા સર્ગમાં ઍંગ્લો-સૅક્સન કવિઓને સર્વથા અનુકૂળ નીવડેલું મહેફિલનું વર્ણન છે. ઍસીરિયન છાવણીમાં શરાબના છલકાતા જામ, મહેમાનોનાં ખડખડાટ હાસ્ય અને તેમના મોજીલા વિલાસી વહેવાર-વાર્તાલાપોનું વર્ણન કવિએ કશી કચાશ રાખ્યા વિના વિગતે કર્યું છે.

અંધકાર પથરાય છે અને ઍસીરિયન રાજા હોલોફર્નેસના સૈનિકો મેરિકાની રાણી જ્યુડીથને તેની તહેનાતમાં આણે છે. શરાબના નશામાં ચકચૂર હોલોફર્નેસને જોઇને રાણી તક ઝડપે છે. ઈશ્વરનું સ્મરણ કરીને તે શસ્ત્ર ખેંચે છે અને તંદ્રાવસ્થામાં પડેલા રાજાના કેશ પકડી, તેને પોતાની તરફ ખેંચી, એક અને બીજા ઘાથી તેનું મસ્તક ધરતી પર રગદોળાતું કરી મૂકે છે. કવિએ રાણીના આ પરાક્રમનું ચિત્ર સમર્થપણે ઉપસાવ્યું છે. વિદ્વાનોએ કવિની આ શક્તિને બિરદાવી છે.

અગિયારમા સર્ગમાં રાણી જ્યુડિથ તેની દાસી સાથે મૃત રાજાનું મસ્તક છુપાવીને છાવણીની બહાર છટકે છે તેનું વર્ણન છે. તેમની વાટ જોતા બહાર ઊભેલા યોદ્ધાઓ સમક્ષ તે રાજાનું મસ્તક રજૂ કરે છે અને જુસ્સાભરીવાણીમાં તેમને ઍસીરિયનદુશ્મનોની છાવણી પર છાપો મારવાનો આદેશ આપે છે. વહેલી પરોઢે વરુ અને ગીધડાં ઉજાણીના ઉમંગમાં આનંદના ચિત્કાર કરી રહ્યાં છે, ઝાકળરંગી પીછાંવાળો પક્ષીરાજ ગરુડ તેમનાં મસ્તકો પર યુદ્ધના ઉન્માદનો ગીતશોર મચાવતો પાંખો ફફડાવી રહ્યો છે તેવે સમયે રાણી જ્યુડિથના સૈનિકો શરાબના ઘેનમાં ચકચૂર પડેલા દુશ્મનો ઉપર ત્રાટકે છે ને દુશ્મનો જીવ બચાવવા શસ્ત્રો નાખીને નાસભાગ કરી મૂકે છે. ઍસીરિયનો સામે વિજય પ્રાપ્ત કર્યા પછી રાણી જ્યુડિથની સર્વશક્તિમાન પ્રભુની પ્રાર્થના સાથે કાવ્ય વિરામ પામે છે.

કેટલા યે કાવ્યરસિકોને આ કૃતિ તેની નાટ્યાત્મક ઘટનાઓને કારણે આકર્ષક લાગી છે. ચિત્રોની ગતિશીલતાએ ઘણા વિવેચકોનું ધ્યાન ખેંચ્યું છે. તેમ છતાં રાણી જ્યુડિથના પાત્રચિત્રણ વિષે તેમને સંતોષ નથી. તેમના અભિપ્રાયે બાઈબલમાં પ્રગટ થતી જ્યુડિથ વધુ કાર્યશીલ ને જીવંત છે. ઍંગ્લો-સૅક્સન કવિની આ જ્યુડિથ તેમને વાચાળ લાગી છે.

## પચ્ચીસ વર્ષ પહેલાં

મે ૧૯૪૭ · સળંગ અંક ૨૮૧

પ્રાચીન નાટ્યશાસ્ત્ર તથા તેની અનુષંગી કળાઓ (નૃત્યાદિ)નો પરિચય આપતી એક લેખમાળા પચ્ચીસ વર્ષ પહેલાં ચાલતી. તેમાંનો 'રસ' ઉપરનો રસમય સમકાલીન હપતો :

'શાસ્ત્રમાં રસની એવી વ્યાખ્યા કરી છે કે આત્માનંદનો આસ્વાદ અથવા અનુભવ તે રસ. માણસ જેમ સ્વાદિષ્ટ રસનો આસ્વાદ લઈને આનંદ પામે છે, તેમ વિવિધ ભાવોને પણ આસ્વાદી શકાતા હોવાથી શાસ્ત્રમાં શૃંગાર વગેરેને રસ કહ્યા છે. એ આઠ રસનાં નામ આ પ્રમાણે છે: (૧) શૃંગાર, (૨) હાસ્ય, (૩) કરુણ, (૪) રૌદ્ર, (૫) વીર, (૬) ભયાનક, (૭) બીભત્સ અને (૮) અદ્‌ભુત. કેટલાંક શાસ્ત્રોમાં 'શાંત'ને નવમો રસ ગણવામાં આવ્યો છે.

હવે આપણે એ રસોનું સ્વરૂપ, તેમજ તે ઉત્પન્ન થવાનાં કારણો તથા તેનાં લક્ષણો (જેને શાસ્ત્રમાં 'વિભાવ' ને 'અનુભાવ' અથવા 'આલંબન' અને 'અનુલંબન' કહે છે) તે જોઈશું.

**શૃંગાર**: સ્ત્રી—પુરુષનો પરિપૂર્ણ રતિભાવ તે શૃંગાર. શૃંગાર રસ નાયક અને નાયિકાને આધારે રહેલો છે.

આલંબન: પ્રિય વસ્તુની પ્રાપ્તિ કે પુષ્પ, આભૂષણ, ઉદ્યાન વગેરે કોઈ પણ મધુર વસ્તુ તેનું ઉદ્દીપન (કારણ) કે આલંબન છે.

અનુલંબન: નેત્રચાતુર્ય, ભ્રૂક્ષેપ, મુખ-પ્રસન્નતા, લલિત અંગહાર, મધુર વાણી વગેરે તેનાં અનુલંબનો કે લક્ષણો છે.

**હાસ્ય**: હાસની પરિપૂર્તિ તે હાસ્ય.

આલંબન (કારણ કે વિભાવ): પરચેષ્ટાનું અનુકરણ, વિપરીત વેષ આચાર કે અલંકાર, અસંબદ્ધ પ્રલાપ, વિકૃત અંગચેષ્ટા ઈત્યાદિ.

અનુલંબન (અનુભાવ કે લક્ષણ): હોઠ ગાલ ને નાકનું સ્પંદન, મોં લાલ થઈ જવું વગેરે.

**કરુણ**: શોકનો પરિતોષ તે કરુણ.

આલંબન: ઐશ્વર્યનાશ, ઇષ્ટજનવિયોગ વ.

અનુલબન (લક્ષણ): અશ્રુપાત, આક્રંદ, મુખશોષ, વર્ણભેદ, સ્વરભંગ કે ગદ્‌ગદ્ કંઠ, નિઃશ્વાસ, ગાત્રશિથિલતા વગેરે.

**રૌદ્ર**: પરિપૂર્ણ ક્રોધ તે રૌદ્ર.

આલંબન: ધર્ષણ, કલહ, વિવાદ, પ્રતિકૂલતા, અવમાન, દ્રોહ, અસત્યતા ઈત્યાદિ.

અનુલંબન: ઉગ્ર નેત્ર, ભ્રૂકુટિ (ભ્રમર ચડવી), ઉત્ફુલ્લ નાસા (નાક ફૂલવું), હાથ દંત અને હોઠ પીસવા વગેરે. મારવું, પીટવું, પીડવું, છેદવું, ભેદવું વગેરે રૌદ્રનાં કર્મો છે.

**વીર**: પરિપૂર્ણ ઉત્સાહ તે વીર.

આલંબન: સામર્થ્ય, પ્રતાપ, પરાક્રમ, શૌર્ય, શક્તિ, પ્રભાવ, નિશ્ચય ઇત્યાદિ.

અનુલંબન: સ્થિરતા, ત્યાગ, ધૈર્ય, દાન ઇ.

**ભયાનક**: ભયનો પરિતોષ કે સર્વ ઇન્દ્રિયોનો વિક્ષોભ તે ભયાનક.

આલંબન: વિકૃતાકારનું દર્શન, ઘોર ધ્વનિનું શ્રવણ, અપરાધ, રાત્રી કે અંધકાર, શૂન્યાગાર, અરણ્યવાસ, સંગ્રામ વગેરે.

અનુલંબન: શરીરકંપન, રોમાંચ, મુખશોષ, સ્વરભંગ, વર્ણભેદ, સ્વેદ, અંગશિથિલતા, હૃદયકંપ, શુષ્ક ઓષ્ઠ-કંઠ ઇત્યાદિ.

**બીભત્સ**: જુગુપ્સાનો પરિતોષ કે સર્વ ઇન્દ્રિયોનો સંકોચ તે બીભત્સ.

આલંબન: દુસ્વાદ, દુર્ગંધ કે કોઈ પણ જુગુપ્સાજનક વસ્તુનું દર્શન–શ્રવણ–સ્પર્શ વ.

અનુલંબન: નાક, કાન, આંખ વગેરે સર્વ અંગોનો સંકોચ, મુખ મચકોડવું, નાક-કાન-આંખ ઢાંકવાં વગેરે.

**અદ્‌ભુત**: વિસ્મયનો પરિતોષ તે અદ્‌ભુત.

આલંબન: વિચિત્ર કે આશ્ચર્યજનક વસ્તુનું દર્શન શ્રવણ વગેરે, તેમજ માયા, જાદુવિદ્યા, સહસા દર્શન વગેરે.

અનુલંબન: અનિમેષ પ્રેક્ષણ, રોમાંચ, પ્રશંસા, હર્ષ, ભ્રૂવિક્ષેપ (ભવાં ચઢવાં), સ્તબ્ધતા, નેત્રવિસ્તાર (આંખો ફાટવી) વગેરે.

**શાંત**: વૈરાગ્યનો પરિતોષ તે શાંત.

આલંબન: કામ, ક્રોધ, લોભ વગેરે વિષયો તથા દુન્યવી બાબતોથી વિરક્ત રહેવું તે.

અનુલબન: ધ્યાનસ્થ વૃત્તિ, સાંસારિક વિષયોથી વિરક્તિ, નિર્વિકાર સ્થિરતા, નિશ્ચલતા વ.

આ રસોમાં શૃંગાર, રૌદ્ર, વીર ને બીભત્સ એ ચાર રસો મૂળ છે. ને એ પૈકી શૃંગારમાંથી હાસ્ય, રૌદ્રથી કરુણ, વીરથી અદ્‌ભુત ને બીભત્સથી ભયાનક ઉદ્‌ભવ્યા છે. શૃંગારનુ અનુસરણ તે હાસ્ય, રૌદ્રનું કર્મ તે કરુણ, વીરનું કર્મ તે અદ્‌ભુત ને બીભત્સનું દર્શન તે ભયાનક.

**અન્યોન્ય વૈરી ભાવ**: શૃંગાર ને બીભત્સ, વીર ને ભયાનક, હાસ્ય ને કરુણ, રૌદ્ર ને અદ્‌ભુત તે અન્યોન્યના વૈરીભાવવાળા રસ છે.

**ભાવ અને રસના જન્ય-જનક ભાવ** આ પ્રમાણે છે: શૃંગારનો સ્થાયી ભાવ રતિ, હાસ્યનો સ્થાયી ભાવ હાસ, કરુણનો સ્થાયી શોક, રૌદ્રનો સ્થાયી ક્રોધ, વીરનો સ્થાયી ઉત્સાહ, ભયાનકનો સ્થાયી ભય, બીભત્સનો સ્થાયી જુગુપ્સા, અદ્‌ભુતનો સ્થાયી વિસ્મય અને શાંતનો સ્થાયી ભાવ નિર્વેદ છે.

**રસોના વર્ણો**: શાસ્ત્રમાં દરેક રસના વર્ણો (રંગો) દર્શાવવામાં આવેલા છે. શૃંગારનો વર્ણ શ્યામ, હાસ્યનો શ્વેત, કરુણનો કપોત (રાખોડી), રૌદ્રનો રક્ત (લાલ), વીરનો સ્વર્ણ (સોનેરી), ભયાનકનો કૃષ્ણ (કાળો), બીભત્સનો નીલ (ભૂરો) ને અદ્‌ભુતનો પીત (પીળો).

**રસ-દેવતા**: શાસ્ત્રમાં વળી પ્રત્યેક રસના દેવતા પણ નક્કી કરવામાં આવેલા છે. શૃંગારના દેવતા વિષ્ણુ, હાસ્યના ભૂત, કરુણના યમ, રૌદ્રના શિવ, વીરના ઇન્દ્ર, ભયાનકના ભૂત, બીભત્સના મહાકાલ ને અદ્‌ભુતના દેવતા ગાંધર્વ.

**સ્વર-યોજના**: કયા કયા રસની ઉત્પત્તિ માટે કયા કયા સ્વર યોજવા તે પણ શાસ્ત્રમાં જણાવવામાં આવ્યું છે. તેમાં દર્શાવ્યા અનુસાર શૃંગાર ને હાસ્યની ઉત્પત્તિ માટે મધ્ય અને પંચમ (મ, પ) સ્વર યોજવા જોઇએ; કરુણમાં ગાંધાર ને નિષાદ (ગ. ની) સ્વર યોજવા જોઇએ; રૌદ્ર, વીર ને અદ્‌ભુતમાં ષડ્જ ને ઋષભ (સા, રી) તથા બીભત્સ તેમજ ભયાનકમાં ધૈવત (ધ) સ્વર યોજવા જોઈએ.' □


કુમાર કાર્યાલયનું

નવું પ્રકાશન

કલાકાર રસિકલાલ પરીખની ચિત્રસાધના

૮ ત્રિરંગી ચિત્રો તથા ૧૬ સાદાં ચિત્રો, (જેમાં કેટલાંક નવાં જ છે) રેખાંકનો, શિલ્પ, વૂડકટ આદિનો, ચરિત્રરેખા સાથેનો

ચિત્રસંપુટ


કિં. રૂ. ૬

પોસ્ટેજ (રજિ. સાથે) રૂ. ૧–૨૦

સાદા બુકપોસ્ટથી ૨૫ પૈસા

કુમાર કાર્યાલય લિમિ.

૧૪૫૪ રાયપુર અમદાવાદ-૧




**નવ રસ:** કાવ્ય, નાટક, નૃત્ય આદિમાં વસ્તુ પરત્વે ચિત્તનો વિકાર થઇને માણસમાં જુદાજુદા પ્રકારના ભાવનો ઉદ્રેક થાય છે. એ ભાવ-થી માનવ-હૃદયમાં આનંદ, ભય, ક્રોધ આદિ જે અનેકવિધ લાગણીઓના આત્માનંદનો અનુભવ પ્રકટે છે તેના નવ ભાગ પાડી શાસ્ત્રકારોએ તેને નવ રસ કહ્યા છે. એ નવે રસોનું જે વિસ્તૃત નિરુપણ આ સામે આપેલું છે તેને ચહેરાના ભાવમાં વ્યક્ત કરતાં ચિત્રો.

# તારુણ્યની તકલીફો

## વર્ણવતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા

### [૧૯ - મૈત્રી, પ્રેમ અને કામુકતા]

**માતપિતાના વહાલને છોડી દૂર થએલા તરુણને દુનિયાના કોલાહલમાં કોઈના વહાલસોયા થવું હોય છે. એમાંથી સમાનશીલોમાં મિત્રતા સર્જાય છે.**

**પણ મિત્રતા અને પ્રેમ વચ્ચે ફેર છે. મૈત્રી એ સૌમ્ય સંવેદન છે, જ્યારે પ્રેમમાં તીવ્ર અને ગહન વેદન છે. પ્રેમમાં બેથી ત્રીજાની હાજરી સહી જતી નથી, જ્યારે મિત્રો એક કરતાં વધુ હોઈ શકે છે.**

**સામી જાતિની વ્યક્તિ સાથેની મૈત્રીમાં કામવૃત્તિ ડોકાવા માંડે છે. તરુણીમાં કામાવેગ સુષુપ્ત હોય છે પણ તરુણમાં તે અતિ પ્રબળ હોય છે. આવે સમયે સમજુ તરુણી દૃઢ મનથી અને કુનેહથી તરુણને મર્યાદા ઓળંગવા નથી દેતી.**

તરુણને એકલતા વધુ સાલે છે. તેના નિવારણ માટે એ મિત્રતા ઝંખે છે. બાળપણની દોસ્તી રમતગમત પૂરતી હોય છે; પણ બારેક વર્ષની વય પછી દરેક જણ પોતાના આદર્શો, આશાઓ, ભય નિર્બળતાઓ, એમ પોતાના વિષેનું બધું જ જાણે છે અને એ ગોપિત રાખી શકે એવા વિશ્વસનીય સંબંધ ઇચ્છે છે. પંદરથી વીસ વર્ષે સુધીમાં એ સંબંધમાંથી હાર્દિક અને કાયમી મિત્રતા બંધાય છે.

જિંદગીના નવા તબક્કામાં પ્રવેશેલા તરુણોને પોતાની અંગત કે વ્યક્તિગત બાબતો વ્યક્ત કરવાની પ્રબળ જરૂર જણાય છે. ઘરમાં મોટેરાંઓને કહેતાં સંકોચ પમાય તેવી બાબતો સમવયસ્કોને કહેવી તેને ગમે છે. સાથીઓ તો ઘણા હોઈ શકે છે, પણ આવો અતિ નિકટનો મિત્ર તો એકાદ હોય છે. મિત્ર તરફના કુટુંબના વલણ માટે તરુણ બહુ લાગણીશીલ હોય છે. મિત્ર માટે–ખાસ કરીને સામી જાતિના મિત્ર માટે કોઈ ટીકા કરે તો તેને એથી બહુ દુઃખ થાય છે. કુટુંબીઓ વાંધો ઉઠાવે, એને વખોડે કે અવગણે તેટલો તે મિત્ર તરફ વધારે વફાદારી દાખવે છે.

ફળિયાની કે શાળાની પિછાન કે સંગતમાંથી સમાન વિચાર, વલણ ને આચરણવાળી વ્યક્તિઓમાં મિત્રતાની ગાંઠ બંધાય છે. તરુણ તરુણી જેટલી સોબત આપી ન શકે તેનો ખયાલ હોવા છતાં તરુણને ગર્લફ્રેન્ડ અને તરુણીને બૉય-ફ્રેન્ડ હોઈ શકે છે. મોટા ભાગે સમાન જાતિની વ્યક્તિઓ વચ્ચે જ મિત્રતા બંધાય છે, પણ વ્યક્તિત્વ ને પસંદગીના ધોરણે સામી જાતિની વ્યક્તિઓ વચ્ચે પણ મિત્રતાની ગાંઠ બંધાય છે. આ બૌદ્ધિક મિત્રતામાં વિચારોની આપ-લે ને અન્યોન્ય હિતસંબંધમાં પરસ્પર આદરભાવ રહેલાં હોય છે. બન્ને જાતિ વચ્ચે, ખાસ કરીને સ્ત્રીપક્ષે, અમુક પ્રમાણમાં ચુપકીદી અને સંકોચ રહે છે. સમાન જાતિની મિત્રતા કરતાં તરુણ તરુણીની મિત્રતામાં એટલો ફેર રહે છે કે તેમનો સંબંધ પ્રેમકિસ્સામાં પરિણમશે કે શું, એવી છુપાએલી છતાં તદ્દન અણપ્રિછી ન રહે એવી ભાવના માતાપિતા, લોકો અગર તો તેમના ખુદમાં પણ ખસૂસ ડોકાય છે. તરુણ-તરુણીઓની મિત્રતા અને પ્રણયચેષ્ટા કંઇ ગુપ્ત રહેતાં નથી, પણ તરુણ કોઈ તરુણીના પ્રેમમાં પડયો હોય તો તે તેના વિષે ઓછું બોલે છે અને તરુણી પણ બીજા મિત્રો કરતાં પ્રેમપાત્ર નીવડેલા બૉયફ્રેન્ડનો ઉલ્લેખ ઓછો કરે છે.

માતાપિતાના વ્હાલની સોડ હડસેલી જરા આઘે ભાગેલા તરુણોને દુનિયાના કોલાહલમાં કો'કના વ્હાલસોયા બનવાનું ગમે છે. પોતે કોઇને ચાહે એટલું જ નહિ, પરંતુ પોતે પણ તેનું પ્રિયપાત્ર બને એવી ઝંખના સેવે છે. આ બેવડી જરૂરિયાતથી મિત્રતા ગાઢ બને છે.

મિત્રતા અને પ્રેમ વચ્ચે પાતળી ભેદરેખા છે. પ્રેમ એ ભાવ છે તો મિત્રતા આવિર્ભાવ છે, મૈત્રી સૌમ્ય સંવેદન છે, પ્રેમ ગહન છે. પ્રેમ કરતાં મૈત્રી ઓછી અંધ છે પણ પ્રેમમાં પ્રબળ શક્તિ ભરી છે. બન્નેમાં એકબીજાની જરૂરત અનિવાર્ય છે. પ્રેમ આત્મ-સંતૃપ્તિ છે. પ્રેમ એ પોતામાં રહેલી એકલતાની ઊણપ ભરપાઈ કરવાનો એક પ્રયત્ન છે. માનસિક સ્વસ્થતા મેળવવાની આ એક શોધ છે, પણ તે ઘેલછાભરી લાગે છે. તેની તીવ્ર ભાવના પાછળ દુઃખ પણ રહેલું છે. પ્રેમ એક લાગણી છે. બધી વ્યક્તિ અને વસ્તુઓ-માતાપિતા, ભાઈબહેન, સ્ત્રી ને પુરુષ, ગુરુ અને દેશ, પંખી અને પ્રાણીઓ તરફની લાગણીમાં પ્રેમ સર્વશ્રેષ્ઠ છે. તે આપણને અને બીજાને સુખ આપે છે. શ્રદ્ધા, નિષ્ઠા અને સદાચારનો તે મુખ્ય આધાર છે. કોઈના પ્રેમમાં પડવું એ સહેલું છે, પણ કોઈના પ્રેમપાત્ર બનવું અઘરું છે. આની અવેજીમાં મિત્રતાનો જન્મ થાય છે.

એક સરખી જાતિનાં અને એકસરખાં શીલ કે અભિરુચિ વચ્ચે મિત્રતા–સખ્ય જામે છે. समानशील व्यसनेषु सख्यम् જ્યારે પ્રેમની પ્રેરણા માટે શરીર અને આત્માનાં આકર્ષણ પૂરતાં છે. બે શત્રુ વચ્ચે પણ પ્રેમ હોઈ શકે છે, પણ બે શત્રુ મિત્ર નથી બની શકતા. આ મિત્રતા કરતાં પ્રેમની ભૂમિકા ઉમદા અને ઉચ્ચ છે. પ્રેમમાં બેથી ત્રીજાની હાજરી સહી જતી નથી. જ્યારે એક કરતાં વધુ મિત્રો હોઈ શકે છે. આમ, મિત્રતામાં વધુ ઉદારતા છે. મિત્ર ધારેલી અપેક્ષાઓ ન પૂરી શકે તો બન્નેનો સંબંધ વણસે છે. બીજા માટે વધારે પડતી આશા ધરાવતાં પણ સંબંધ બગડે છે. બદલાની વાંછના વગરની મૈત્રી વિરલ છે, આથી જ તે દિવ્ય બને છે. જોકે આવી મૈત્રી એક આદર્શ છે.

મિત્રો વગરની જિંદગી એકલવાયી લાગે છે. પ્રેમ અને મૈત્રી માનવહૃદયનું રસાયણ છે. કોકે પ્રેમને હૃદયનું અંજન કહ્યું છે. ડૉ. રાધાકૃષ્ણનનું કથન છે કે 'તમે જેટલો વધુ પ્રેમ કરશો એટલું જ અધિક કષ્ટ તમારે સહેવું પડશે. અનંત પ્રેમનો અર્થ છે અનંત કષ્ટ-સહિષ્ણુતા.' વેદના વિના પ્રેમ અસંભવ છે, પણ એ વેદનાથી પ્રેમ વૃદ્ધિ પામે છે.

તરુણ વયની એકલતાની લાગણીના ગાળામાં કામની ભરતી હેઠળ તરુણને કવિ 'કાન્ત'ના દેવયાનીના વર્ણનની જેમ તરુણીનું શૃંગારભાવમાં થતું સંક્રમણ આકર્ષક નીવડે છે.

> 'સ્ફુરે લાવણ્યનું શું આ પરિવર્તન અંગમાં!
> રમતી રમણી ભાસે દિવ્ય નૂતન રંગમાં.'

પોતાનામાં ખૂટતી કોઈ કડીની ઉત્કટ ઇચ્છા ને શોધ જાણે કે ફળે છે. તેને તરુણીનો સંગ જીવનશક્તિના સ્રોતનું ઉદ્ભવસ્થાન લાગે છે. આમાંથી લૈંગિક પ્રેમ પાંગરે છે. તે સાથે સ્ત્રીમૈત્રીની ઉષ્ણતા અનુભવાય છે.

સામી જાતિની વ્યક્તિ સાથેની મૈત્રીમાં સેક્સ (કામવૃત્તિ) ડોકાય છે. આમ, ગઈ સદીના કવિઓની ભાષામાં, 'પુષ્પધન્વાનું શર સંધાતાં' બન્નેના વિચારોમાં આમૂલ પરિવર્તન થાય છે. તરુણને દુનિયા પોતે અગાઉ કદી ન અનુભવી હોય એવી ભરીભાદરી અને મનમોહક લાગે છે. વનસ્પતિની હરિયાળી, ફૂલોની સુગંધ ને પંખીનાં ગાન જાદુભર્યાં લાગે છે. પવન આહ્લાદ પ્રેરે છે. બધું અદ્ભુત અને નયનરમ્ય લાગે છે. પ્રેમોલ્લાસમાં દુનિયા નવી નજરે જોવાય છે.

જાતીય પુખ્તતા પામ્યા બાદ તરુણમાં કામાવેગ અતિપ્રબળ હોવાનું મનાય છે, જ્યારે તરુણીમાં કામાવેગ વિકસતાં ઘણો સમય લાગે છે. પચ્ચીસની ઉંમર વીત્યા બાદ તે તીવ્ર બને છે. હા, જિંદગીના બીજા દાયકામાં

તેમને તરુણો વિષે અદ્‌ભુત રસવાળા–પ્રેમશૃંગારિક વિચારો આવે છે ખરા. પણ સેક્સ માટે તે આશ્ચર્યચકિત થાય છે; પણ એ જ ઉમરના તરુણની જેમ તે કામેચ્છા કે કામાવેશથી ભાગ્યે જ પીડાય છે. મોટા ભાગની તરુણીઓના શરીરના પ્રતિભાવ સુષુપ્ત હોય છે. તરુણની સંગતથી તે જાગૃત થાય છે.

તરુણીમાં કામના (feeling) નથી એમ નહિ પણ તેમની જાતીયવૃત્તિ જુદી રીતે કામ કરે છે. જે વાતચીત, વાર્તા, દશ્ય, સ્પર્શ તથા ચલચિત્રોના પ્રસંગોની તરુણીને ઝાઝી વિસાત ન હોય તે, તેની સાથમાં એકાંતમાં રહેલા સારી તરુણની કામેચ્છાઓને ખળભળાવી મુકે છે. હજી તેનો આત્મસયમ પૂરતો કેળવાયો નથી હોતો, એટલે દઢ ચારિત્ર્ય અને નીતિમત્તા વિનાનો તરુણ પ્રબળ કામેચ્છામાં તણાઈ કંઈ અડપલું પણ કરી બેસે છે. આ ઘડીએ જો તરુણી એ મિત્રને ખોટું લાગશે એમ સમજી આ બાબત માટે અણગમો કે તિરસ્કાર વ્યક્ત ન કરે તો તરુણ ફરી આવો પ્રસંગ મળતાં આગળ વધે છે. જો તરુણી દઢ મનથી, કુનેહથી તરુણને મર્યાદા ઓળંગવા નથી દેતી તો પછીથી તરુણને તેના માટે માન ઊપજે છે અને તેમનો નિર્મળ સબંધ જીવનભર ટકે છે.

સરાસરી તરુણીને તરુણના કામાવેગની શક્તિનો કંઈ ખયાલ નથી હોતો, પણ તારુણ્યમાં તરખાટ મચાવનારી એ કામવૃત્તિ વિષે તરુણીઓએ સ્પષ્ટ જાણવું જરૂરી છે. તેમનો સ્ત્રીદેહ તરુણમાં નવા આવેશો, નવી વાસના, નવા મનોવિકાર પ્રગટાવવાના કારણરૂપ બને છે. વળી નારીદેહની મોહકતાને ઉઘાડી પાડતી અરધું શરીર ઢાંકતી વેશભૂષા, વગેરે તરુણને માટે અતિશય લલચાવનારી બને છે. વળી કેટલીક તરુણીઓ ઢીંગલીની જેમ વર્તે છે. આમાં તેના ઉછેરનો દોષ છે.

પુરુષો વચ્ચેના ગાઢ ને પ્રેમાળ સંબંધોમાં સંગત આનંદદાતા થઈ પડવા સિવાય વિશેષ કશું હોતું નથી જ્યારે તરુણ તરુણીના લાંબા ગાળાના સંબંધોમાં પ્રચ્છન્ન રહેલી બલિષ્ઠ સેક્સ ડોકાવા માંડે છે. અમુક મર્યાદા ઓળંગાયા પછી બન્ને જણાં ફાવે તેટલાં ચારિત્ર્ય અને નીતિભર્યાં હોવા છતાં પ્રેમોપચારમાં ઢળે છે. એવે સમયે સમજુ તરુણી અડગ ને નિશ્ચલ રહી આગળ નથી વધતી તો ગાંડાતુર બનેલા કોક જાત પરનો કાબૂ ગુમાવી બેસે છે. આથી જ તો આપણા વડીલોએ યુવાનોના એકાંત સહવાસને ઘી અને અગ્નિના સંયોગ સમાન કહ્યો છે. આમાંથી જ તકલીફોનાં વાદળ ઊમટે છે. કેમ કે એનું પરિણામ તરુણીના દેહને સ્પર્શતું હોઈ તેના પોતાના પર અને એના કુટુંબ ઉપર કાતિમાના ઓળા ઊતરે છે. પતિપત્નીના સંબંધથી જોડાવા વચનબદ્ધ બનેલાં તરુણતરુણીઓમાં પણ જો વિવેકબુદ્ધિ ને સ્થિર પ્રેમ હોય તો તેઓ કસોટીમાંથી પાર ઊતરે છે.

આ બાબતમાં ફાધર વાલેસનો ઉપદેશ સાંભળીએ: 'સ્ત્રીપુરુષના પાપની વાત છે. લગ્નની સાક્ષી વિના, કુટુમ્બની જવાબદારી વિના, સાચા પ્રેમ ને સાચી એકતા વિના, ખાલી મોહમાં કે વાસનામાં કે લાચારીમાં કે મૂર્ખાઈમાં દેહનું સુખ લૂંટવા એ ભેગાં થાય. એ ભયંકર અનીતિ છે. દેહનો અભિનય અંતરની યોગ્યતા મેળવ્યા પછી થાય. દેહદાન લગ્ન પછી જ થાય.' યાદ રાખવાનું છે કે કામવૃત્તિને તાબે થવામાં તરુણીને ઘણું વેઠવું પડે છે. એમાં તરુણીને તરુણની નથી મળતી માનદષ્ટિ કે નથી મળતો પ્રેમ. સેક્સ બાબતમાં પુરુષનું બેધારી તલવાર જેવું વલણ જાણવા જેવું છે. કામાવેગથી પ્રેરાઇને તે સ્ત્રીદેહ ઝંખે છે, પણ લગ્નની વાત આવતાં તો તે અખંડ કુમારિકાને જ પરણવાનો આગ્રહ રાખે છે! પુરુષોનો કામાવેગ એ કંઈ પ્રેમ નથી, પણ માત્ર મોહાંધતા–કામાંધતા છે. કામવૃત્તિ એ જીવનભરની ભાવનાની બાબત છે. અવિચારી દેહસંબંધમાં પડતી તરુણીને અમેરિકી લેખિકા ગ્રેઈસ નૈસ્મિથ માર્ગદર્શન આપતાં લખે છે: 'દીકરી ના કહેજે, એથી દુ:ખી થવા વારો નહિ આવે.'

કામવૃત્તિ પ્રબળ શકિતશાળી છે. કોઈ પણ ઉંમર કરતાં એ તરુણવયમાં અતિ ઉત્કટ હોય છે. જંગલી પ્રાણીની જેમ તેને છૂટો દોર મળતાં એ બળજોરી, અવ્યવસ્થા અને વિનાશ વેરે છે. લગ્ન થતાં સુધી તેને દાબમાં રાખવાની છે. ચલચિત્રનાં દશ્યો અને પ્રેમશૃંગારભર્યાં પુસ્તકોના વાચનથી તેને પુષ્ટિ મળે છે, સદ્‌વાચનથી એ શાંત બને છે. નવરાશના સમયમાં પરસેવાથી રેબઝેબ થવાય એવી રમતગમતમાં પડવાથી કે જાહેર પ્રવૃત્તિમાં મન પરોવીને ઝંપલાવવાથી અંતર્ગત શક્તિઓને છૂટી થવાનો માર્ગ મળે છે અને કામવૃત્તિ દબાય છે.

આપણી દરેક લાગણી કે આવેશને નિયમનની જરૂર છે. જાત ઉપર લાદેલાં નિયમનોથી શિષ્ટતા આવે છે. જાત ઉપર ચોકી રાખીને શકિતઓને યોગ્ય દિશામાં વાળવાથી જીવનમાં પસ્તાવા વારો નથી આવતો. તારુણ્યમાં કામવૃત્તિના દોરાયા દોરાવાથી જાતીય રોગોના ભોગ થવાય છે. કદીક આખા શરીરને સડો લાગે એવી રોગાવસ્થામાં પણ જકડાવાય છે.

વિવેકશૂન્યતાથી દેહસંબંધમાં પડનારને થતા જાતીય રોગોમાં બે મુખ્ય છે: પરમિયો અને સિફિલિસ. દેખીતાં ઓછાં લક્ષણોવાળા આ રોગ પરિણામમાં આફતભરેલા છે. માત્ર રીઢા માણસોને જ આ રોગો થાય છે એવું પણ નથી. નિર્દોષ પણ એના ભોગ બને છે. સ્ત્રીપુરુષના ગુહ્યાંગોના ગાઢ સંબંધોથી જ આ રોગ થાય છે. આના માટે ઉંમરની કોઈ મર્યાદા નથી. પુરુષ સ્ત્રીને અને સ્ત્રી પુરુષને એનો ચેપ લગાડે છે. એવી સ્ત્રી કે પુરુષનાં નવજાત બાળક પણ રોગિષ્ઠ અવતરે છે.

ગુહ્યાંગની ચીરાયેલી ત્વચામાંથી રોગી વ્યક્તિ દ્વારા પ્રવેશેલા સિફિલિસના જીવાણુઓ ચારથી પાંચ દિવસમાં શરીરના બધા અવયવોમાં પસરે છે. શરીરમાં ચેપ પસર્યો હોવા છતાં થોડાં અઠવાડિયાં સુધી એનાં કોઈ લક્ષણો જણાતાં નથી. ચેપ લાગ્યા પછી દસથી નેવું દિવસમાં જનનેન્દ્રિય ઉપર ચાંદું પડે છે. એ ચાંદામાં વેદના નથી હોતી અને નાનું હોવાથી કદીક એના તરફ ધ્યાન પણ દોરાતું નથી. થોડા વખતમાં ઉપચાર વગર તે મટે છે, પણ રોગજીવાણુઓ શરીરમાં સંખ્યાતીત થાય છે. પરિણામે છ થી આઠ અઠવાડિયાંમાં શરીરે ચાઠાં થાય છે, ગળું આવે છે, સાંધા ને હાડકાંમાં કળતર, તાવ વગેરે લક્ષણો થાય છે. આ લક્ષણો દવા વગર પણ મટે છે. રોગીને તંદુરસ્તી અનુભવાય છે પણ બે થી વીસ વર્ષમાં રોગી કાં તો ગાંડો, અંધ, અપંગ કે મરણશરણ થાય છે.

પરમિયાનો ચેપ લાગ્યા પછી ત્રણ થી આઠ દિવસમાં રોગીને અસુખ લાગે છે. પેશાબમાં લાહ્ય બળે છે ને પરુ આવે છે. આનો ઉપચાર ન થાય તો રોગી બીજાને ચેપ તો લગાડે છે જ, તે સાથે પોતે સાંધાઓના સોજા, અંધાપો, મૂત્રાશય કે મૂત્રપિંડના રોગ અને વંધ્યત્વનો ભોગ પણ બને છે. ચેપાળ સ્ત્રીથી આંખોને ચેપ લાગવાથી નવજાત શિશુ અંધ બને છે!

બન્ને રોગોમાં સિફિલિસની અસરો ઉગ્ર હોવાથી તે વધુ ભયાનક છે. જ્યારે પરમિયો વધારે વ્યાપક છે અને સ્ત્રીઓમાં તેથી પરખાતો નથી. લોહીની તપાસમાં સિફિલિસ પકડાય છે જ્યારે પરમિયા માટે આવી કોઈ તપાસ નથી. મોટાં શહેરોમાં આ રોગ ખૂબ ફેલાયેલા છે. રોગીઓને રોગ હોવાની જાણ પડતી નથી તેથી તેઓ પોતાને માટે ને બીજા માટે ભયપ્રદ છે. આ રોગો માટે અસરકારક ઔષધો છે. ઉપચાર વગર કે અધૂરા ઉપચારથી રોગ શરીરમાં વધુ રહે છે અને શરીરની પાયમાલી થાય છે.


કોઈ પૂછશે કે તરુણોએ જાતીય રોગો વિષે જાણવાની શી જરૂર છે? જાણો છો? દેશમાં દર વરસે આસરે બે કરોડ લોકો જાતીય રોગોના ભોગ બને છે. તેમાં તેર ટકા તો તરુણ વયના રોગી હોય છે. રોગ વ્યાપક હોવાનાં બે કારણો છે. અજ્ઞાનતા અને બેપરવાઈ. તરુણો જાતીય રોગો વિષે તદ્દન અજ્ઞાત હોવાથી રોગના ભોગ બનાય એવા ફંદામાં ફસાય છે. કાર્યરત રહેવાય એવી લાંબી નિરામય જિંદગીના પાયા બાલપણ પછી તરુણવયમાં નંખાઈ પુષ્ટ બને છે. □

## પ્રાગૈતિહાસિક પ્રાણીઓ-૫

ઇંગ્લૅંડ અને વેલ્સના કિનારે વસતી એક પ્રાચીન જાતિ સિલુરસના નામ પરથી એ વિસ્તારમાં ૪૨ થી ૪૦ કરોડ વર્ષ પહેલાંના ભૂસ્તર રચાયાના કાળને 'સિલુરીઅન કાળ' કહ્યો છે. ન્યૂ યૉર્ક, ઓહાયો, મિશિગન વગેરે સ્થળોમાં આવેલી અત્યારની મીઠાની ખાણો તે આ કાળના જમીનથી ઘેરાએલા સમુદ્રમાં ઠરેલા ખારની બનેલી છે.

સિલુરીઅન કાળમાં નવાં પ્રાણીઓની સાથે નવી વનસ્પતિનો પણ ઘણો વિકાસ થયો. ઑસ્ટ્રેલિયા, યુનાઇટેડ સ્ટેટ્સ, પોલૅન્ડ વગેરેમાંથી જમીન પર વિકસેલા છોડના પ્રાચીનતમ અવશેષો મળ્યા છે. દરિયાઈ ઘાસ, પરવાળાં, ક્રાઇનૉઈડ્સ વગેરેનો વિકાસ થયો. ટ્રાઇલોબાઈટ્સનો વિકાસ ચરમ ટોચે પહોંચ્યા પછી આ કાળમાં એમનો વિકાસ ધીમેધીમે ઓછો થતો ગયો.

બીજી બાજુ છીપના કઠણ આવરણ નીચે મૃદુ અંગધારી સંધિયુક્ત શારીરિક રચનાવાળાં ઑક્ચોર્પૉઇડ્સ નામની માછલીનો વિકાસ તો ઘણો આગળ વધ્યો. એકાદ ઇંચથી માંડી નવનવ ઇંચના કદના આ જીવના ૩૦,૦૦૦ જેટલા અસ્મિલ અવશેષો મળ્યા છે. આજે પણ એની ૨૦૦ જેટલી જાતો જીવે છે. પણ વિશેષ મહત્ત્વ તો આ કાળની માછલીના વિકાસનું છે. સારી રીતે જળવાએલા એના અનેક અવશેષો મળ્યા છે.



સિલુરીઅન કાળની ચાર માછલીઓ. માથા પાસે હાડકાનું આવરણ, જડબા તથા પગનો અભાવ વગેરે તે સમયની આરંભની માછલીઓની લાક્ષણિકતા હતી.



# અશ્રુકણી

અનંત પરમા બૃહદ્-સભર સૃષ્ટિ તારી ખડી,
તહીં હૃદય કેમ અલ્પ નિજને ગણે દીન થૈ?
અહો! અખિલ આ ધરાનું સહુ વિત્ત મારું કશું!
અવશ્ય! ધરતી સમો સકલ ધારનારો બનું!

—સુન્દરમ્

## શિશુભક્ત શિક્ષક વજુભાઈ દવે

ગઈ ૩૦મી માર્ચે અમદાવાદના શારદામંદિરનાં મૂળ સીંચનાર વજુભાઈ દવેએ છેલ્લેલ્લી આંખ મીંચી ત્યારે ગુજરાતના શિક્ષણક્ષેત્રનો એક તેજસ્વી તારો ખરી પડ્યો. એમના દૃષ્ટિસંપન્ન શિક્ષણકર્મની સુવાસ ફેલાવતી 'શારદામંદિર' શાળા એમનું ચિર સંભારણું છે.

ઈ. ૧૮૯૯ના મેની ૧૨મી તારીખે વઢવાણમાં એમનો જન્મ. ત્યાંની દાજીરાજ હાઈસ્કૂલમાંથી મૅટ્રિક થઈ કૉલેજનો અભ્યાસ આરંભ્યો, ત્યાં તો રાષ્ટ્રીય આંદોલન શરૂ થતાં એમાં ઝંપલાવ્યું અને ૧૯૨૧માં સ્વ. ફૂલચંદભાઈ શાહ સાથે એઓ રાષ્ટ્રીય શિક્ષણના કાર્યમાં જોડાયા. ત્યાં ચમનભાઈ વૈષ્ણવના સહયોગમાં અનેક શૈક્ષણિક પ્રયોગો કર્યા પછી ૧૯૨૩-'૨૪ દરમિયાન એમણે દક્ષિણામૂર્તિ ભાવનગરમાં સ્વ. ગિજુભાઈ બધેકા પાસેથી બાળશિક્ષણનું ભાથું મેળવ્યું અને એમને પ્રતીતિ થઈ કે સમાજના નવસર્જન માટે બાળકેળવણી જ મહત્ત્વની છે. ત્યાર પછીની એમની જીવનસાધના એટલે શિશુભક્તિનો કર્મયોગ અને શારદામંદિર એમના કર્મભૂમિ. ત્યાં એમણે બાળકેળવણી શરૂ કરીને પછી માધ્યમિક શિક્ષણ સુધી જે નવતર, રચનાત્મક અને તેજસ્વી પ્રયોગો કર્યા તે શિક્ષણના ઇતિહાસમાં નોંધપાત્ર રહેશે. વચ્ચે ઈ. ૧૯૩૦માં મહાત્મા ગાંધીએ નમક સત્યાગ્રહનું એલાન આપ્યું ત્યારે તે એમાં જોડાએલા. ધોલેરાના નમક-સત્યાગ્રહમાં સરકારે એમને નવ માસની કેદ આપી. જે દરમિયાન સરદાર વલ્લભભાઈ, ઝવેરચંદ મેઘાણી અને અમૃતલાલ શેઠ જેવાના નિકટતમ સાન્નિધ્યમાં આવવાનો એમને લાભ મળેલો.

એમની આ રાષ્ટ્રીય ભાવના એમના શિક્ષણકાર્યમાં કેન્દ્રસ્થાને રહી. સ્વદેશાભિમાન અને સ્વાશ્રયનો શિક્ષણમંત્ર એમણે પોતાના વિદ્યાર્થીઓને શિક્ષણની ગળથૂથીમાં આપ્યો હતો. વ્યક્તિનું ઉમદા ચારિત્ર્ય ઘડવામાં જ એમણે શિક્ષણની સફળતા નિહાળી હતી. એમના નૂતન પ્રયોગો પણ આ વ્યક્તિઘડતરની દિશાના હતા—પછી તે પ્રાતઃપ્રાર્થના હોય કે પ્રવાસ, સાંસ્કૃતિક કાર્યક્રમ હોય કે સ્વાશ્રય-યજ્ઞ. શ્રમ અને શિસ્ત વગરનું જીવન એ જીવન જ નથી એવી પોતાની માન્યતાને બળે એમણે પોતાના શિષ્યગણ પર કડક શિસ્તપાલનની આણ મૂકી હતી ને શ્રમની લ્હાણ કરી હતી. એમના આ કડક શિસ્તપાલન પાછળ સિપાઈની જડ સખ્તાઈ નહિ પરંતુ માતાની મમતા અને પિતાનો પ્રેમ હતાં. શારદામંદિરના નાના છોડમાંથી એમણે મોટા વટવૃક્ષ રૂપે શારદાનગરનો પરિવાર ઊભો કર્યો: શિક્ષકોના રહેઠાણની મુશ્કેલી ટાળવા જમીનો લઈ શારદા સોસાએટી સ્થાપીને શારદાનગર ને શારદાકુંજના વસવાટો મહોરાવ્યા.



વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં એમને ગજબ રસ હતો. અહોનિશ વિદ્યાર્થીના જીવનઘડતરની લગનીમાં જ એઓ લીન રહેતા. એ માટે એઓ બાળકના વાલીનો સંપર્ક સાધતાં પણ અચકાતા નહિ. શિક્ષક તો કુમળી બાળમૃત્તિકાનો ઘડવૈયો છે અને એની આડે આવતા સામાજિક, રાજકીય, વૈયક્તિક, તમામ સંઘર્ષોનો લડવૈયો છે

એમ એઓ માનતા. આવો લડવૈયો અને ઘડવૈયો તાલીમબદ્ધ ન હોય એ કેમ ચાલે? વજુભાઈમાં આથી જ કુશળ સંચાલન અને આયોજન-શક્તિનાં દર્શન થતાં. એમની અદ્‌ભુત વ્યવસ્થાશક્તિએ એમની શિક્ષણ-સંસ્થાને આદર્શ નમૂના રૂપ બનાવી દીધી.

શિક્ષક તરીકે એમણે ગાળેલાં વર્ષો એ કોઈ મહાન તીર્થયાત્રા સમાન છે. વિદ્યાર્થી એ જ એમનું તીર્થસ્થાન હતો. આથી તો એઓ બહોળો ચાહક વિદ્યાર્થીવર્ગ મેળવી શક્યા હતા. એમની સાદગી, પરિશ્રમ, પ્રેમ, નિખાલસતા અને શિક્ષણકુનેહે એમને વિદ્યાર્થીઓના હૃદયસિંહાસન ઉપર સ્થાપ્યા હતા, નહિ તો વિશાળ ભૂતપૂર્વ વિદ્યાર્થીગણ અમદાવાદના ટાઉન હૉલમાં એમનું સન્માન કરી રૂપિયા ત્રીસ હજારની થેલી અર્પણ કરે એવું શેં બને? અને એમના વ્યક્તિત્વની આ સૌરભ માત્ર વિદ્યાર્થીઓ જ નહિ, પરંતુ વાલીઓએ ય માણી હતી. પોતાનું બાળક વજુભાઇને આશ્રયે છોડ્યા પછી કોઈ પણ વાલીને ક્યારે ય કશી ચિંતા રહેતી નહિ.

સંજોગાનુસાર ઈ. ૧૯૬૪માં શારદામંદિર એમને છોડવું પડ્યું, પરંતુ મનમાં એમણે એ સંસ્થાને કદાપિ લુપ્ત થવા દીધી નથી. એક સાચા સન્નિષ્ઠ શિક્ષકને પોતે જ પમરાવેલી સંસ્થામાંથી આમ જવું પડે એ વ્યવસ્થાતંત્રની જડતાનું દુષ્પરિણામ સમાજમાં ભૂતકાળ ને વર્તમાન-માં સર્જાએલા અને સર્જાતાં જાણ્યાં-અજાણ્યાં એવાં અનેક પરિણામોનું કરુણ પ્રતીક છે. જો એઓ સંસ્થાને ભૂલ્યા હોત તો, અનેકોના આગ્રહ અનુસાર બીજી સંસ્થા ઊભી કરી શક્યા હોત. પણ તે ન કરી. ૧૯૬૫ના મેમાં શારદામંદિરમાંથી છૂટા થયા ત્યારે જાણે કે કોઇએ એમનું જીવન-સ્વપ્ન ઝૂંટવી લીધું હોય તેવી વેદના એમણે અનુભવી હતી. ત્યાર પછીથી તો એમની તબિયત કથળતી જ ગઈ. ૧૯૬૭માં એઓ બીમાર પડ્યા અને એમને ઊગી નીકળ્યું કે આ છેલ્લી જ માંદગી છે.

નિવૃત્તિકાળમાં એમણે આધ્યાત્મિકતા ને ઈશ્વરભક્તિ તરફ વૃત્તિ-ઓને વાળી દીધી હતી, છતાં એક આજીવન શિક્ષક તરીકે એમની વાસના શિક્ષણ અને શિષ્યોમાં જ રમમાણ રહી હતી. પોતાની પાછળ પત્ની રેવાબેન, બે પુત્રીઓ મીઠી અને કકુ, પુત્ર બટુકભાઈ, પુત્રતુલ્ય અનેક શિષ્યો અને સ્વજનો સમ વાલીઓને વિષાદમાં છોડી જનાર વજુભાઇનો વાસનામોક્ષ ત્યારે જ થાય કે જ્યારે શિક્ષણની નવતર ક્ષિતિજો નવી પેઢીને વધુ ઉન્નત પથનાં દ્વાર ખોલી આપે. સમાજની ક્રાંતિના પાયામાં પડેલા કેળવણીક્ષેત્રના આજીવન ભેખધારી શિક્ષણકાર સદ્‌ગત વજુભાઈ-માં 'પિતૃ-માતૃ-સખા'નું સાન્નિધ્ય પામનાર સૌ કોઇને એમનું શિક્ષણ-સ્મરણ પ્રેરણાસ્રોત બનો એ જ ઉચિત શ્રદ્ધાંજલિ.

### ઊંદરનું વર્ષ

બારસો-તેરસો વર્ષ પહેલાં ચીનમાંથી જાપાનમાં ઊતરી આવેલી બારબાર વર્ષની એક ચક્રગણનાવાળી પંચાંગ પદ્ધતિ પ્રમાણે ઈ. ૧૯૭૨નું આ વર્ષ 'મૂષક (ઊંદર)નું વર્ષ' ગણાય છે! ચક્રગણનામાં એ પહેલું વર્ષ છે. આના પછી વૃષભ, વ્યાઘ્ર, શશક, ડ્રૅગન, સર્પ, અશ્વ, મેષ, વાનર, કુક્કુટ, શ્વાન અને ઋક્ષનાં વર્ષો આવશે. બાર પ્રાણીઓના આ ચક્રમાં પ્રથમ ઊંદર કઈ રીતે આવ્યો તેની એક રસિક કથા છે. કહે છે કે એક વેળા ઈશ્વરે વિશ્વનાં ચક્રો ગતિમાન રાખવામાં પ્રાણીઓનો સહારો લેવા વિચાર્યું. આ માટે એક દિવસે 'વહેલો તે પહેલો' એ રીતે પોતે સૌને પસંદ કરશે એવું જાહેર કર્યું. આમાં બિલાડી તો નક્કી થએલો દિવસ જ ભૂલી ગઈ અને એ માટે એણે ઊંદરને પૂછ્યું. ઊંદરે એને જાણી જોઇને એક દિવસ મોડો કહ્યો. બીજી બાજુ પોતાની ધીમી ગતિની જાણ હોવાથી બળદે તો પસંદગીના દિવસના આગલા દહાડાથી જ ઈશ્વરના ઘર ભણી ચાલવા માંડ્યું. પણ લુચ્ચો ઊંદર એની પીઠ ઉપર ચડી બેઠો અને પસંદગીનું પ્રભાત ઊગ્યું એટલે બળદની પીઠ પરથી કૂદીને ઈશ્વરના ઘર ભણી દોટ મૂકી સૌ પહેલો ત્યાં પહોંચી ગયો! બળદ જો કે પોતાની ગણતરી પ્રમાણે વહેલો ઊપડ્યો હોઈ ખરી રીતે તો એ જ પહેલો હતો, પણ ઊંદર બનાવટ કરી ગયો અને દોડીને ભગવાનના ઘરનું બારણું ઠોક્યુ. બારણું ખોલતાં જ ભગવાને પહેલો ઊંદરને હાજર થઈ ગએલો જોઈ એ વર્ષનો નાયક એને બનાવ્યો. પછી આવ્યો બળદ. બીજું વર્ષ એને સોંપાયું અને આમ ક્રમ વાર બાર પ્રાણીઓને બાર વર્ષની વહેંચણી કરવામાં આવી. બિલાડી તો બિચારી ઊંદરે આપેલી ખોટી તારીખ પ્રમાણે બીજે દિવસે જ આવી એટલે એને તો ભગવાનનું કામ કરવાની તક જ ન રહી. કહે છે કે ત્યારથી બિલાડી પેલા ઊંદરને બધે ખોળતી ફરે છે ને દેખે ત્યાં મારે છે!

એ કથા તો જે હોય તે, પણ બધે બને છે તેમ, જાપાનમાં પણ મનાય છે કે દરેક તિથિ, માસ ને વર્ષની સાથે એની લાક્ષણિકતાઓ પણ હોય છે અને તે પ્રમાણે તે કાળ સાથે સંકળાતી પ્રત્યેક બાબતનું ભવિ ઘડાય છે.

લ ઘુ ક થા

## રૉંગ સાઈડ

સિદ્ધાર્થ પરીખ

સ્ટૅન્ડ પર બસ ઊભી રહેતાં જ લોહચુંબકને ખીલીઓ વળગી પડે તેમ ચડનારા યાત્રીઓ બસના બારણે એકઠા થઈ ગયા. બીજી પાળીના કામદારો ને ઠઠારો કરી શૉપિંગ માટે નીકળેલી ગૃહિણીઓ તથા બાબા-શેઠને બપોરનો નાસ્તો પહોંચાડવા જતા રામાઓની વચ્ચે વય અને વેશને લીધે અલગ તરી આવતા એક યુવાન પર નયનાની નજર પડી. એના મગજને ગતિમાન થવા પેટ્રોલ મળી ગયું...

'કૉલેજિયન જ લાગે છે. ક્લાસ બન્ક કરીને પિક્ચરમાં જતો હશે. યા કદાચ ડેટિંગ...' એ યુવાન અંદર દાખલ થાય તે પહેલાં તો અનુભવી નયનાએ બસમાં નજર ફેરવી લીધી. છૂટીછવાઈ છ-સાત બેઠકો સાથે એની પાછળની બેઠક પણ ખાલી હતી.... 'આ લોકોની મેન્ટાલિટી હું જાણુંને! એ મારી પાછળની બેઠકમાં જ બેસવાનો.' અને એમ જ થયું. ત્રાંસી આંખે નયનાએ એને પોતાની પાછળ બેસતો જોયો.

'બસ. હવે ધીરે રહીને વ્હિસલિંગ, શાયરી કે ફિલ્મનું એકાદ રેઢિયાળ ગીત... પછી ધ્યાન આકર્ષવા કંઈક વાનરચાળા, પછી એકાદ અડપલું...' અને એમ નયના એનું પૃથક્કરણ તથા એના વિચાર-વર્તનની આગાહી કરવામાં એટલી ઊંડી ઊતરી ગઈ કે બે-ત્રણ બસ સ્ટૅન્ડ આવીને ગયાં અને બસ ચિક્કાર ભરાઈ ગઈ એની યે એને ખબર રહી નહિ. બસનો ગતિભંગ તો થયા જ કર્યો, પણ નયનાના વિચારો એક જ દિશામાં એક-ધારા દોડ્યે જતા હતા.

અને થોડી વારે સાચે જ નયનાની ગરદન પર કૈંક સ્પર્શ થયો. એની આગાહી ખરી પડી. શેળાની જેમ સંકોચાઇને એ સાવધ થઈ ગઈ. ધડકતે હૈયે એ પેલો સ્પર્શ પાછો ખેંચાઈ જવાની પ્રતીક્ષા કરી રહી. પણ એમ ન બન્યું. એ હળવો સ્પર્શ વારંવાર થવા લાગ્યો. નયનાનું સ્વમાન ઊછળી આવ્યું. ગુસ્સાથી હોઠ પીસી ચેતવણી રૂપે એણે એક કરડી નજર પાછળ ફેંકી.

પણ પાછળ જોતાં જ એ છોભીલી પડી—અને એથી યે વધુ મનોમન મૂંઝાઈ ગઈ. એની ગરદનને સ્પર્શી રહેલો હાથ પેલા યુવાનનો નહોતો. પાછળ તો કોઈ બાઈ બેઠી હતી ને તેની ખોળામાં પોતાની સીટની પીઠ પકડી ટેકો લેવા મથતો એક બાબો હતો!

ક્ષણભર તો નયનાને સમજાયું નહિ કે આમ કેમ બન્યું, પણ લજાઇને પાછી ફરતી નજરે એણે કંઈક જોયું, જે એ આવેગમાં પાછળ જોતી વેળા ચૂકી ગઈ હતી. પેલો યુવાન ત્યાં લેધર-સ્ટ્રૅપ પકડીને ઊભો હતો.

નયનાને સમજાઈ ગયું કે અત્યાર સુધી પોતાનું મગજ રૉંગ સાઈડ પર દોડી રહ્યું હતું. □

દા. ત. ઉંદર. જાપાનમાં અને 'ને' અથવા 'નેઝુમી' કહે છે. આ 'નેઝુમી' જાપાની રિવાજો અને લોકકથાઓમાં હમેશાં સુખસમૃદ્ધિનો સૂચક મનાયો છે, કેમ કે પ્રાચીન સમયમાં ઘરમાં ઉંદરની હાજરી એ ઘરની ધાન્યસમૃદ્ધિની દ્યોતક મનાતી હતી. જ્યાં ધાનના ભંડાર હોય ત્યાં જ ઉંદર હોય એ સ્વાભાવિક છે. એથી ઊલટું, ઘરમાંથી ઉંદર ચાલ્યા જાય તો એ ઘરમાંથી ધાન ખૂટી પડવાની અથવા એ ઘર આગમાં તારાજ થઈ જવાની આગાહી ગણાતી. આથી ધીરેધીરે ઉંદર ખુદ નહિ તો એનું એકાદ રમકડું પણ ઘરમાં હોય એ શુકનિયાળ મનાવા લાગ્યું!

વળી, ઉંદર શુકનિયાળ મનાયો હોઈ એના ગુણ પણ વહેતા થયા. એ મુજબ ઉંદરના વર્ષમાં જન્મેલી વ્યક્તિ પ્રામાણિક, ઉદ્યમી અને અમુક અંશે કંજૂસ હોય; એની તાસીર નમ્ર, ગમરુ અને સહેલાઈથી ઉશ્કેરાઈ જાય એવી હોવા છતાં ગુસ્સો દાબી રાખી શકે એવી હોય, અને એને જીવનમાં ખાવાપીવાની કદી તાણ ન પડે—એવીએવી માન્યતાઓ ત્યાંના લોકસમાજમાં પસરી ગઈ. ટૂંકમાં ઉંદરના વર્ષમાં જન્મેલા માણસો નિખાલસ અને સૌને પ્રિય થઈ પડે તેવા હોય.

જો કે આજના યુગમાં હવે આવી વાતોમાં કોઈ કંઈ તથ્ય માને નહિ, પણ લિસોટા હજી રહ્યા છે. આજે યે જાપાનમાં જે પ્રાણીનું વર્ષ ચાલતું હોય તેને તે વર્ષમાં અનેક ક્ષેત્રે પ્રાધાન્ય અપાય છે. દા. ત. આ વર્ષમાં કલાકૌશલની ચીજોમાં, ચિત્રોમાં, રમકડાંમાં, શોભનસામગ્રીઓમાં એમ અનેક ક્ષેત્રે ઉંદરને પ્રાધાન્ય મળે છે. દેવસ્થાનોમાં કે નિમંત્રણ અને પ્રાર્થનાપત્રોમાં બધે ઉંદરની આકૃતિઓ પ્રધાનસ્થાને જોવા મળવાની.

## હર્ષદ : મિયાણી

સૌરાષ્ટ્રના દરિયાકિનારે જોવા તથા જાણવા લાયક સ્થળોમાં મિયાણી અનેક રીતે આકર્ષક છે. પોરબંદરથી સીધી અને જામનગરથી ભાટિયા થઈ મિયાણીની બસો ચાલે છે. ગોપ ડુંગરમાંથી નીકળેલી વરતુ નદી અહીં સાગરને મળે છે. સંગમસ્થાન પર બનેલી નાનકડી ખાડીના આ કાંઠે મિયાણી ગામ છે, સામે કાંઠે આવેલા કોયલા ડુંગરની તળેટીમાં હર્ષદ માતાનું પ્રખ્યાત મંદિર છે. સૌરાષ્ટ્રમાં આવેલી શક્તિપીઠોમાં મુખ્ય ગણાતી 'કૌલગિરિ પીઠ' તે જ આ કોયલો ડુંગર તથા હર્ષદનું થાનક. હર્ષદને હરસિદ્ધ તથા સિદ્ધિદા પણ કહે છે. શંકરાચાર્યના દિગ્વિજય-માર્ગનું સૌરાષ્ટ્રમાં આવેલું 'સિદ્ધાંબિકા' પણ આ સ્થળ હોવા સંભવ છે. એ ઉપરાંત 'કૌલગિરિ'માંનો 'કૌલ' તથા 'હરસિદ્ધ'માંનો 'સિદ્ધ' શબ્દ, ગુજરાતમાં એક કાળે પ્રવર્તતા 'કૌલ સંપ્રદાય' અને 'સિદ્ધ-મત' યા 'નાથ સંપ્રદાય' સાથે આ સ્થાનના તાંતણા જોડી દે છે.

પુરાણકથા એવી છે કે આ દેવી શુંભાસુર નામના દૈત્યનો વધ કરી દેવોને હર્ષ આપનારી બની, તેથી હર્ષદા. દંતકથા તો વળી હર્ષદનો વીર વિક્રમ અને ઉજ્જયિની સાથે સંબંધ બાંધી આપે છે. ભક્તોને શ્રદ્ધા છે કે ઉજ્જયિનીમાં આવેલા હર્ષદ મંદિરમાં અને અહીંના મંદિરમાં માતાજી બારબાર કલાક રહે છે.

બીજી કથા એવી છે કે કચ્છના શાહસોદાગર જગડુશાનાં સાત વહાણો આ કોયલાની સામે દરિયામાં ડૂબી ગયાં. જગડુશાએ માતાની બાધાઆખડી રાખી, ડુંગર પર ખુલ્લામાં વિરાજતાં માતાજીને, તળેટી માં સુંદર મંદિર બંધાવી સ્થાપિત કરવા મનોરથ રચ્યો. કહે છે કે માતાજીએ નીચે ઊતરવા પગથિયે પગથિયે એક એક જીવબલિ મૂકવાની શરત કરી. જગડુશાએ બંધાવેલા મંદિરના આસન સુધી આવતાં અનેક જીવનો ભોગ લેવાયો; છેલ્લાં ચાર પગથિયાં બાકી રહ્યાં અને ઘેટાંબકરાંની સંખ્યા પૂરી થઈ! જગડુશાનો પુત્ર અને બે પત્ની રાજીખુશીથી બલિદાન આપવા તૈયાર થયાં અને બાકી રહેલા એક પગથિયા માટે જગડુશા પોતે પોતાની જાતે કુરબાન થયો. માતાજી પ્રસન્ન થયાં! સૌ પુનર્જીવન પામ્યાં.

ત્રીજી કથા તો મિયાણી (જૂના કાળના 'મિલનપુર')ના રાજા પ્રભાત-સિંહ ચાવડા વિષેનો છે. તેની સાત રાણીમાંની એક પ્રભાવતી માતાજી-ની પરમ ભક્ત. નવરાત્રિના ઉત્સવમાં રાણીની અનન્ય શ્રદ્ધાને વશ થઈ ખુદ માતાજી ગરબે રમવા આવ્યાં. અજાણી બાલાના રૂપ પર પ્રભાત ચાવડો મોહિત થયો. ગરબે રમીને મંદિર જતાં માતાજીની પાછળ ગયો, અંતે શાપ પામ્યો. રાણીની આજીજીથી 'રોજ સવારે હોમકુંડમાં હોમાશે પણ પાછો સજીવન થશે' એવી મુક્તિ મળી, પણ રાજસંપત્તિનો નાશ થવા લાગ્યો, મિલનપુર પડીને પાધર થયું!

વરતુની ખાડી હોડીમાં પાર કરીએ ત્યારે પહેલો ખયાલ અહીંની કુદરત વિષે આવી રહે છે: નદી છે, સાગર છે, બંનેનો સંગમ થવા દેતો તાત સમો પર્વત છે! કિનારે, ડુંગર પર અને તળેટીમાં આવેલાં નાનાં-મોટાં મંદિરો તે બાંધકામો આ સ્થળ એક કાળે અતિ સમૃદ્ધ નગર, બંદર તથા ધાર્મિક સ્થાન હશે તેનો સ્પષ્ટ અણસાર આપી જાય છે.

કોયલાની તળેટીમાં પગ મૂકતાં જ સામે સારી સગવડવાળી ધર્મ-શાળાઓ, દુકાનો તથા હર્ષદ માતાનું મુખ્ય મંદિર છે. મંદિરના પ્રવેશ-દ્વારમાં જ એક કવિની સ્મૃતિ 'બ્રહ્મભાટની ઓરડી તરીકે જળવાએલી છે. જૂનાગઢના એ શક્તિભક્ત કવિને અહીં વાણી ફૂટેલી અને માતાજી-ના ચોરાસી છંદ રચ્યા. 'સ્વર્ગદ્વાર'માં થઈ મુખ્ય મંદિરમાં આવતાં પૂર્વા-ભિમુખ માતાજી બિરાજે છે. જમણી બાજુ માતાજીનો હિંડોળો, પૂજારી-ની ગાદી તથા ડાબી બાજુએ જગડુશાનો પરિવાર આવેલાં છે. આજ અસંખ્ય યાત્રીઓની અવરજવરવાળા આ સ્થાનમાં ગામડાંના લોકો વિશેષ જોવા મળે છે. તેઓ 'હર્ષદ'નો અર્થ 'હરસ મટાડનારી' કરે છે અને માતાજીને ચડાવેલાં સોનાચાંદીનાં નેત્રો ખરીદી જઈ, તેની આંગળીએ પહેરવાની કાંબી બનાવી, હરસ મટે એવી શ્રદ્ધાથી તે પહેરે છે.

મંદિરની બાજુમાં જ ડુંગર પર ચડવાનાં પગથિયાં થોડાં ચડીએ ત્યાં, આ સ્થળની સૌથી પ્રાચીન સામગ્રી જેવાં, બે શિખરો વિનાનાં, અને એક ચંદ્રશાલાયુક્ત શિખરવાળું, એવાં ત્રણ મૈત્રિક મંદિરો જોવા મળે છે. ચડતા જઈએ તેમ આજુબાજુની સૃષ્ટિ આપણી ઉપર વિશેષ ને વિશેષ કામણ કરતી અનુભવાય છે. જમણે હાથે વરતુ નદી, એની ખાડી, ડાબે ઘૂઘવતો મહાસાગર અને સામે ટોચ પર સોલંકી કાળની અદ્ભુત કલાકારીગીરીયુક્ત શિખરભંગ અપૂજ મંદિર! ભક્તો આ મંદિરને હર્ષદનું જૂનું સ્થાનક કહે છે, પણ મંદિરનાં શિલ્પો આ શિવમંદિર હોવાનું કહી જાય છે. ગુજરાતની બેનમૂન શિલ્પકલાના થોડાક નમૂના આ મંદિર-ના મંડોવરમાં આવેલા છે: એક અપ્સરા વાળ ઓળી રહી છે, તેમાંથી ટપકતાં જલબિંદુ મોતી છે માનીને એક હંસ ચૂગી રહ્યો છે! સપ્રમાણ આકૃતિ, વ્યંજનાથી ભર્યુંભર્યું પાત્રવિધાન અને ઊર્ધ્વગતિ પ્રેરતો આદર્શ આ મંદિરને શિલ્પકલાની દૃષ્ટિએ શ્રેષ્ઠ સાબિત કરી આપે છે.

ચાલો, ડુંગરની પાછળ ઊતરીએ: સાવ સમુદ્રકિનારે ભીડભંજન મહાદેવના ભગ્નાવશેષો પડેલા છે. કિનારે કિનારે ચાલતાં આવતાં તળેટી-ની ધર્મશાળામાં આવી શકાય છે. આરતી અને ભોજન પછી કોયલે ચડવાનો લાભ કદી ય ચૂકવા જેવો નથી. ધીરેધીરે પ્રસરતો અંધકાર ને ડુંગર-આરોહણ! રાતને કહેવાની જરૂર નથી. એ તો 'એની ચમકતી ટીપકીઓવાળી ઓઢણી' ઓઢીને હાજર છે! કોપલા પર ચડીને આમ-તેમ આંટા મારતાં ધરતી, એનાથી ઊંચો ડુંગર, નીચે સમુદ્ર અને ચારે-પાસ પડેલો આકાશનો ચંદરવો આપણને જે મૌન અર્પી જાય છે તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. ચાંદની હશે તો પર્વતને પિગાળવા મથતું સાગરનું ઘૂઘવતું નર્તન, અને અમાસ હશે તો 'ઘટ્ટ થીજેલ અંધાર'-ની મહામૂલી કવિતા મનભરી માણવા મળશે.

ઉનાળો હોય તો ઉપર જ રાત રહી શકાય. આખી રાત સમુદ્ર હાલરડાં ગાશે અને આપણે સૂઈ રહીશું! પોતાની મેળે વહી ગએલી

રાત્રિ પછી 'ધીરે રહી પમરતું પરભાતિયું' ચાખવાનું મળશે. કવિદિલ હશે તો ક્ષિતિજે ફૂટતું પ્રભાત ગામ પર ને સમુદ્ર પર, અને મંદિર ને ડુંગર પરનું પ્રભાત આપણી ચેતનાને અકથ્ય મીઠો રોમાંચ અર્પી રહેશે.

પાછા ફરીએ તેની પહેલાં મિયાણી ગામ જોવું જ રહ્યું. સોલંકી યુગનો કિલ્લો, અંદરનાં બે મદિરો, એક મંદિરના ભદ્રગવાક્ષમાં આવેલી લકુલીશની મૂર્તિ, ગામ બહાર પીરની દરગાહમાં પથ્થર થઈ પડેલું ઘેટું, નૈવેદ્યના મોટા ખાંડણિયા, ત્રણચાર મારુસોલંકી મંદિરો—જેમાંની બે વિષ્ણુમૂર્તિઓ જૂનાગઢ મ્યૂઝિયમમાં છે,—અહીંતહીં રખડતા શિલ્પખંડો, પાદરમાં વિરાટકાય હનુમાનની ભગ્ન મૂર્તિ, ખાડીના ભાઠોડામાં આવેલું માતા શિકોતરીનું ભયંકર સ્થાન, જરા દૂર હજાર વર્ષ જૂની બ્રહ્માદેરી,—જેમાં ગુજરાતની વિરલ ગણાય તેવી શ્યામ આરસની બ્રહ્માજીની મૂર્તિ...હરકોઈ મિજાજના પ્રવાસી માટે મિયાણી સંતોષ અને આનંદ આપી શકનાર સુંદર પ્રવાસધામ છે.

(લોકજીવન) —નરોત્તમ પલાણ

## ગુજરાતમાં પવનચક્કી વડે વીજળી

ગુજરાતમાં ઊભી થએલી વીજળીની તંગીથી ગુજરાતનાં શહેરોને લાખોલેખે નુકસાન વેઠવું પડે છે. વીજળી-કાપની તીવ્રતા ઓછી કરવા ગુજરાતમાં ઠેરઠેર પવનચક્કી વડે વીજળી પેદા કરવાનું એક સૂચન મૂકવામાં આવ્યું છે. એક તરફ આપણે તારાપુર જેવું અદ્યતન અણુવિદ્યુત મથક ધરાવીએ છીએ ને બીજી તરફ પવનચક્કીઓ ફરતી કરવી!



વીજળી વગર શક્તિ ઉત્પન્ન કરવા માટે પવનચક્કીનો ખ્યાલ સદીઓ જૂનો છે. રોમનો પવનચક્કી વાપરતા. મધ્ય યુગમાં યુરોપી દેશો પશ્ચિમ એશિયામાંથી પવનચક્કીની કરામત યુરોપમાં લઈ આવ્યા.

પવનચક્કીનો ઉપયોગ વધુમાં વધુ નેધરલૅન્ડ (હોલૅન્ડ)માં વિકસ્યો, કારણ કે તેની નીચે ધરતીમાં ભરાતું ભરતીનું ખારું પાણી કાઢવા માટે માણસ અને પશુની શક્તિ પૂરતી ન હતી. પછી તો એ દેશ પવનચક્કીના દેશ તરીકે જાણીતો થયો. દક્ષિણ એશિયામાં ઈરાન પવનચક્કીના ઉપયોગ માટે જાણીતું હતું. ચંગીઝખાન પોતાની ચડાઈ દરમ્યાન ઈરાની ઇજનેરોને યુદ્ધકેદીઓ તરીકે ઉઠાવી ગયો હતો ત્યારથી ચીનમાં પવનચક્કી દાખલ થઈ અને સીંચાઈ માટે સૅંકડો વર્ષો સુધી વપરાતી થઈ.

આરંભમાં પવનચક્કી પાણી ખેંચવા, લોટ દળવાની ઘંટી ચલાવવા વગેરે માટે વપરાતી. તે વધુમાં વધુ પવન મેળવી શકે તે માટે તેનાં પાંખિયાં ખૂબ મોટાં બનાવાતાં. પાંખિયાં સામાન્ય રીતે ચાર હોય, પણ કોઈને આઠથી બાર પાંખિયાં પણ હોય! ઈ. સ. ૧૮૯૦માં ડેનમાર્કમાં પી લા કૂર નામના ઈજનેરે પવનચક્કી વડે ડાયનેમો ચાલે અને વીજળી પેદા થાય એવી રચના કરી. તે પછી છેક ૧૯૩૧માં રશિયન ઈજનેરોએ ક્રીમિયામાં પવનચક્કી વડે વીજળી મોટા પાયા પર ઉત્પન્ન કરવાનું શરૂ કર્યું.

ડેનમાર્ક અને નેધરલૅન્ડ (હોલૅન્ડ) પવનચક્કી વડે વીજળી પેદા કરવાનું ક્ષેત્રે જે અનુભવ અને જ્ઞાન ધરાવે છે તેનો લાભ ગુજરાત મેળવી શકે. પવનચક્કી, તેનું નામ સૂચવે છે તેમ, પવન પર આધાર રાખે છે. જેમ પવન વધારે તેમ તેની ઝડપ વધારે. પરંતુ જો પવન પડી ગયો હોય તો તે કામની નહિ. આથી પવનચક્કી બધે અને બધી ઋતુઓમાં અને ચોવીસે કલાક સરખું કામ નથી આપતી. ગુજરાતમાં કચ્છ અને સૌરાષ્ટ્રકાંઠે વર્ષના અને દિવસના મોટા ભાગે પવન ફૂંકાતો હોય છે. આથી સમુદ્રકાંઠો પવનચક્કી વડે વીજળી ઉત્પન્ન કરવા માફકસરનો છે.

પરંતુ પવનચક્કી એક ગૃહઉદ્યોગ જ બની શકે. જ્યાં વીજળી સુલભ ન હોય ત્યાં સ્થાનિક ઉપયોગ માટે તેના વડે વીજળી ઉત્પન્ન કરી શકાય. કાપડની મિલ અને રેંટિયા વચ્ચે ફરક છે એટલો ફરક વીજળીના કારખાના અને વીજળી ઉત્પન્ન કરનાર પવનચક્કી વચ્ચે છે. પવનચક્કી ચાલુ રાખવા તેના પૂરતું યાંત્રિક જ્ઞાન હોય તો પવનચક્કી વડે ખેતર કે ગામડું સ્વાશ્રયી થઈ શકે

પોરબંદર પાસે પશ્ચિમ જર્મનીની સહાયથી પવનચક્કી વડે વીજળી ઉત્પન્ન કરવાનો પ્રયોગ સફળ થયો છે અને તેમાં ડીઝલ એન્જિન કરતાં માત્ર ચોથા ભાગનો જ ખર્ચ આવે છે એમ કહેવાય છે. આ સફળતા જોતાં આ દિશામાં વધુ પ્રયોગો કરવા જેવા છે. (ગુજરાતમિત્ર)

હરિઃ ૐ આશ્રમ તરફનું
એપ્રિલ અંક માટેનાં રૂ. ૫૦–૫૦નાં બે પારિતોષિકો

**જીવનચરિત્ર પારિતોષિક**
'ડૉ. નવનીત ફોજદાર'ના લેખક
શ્રી મેઘનાદ હ. ભટ્ટને અને
**વ્યક્તિ-ઘટનાચિત્ર પારિતોષિક**
શ્રી મુકુન્દરાય પારાશર્યને આપવામાં આવ્યાં છે.

## ૧૩ના અંકની ગમ્મતો

૧૩ એ અવિભાજ્ય સંખ્યા છે. પરંતુ એ '૨' અને '૩' એ બે પાસેપાસેસંખ્યાના વર્ગના સરવાળા બરાબર છે: $૧૩=૨^૨+૩^૨$

વળી ૧૩નો વર્ગ (૧૩×૧૩=૧૬૯) એ બીજી બે પાસેપાસેની સંખ્યા '૮' અને '૭'ના ઘનના તફાવત બરાબર છે. $૧૩^૨=૧૬૯=(૮^૩-૭^૩)$.

જુઓ: $૮^૩=૮×૮×૮=૫૧૨$ અને $૭^૩=૭×૭×૭=૩૪૩$ અને $૫૧૨-૩૪૩=૧૬૯=૧૩^૨$

તેમજ $(૮^૩-૭^૩)=(૮^૨+૮×૭+૭^૨)=૧૩^૨$

વળી $૧૩=૨^૨+૩^૨$ થયું, તો ૧૩+૨=૧૫=(૧+૨+૩+૪+૫) એમ ક્રમિક સંખ્યાનો સરવાળો છે. તો ૧૩+૩=૧૬ વર્ગસંખ્યા છે. $૧૬=૪×૪=૪^૨$

—એમ. એન. ખત્રી

## વિનાશક હિમપ્રપાત

થોડા દિવસ પહેલાં ઈરાનમાં હિમપ્રપાતથી બે હજાર માણસોની ખુવારી થઈ. આવી હોનારત યુરોપમાં આલ્પ્સ પર્વતમાળામાં અને દક્ષિણ અમેરિકામાં ઍન્ડીઝ પર્વતમાળામાં દર વર્ષે થાય છે અને વધુ-ઓછાં માણસોની ખુવારી થાય છે. આપણા હિમાલયમાં ઘણા હિમપ્રપાત થાય છે, પરંતુ શિયાળામાં ત્યાં વસતિ નથી હોતી તેથી ખુવારી નથી થતી. ઘણા પર્વતારોહકો હિમપ્રપાતમાં માર્યા ગયા છે.

શિખર કે કરાડ પર હિમવર્ષાથી બરફની જમાવટ થાય છે. હિમકણીઓ એકબીજીને ચોંટી રહેવાની પ્રકૃતિ ધરાવે છે તેથી હિમરાશિ એકઠો થાય છે. પરંતુ જ્યારે તે સમતુલા ગુમાવે ત્યારે મોટા કડાકા અને ગડગડાટી કરતો તૂટી પડે છે. સાથે શિલાઓ, માટી અને કાંકરા પણ લઈ જાય છે. તેની હડફેટમાં જે આવે તેનું આવી બને. કોઈ વાર તો પવનની લહેર કે અવાજનું મોજું પણ હિમપ્રપાત માટે બસ થઈ પડે છે.

(પ્રબુદ્ધ જીવન) —વિજયગુપ્ત મૌર્ય

## મગ

એક સિંધી ડૉક્ટર ગુજરાતીઓની તુવેરની દાળ ખાવાની ટેવની ટીકા કરતા. કહેતા કે ગુજરાતીઓ તુવેરદાળનું સેવન ઓછું કરે તો તેઓ ગૅસથી પીડાતા બચે. તેને બદલે મગની, મસૂરની કે અડદની દાળ ખાવાની ટેવ પાડવી જોઈએ. વળી મગ, મગની દાળ, મસૂરની દાળ વગેરે કઠોળ ઝટ બફાઈ જાય છે અને બળતણનો બચાવ થાય છે.

આયુર્વેદની દૃષ્ટિએ મગ મધુર છે, ઠંડા છે, પચવામાં હલકા છે, કફ તથા પિત્ત હણે છે. લવિંગથી વધારેલા મગના ઓસામણથી ભૂખ લાગે છે, દસ્ત સાફ આવે છે. જર્મન વૈજ્ઞાનિકોએ કરેલા પ્રયોગમાં માલૂમ પડયું છે કે મગને જ્યારે પાણીમાં ઉકાળવામાં આવે ત્યારે તેના ઉકાળેલા પાણીમાં મગમાં રહેલું બધું જ પ્રોટીન ચાલ્યું જાય છે. બીજાં કઠોળ એટલા વધુ પ્રમાણમાં પ્રોટીન છોડતાં નથી.

ફોતરાંવાળી મગની દાળ જ હિત-કારક છે. મોગર દાળમાંથી પિત્ત શામક દ્રવ્ય ફોતરાં સાથે ચાલ્યા જાય છે તેથી મોગર દાળ કબજિયાત અને વાયુ કરે છે. મહેમાનોને ફણગાવેલા મગ બાફી વઘારીને આપી શકાય. મગની વાટી દાળનાં વડાં, વડીઓ વગેરે વાનગીઓ પણ બનાવી શકાય. મગને શેકીને તેનો લોટ કરી લાડુ પણ થાય. મગના લાડુ શીતળ, શક્તિપ્રદ તથા વાતપિત્તનાશક છે.

(નિકેતન) —ર. ગુ.

## યુનેસ્કો કુરીઅર

'યુનેસ્કો કુરીઅર' માસિક વિષે હજી પણ કોઇ કૉલેજિયનને કે પ્રાધ્યાપકને ખબર ન હોય તો વહેલી તકે તે એ સામયિકને કોઈ શિષ્ટ ગ્રંથાલયમાં જુએ અને જરા ધ્યાનથી એના પર નજર નાખે એવી ભલામણ છે. એક વાર એવો દૃષ્ટિપાત થયો કે ભવિષ્યમાં કોઈ નવા અંક પર નજર નાખવાનું ચૂકશે નહિ. પારી(સ)માં 'યુનેસ્કો'ની મધ્યસ્થ કચેરી છે. ત્યાંથી બાર ભાષાઓ (અંગ્રેજી, ફ્રેન્ચ, સ્પૅનિશ, રશિયન, જર્મન, અરેબિક, જાપાનિઝ, ઈટાલિયન, હિંદી, તમિલ્લ, હિબ્રુ, ફારસી)માં આ માસિક પ્રગટ થાય છે. 'યુનેસ્કો' (એટલે કે United Nations Educational Scientific and Cultural Organization)નું કામ જ મુખ્યત્વે શિક્ષણનું, કલાનું, સંસ્કારનું છે. ગઈ તા. ૪ નવેમ્બર ૧૯૭૧ને રોજ 'યુનેસ્કો'નાં ૨૫ વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે 'યુનેસ્કો કુરીઅર'નો ઑગસ્ટ–સપ્ટેમ્બર, ૧૯૭૧નો જોડિયો અંક 'Seasons of the mind' શીર્ષક હેઠળ ઘણા વિવિધ પાસાં સુંદર રજૂ કરે છે.

(નિરીક્ષક) —પુ. ગ. માવળંકર

## પુસ્તકોનું પુનર્જીવન

ફ્લૉરેન્સમાં ઈ. ૧૯૬૬માં ફરી વળેલાં પૂરનાં પાણીથી પલળીને ખરાબ થઈ ગએલાં ત્યાંના અમૂલ્ય ગ્રંથસંગ્રહના એકેએક પુસ્તકને સૂકવી, તેનાં પાને પાનાં જતનથી ઉખેડી, ફરી કામમાં લઈ શકાય એ સ્વરૂપે એ પુસ્તકોને તૈયાર કરવાનું એક મહાકાર્ય છેલ્લાં પાંચ વર્ષથી સતત ચાલે છે. ઇટાલીના સાંસ્કૃતિક ઇતિહાસના એ અતિમૂલ્યવાન ભાગને બચાવી લેવામાં 'યુનેસ્કો'ની વિનતિથી અન્ય દેશોએ પણ સહાય આપી છે. ખાસ આને માટે જ ત્યાં બે સંશોધનશાળા પણ સ્થપાઇ છે. અને છતાં આ મહાકાર્ય ઈ.સ. ૨૦૦૦ની સાલમાં લગભગ પૂરું થશે એમ લાગે છે! બીજા સંગ્રહો બાદ કરીએ તો યે માત્ર ત્યાંની નૅશનલ લાયબ્રેરીના જ પલળી ગએલા ગ્રંથો અને કિંમતી હસ્તાવેજોની સંખ્યા જ દસ લાખ જેટલી તો છે.

'યુનેસ્કો'ની ઈન્ટરનૅશનલ બિબ્લીઓગ્રાફી ઑવ ટ્રાન્સલેશનના અહેવાલ પ્રમાણે ઈ. ૧૯૬૯માં લેનિનની કૃતિઓના ૨૯૦, જ્યુલે વર્ન અને જ્યૉર્જ સાઇમેનૉન દરેકના ૧૨૬, તથા શેક્સપીઅરના ૧૦૨ અનુવાદો પ્રકટ થયા છે. (યુનેસ્કો કુરીઅર)


# ઠક્કુર આમલકી રસાયન (સ્પેશીઅલ)

તમારા આરોગ્યને જાળવી રાખે. તમને રોગમાંથી મુક્તિ મળ્યા બાદ જલદી આરોગ્ય અપાવે અથવા તમારા તન-બદનને અસલ ઠંડક આપી છતાં શક્તિ ને સ્વાસ્થ્યનો ઝરો ચેતનવંતો રાખે એવી અમારી ખાસ બનાવટ 'ઠકકુર આમલકી રસાયન' વિશે આપ પરિચિત તો છો પણ વધુ અને ખાસ પરિચય આપતાં આનંદ થાય છે.

### અમારી ખાસ શોધ

સૌ પ્રથમ તો 'આમલકી રસાયન' ચાટણ એ સિન્ધ આયુર્વેદિક ફાર્મસીની પોતાની સ્વતંત્ર શોધ છે. તાજાં લીલાં આંબળાં બનારસી રસદાર લાવી તથા તાજા સ્વચ્છ માવામાં એલચી, કેશર, બંગભસ્મ, પ્રવાલપિષ્ટ અને મોતીપિષ્ટ તથા રૌપ્ય નાખી બનાવીએ છીએ. આમળાંના ચાટણની એવી શીતળ શામક પૌષ્ટિક કોઈ પણ બનાવટ નથી આવતી કે જેમાં અસલી સ્પેનનું કેશર તથા મોતીપિષ્ટ આવતાં હોય. અમારા આ ચાટણની નકલ અમુક સંસ્થાઓએ કરી છે. પણ નકલ તે નકલ, અસલ તે અસલ છે. તેઓ અમારી બરોબરીમાં નથી આવી શકયા; આપ જાતે તે બનાવટો લઇને ખાત્રી કરી શકો છો. માત્ર રૂપ, રંગ, સ્વાદમાં નહિ પણ ગુણમાં પણ 'ઠકકુર' આમલકી રસાયન (એક જ) અને અજોડ છે.

### એના અમૂલ્ય ગુણો

એમાં આવતી મોતીપિષ્ટ દિલ-દિમાગને ઠંડક શક્તિ આપે છે. કેસર સૌમ્ય, ઉત્તેજક છે. બંગભસ્મ ધાતુપૌષ્ટિક, વીર્યવર્ધક છે. રૌપ્ય (ચાંદી) નસોને બળ આપે છે. પ્રવાલ પિત્તશામક ને રક્ત માંસવર્ધકછે. એલચી ખૂબ જ ઊંચી વપરાય છે. તે શીતલ છે. સાકરની ઉત્તમ ચાસણીમાં તાજો માવો નાખી બનાવાયછે. ખાસ પસંદ કરેલાં મુલકી સીઝનનાં આંબળાં વપરાય છે.

### સેવનથી થતા લાભો

(૧) શાંત નિદ્રા આવે છે. (૨) મન પણ સ્વસ્થ બને છે. (૩) અનિદ્રા, ભ્રમ, ચક્કર, તજાગરમી, લોહીવિકાર મટે છે. (૪) હોજરીની ખટાશ, ઊલટી, ઊબકા, મોળ, અમ્લપિત્ત મટે છે. (૫) સગર્ભા સ્ત્રી માટે આના જેવી ઉત્તમ દવા નથી. બીજે મહિનેથી છેવટ સુધી આપી શકાય છે. કુદરતી વિટામિન સી મળી રહે છે. (૬) કોઈ પણ ભસ્મ, રસ કે શક્તિવર્ધક દવાના અનુપાનમાં લઈ શકાય. (૭) કોઠામાં શાંતિ કરે છે. વારંવાર કસુવાવડ કે બચ્ચાં મરી જતાં હોય તો સ્ત્રી પુરુષ બન્નેને ઉપયોગી છે. (૮) બારે માસ કોઈ પણ વખતે વ્યક્તિ લઈ શકે છે. (૯) ચહેરા પર કાંતિ લાવે, ખીલ મટાડે, ત્રણેય દોષોને સ્વસ્થ રાખે, રક્તસ્રાવ બંધ કરે.

**માત્રા :** ૧થી૨ ટીસ્પુન સવારે રાત્રે કે જ્યારે જરૂર પડે ત્યારે લઈ શકો છો.

**કિંમત:** ૨૦૦ ગ્રામના રૂ. ૪–૫૦, ૪૦૦ ગ્રામ રૂ. ૮, કીલો રૂ. ૧૮ (બહારગામ માટે રૂ. ૫નો મનીઑર્ડર કરશો તો જ બાકીનું વી. પી. થશે.)

## સિન્ધ આયુર્વેદિક ફાર્મસી

(સ્થાપક : શ્રી ગોપાલજી કુવરજી ઠક્કુર)

| ૩૭૫ કાલબાદેવી | ચૌટાપુલ | ૧૭૭૮ ગાંધીરોડ |
|---|---|---|
| મુંબઈ | સુરત | અમદાવાદ |

# આ માસ (મે) ઇતિહાસમાં

**૧** ઈ. ૧૮૫૧માં આ દિવસે ઇંગ્લૅંડમાં ખુલ્લું મુકાએલું 'ધ ગ્રેઈટ એક્ઝિબિશન' (મહા પ્રદર્શન) વિક્ટોરિયન રાજ્યકાળનો એક નોંધનીય બનાવ છે. ખાસ તો જે વિશાળ કાચ મહેલ—'ક્રિસ્ટલ પૅલેસ'માં એ યોજાયું હતું તેના થકી પણ એની ખ્યાતિ છે. હાઈડ પાર્કમાં હજારો લોકો એ જોવા એકઠા થતા. પ્રદર્શન પૂરતું ઊભું કરાએલું એ કાચનું મકાન પાછળથી સિડનહામ મુકામે ખસેડાયું હતું. ઈ. ૧૯૩૬માં આગથી એનો કેટલોક મુખ્ય ભાગ બળી ગએલો. ઈ. ૧૯૪૧માં એનો બાકીનો મિનાર પણ જર્મન હવાઈ હુમલામાં લંડનના એક ઓળખ-નિશાન તરીકે ચાડી ન ખાય એટલા સારુ ઉતારી લેવામાં આવેલો.


'ક્રિસ્ટલ પૅલેસ'

**૨** (૧૫૧૯) 'મોના લિસા'ના જગવિખ્યાત ચિત્રકાર લીઓનાર્દો દ વિન્ચીનું અવસાન. માનવ ઇતિહાસમાં એ એક અતિપ્રભાવક પ્રતિભા હતી. ચિત્રકાર ને શિલ્પી તરીકે ખ્યાત હોવા ઉપરાંત એ કવિ, સંગીતસર્જક, તત્ત્વજ્ઞ, વિજ્ઞાની, ઈજનેર, સ્થપતિ અને શોધક પણ હતો. યુવાનીમાં એ સુદૃઢ સશક્ત બાંધાનો ને સુંદર હોવા સાથે શક્ય એટલી બધી જ પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતો. અવસાન પૂર્વે ત્રણેક વર્ષ અગાઉ ફ્રાંસમાં રાજા ફ્રાંસિસ પહેલાએ એને પોતાના રાજમાં રહેવા આગ્રહ કરેલો, જ્યાં એને એક રાજકુંવર સમું સમ્માન મળતું.



**૪** ડર્બીની ઘોડદોડ તો વિખ્યાત છે. ઈ. ૧૭૮૦માં આ તારીખે ૧૨મા અર્લ ઑવ ડર્બીએ આ રોમાંચકરમતનું ઉદ્‌ઘાટન કરી એનો આરંભ કરેલો.

**૫** ઇટાલી અને ઇથિયોપીઆની લડાઈના અંતે ઈ. ૧૯૩૬માં ઇટાલીએ એડિસ અબાબા શહેર કબ્જે કર્યું. પાંચ વર્ષ સુધી એણે તેનો કબજો રાખ્યો, જે દરમિયાન ઇથિયોપીઆના રાજા હેલ સેલાસી દેશવટે નાસી ગયા; પણ ઈ. ૧૯૪૧માં બ્રિટિશોએ એ શહેર હાથ કરતાં આ જ તારીખે તે રાજા તરીકે પાછા ફર્યા. આમ આ તારીખ એના કષ્ટમય કાળના આરંભ અને અંતની નિમિત્ત બની.

**૬** (૧૬૨૬) ગોરાઓએ રેડ ઇંડિયનો પાસેથી એમનો પ્રદેશ પચાવ્યાની એક વધુ તારીખ. આમ, પ્રદેશ પડાવી લેવામાં દર વખતે એમને લડાઈ નહોતી કરવી પડી. ખાસ કરીને અમેરિકા વસાવવાના આરંભના દિવસોમાં એ સરળ હતું. આ દિવસે રેડ ઇંડિયનોએ પોતાનો મૅનહટ્ટન ટાપુ (જેના પર આજે ન્યૂ યૉર્ક શહેર વસ્યું છે) કુટકળ એમને ઊજળા કાપડ, રંગબેરંગી મોતી અને એવી અન્ય ચીજોના બદલામાં આપી દીધેલો, જે ચીજોની કિંમત માત્ર ચોવીસ ડૉલર જેટલી હતી!



**૨૩** 'ઊંડા શ્વાસ લો...શરીરને તદ્દન આરામથી રાખો...રીલૅક્સ! તમે ગાઢ નિદ્રા અનુભવી રહ્યા છો...ઊંડી નિદ્રામાં તમે સરી રહ્યા છો...


ડૉ. મેસ્મર


હિપ્નૉસ

નિદ્રાનો ગ્રીક દેવતા, જેના નામ પરથી 'હિપ્નૉટિઝમ' શબ્દ આવ્યો.

હજી તમે ઊંડે જઈ રહ્યા છો...હજી વધુ ઊંડે...વધુ ઊંડે...' ને હિપ્નૉટિસ્ટનો અવાજ દૂર ને દૂર ઊંડો થતો જાય છે. દર્દી ધીરે ધીરે સમાધિ જેવી ગાઢ દશામાં ઊતરતો જાય છે. હિપ્નૉટિઝમ દ્વારા અમુક રોગ મટાડવાના અને માણસના મનના વધુ અભ્યાસ માટેના આવા પ્રયોગોથી તમે જ્ઞાત હશો. અગાઉ એ 'મેસ્મેરીઝમ' તરીકે ઓળખાતું. ઈ. ૧૭૩૩ની આ તારીખે જન્મેલા એક જર્મન ડૉક્ટર ફ્રેડરિક ઍન્ટન મેસ્મરે આ હિપ્નૉટિઝમને બહુ જાણીતું કર્યાથી તે એના નામે ઓળખાતું. મૅસ્મર એને 'પ્રાણીઓનું ચુંબકત્વ' કહેતો.



**૨૯** (૧૯૫૩) ન્યૂઝીલૅન્ડના પહાડખેડૂ એડમંડ હિલારી ને ભારતના હિમાલય-નિષ્ણાત આરોહક શેરપા તેનસિંગ નૉર્કેએ વર્ષોથી અણનમ, દુનિયાનું સર્વોચ્ચ શિખર એવરેસ્ટ સર કર્યું. અને ત્યાં બ્રિટિશ 'યૂનિયન જૅક'ની સાથે ભારતનો 'ત્રિરંગી' ધ્વજ પણ રોપાયો. આ બ્રિટિશ આરોહકદળના નાયક કર્નલ હન્ટે આ સમાચાર રાણી ઇલિઝાબેથ બીજાના રાજ્યારોહણના દિવસ સુધી ગુપ્ત રાખી એ સુયોગ્ય પ્રસંગે જાહેર કર્યા. હિલારી ને હન્ટને નાઈટહૂડનું બહુમાન અપાયું ને બ્રિટિશ નાગરિક ન હોવા છતાં તેનસિંગને પણ એવા માનથી નવાજવામાં આવ્યા.

---

## મહારાજા સયાજીરાવ (ત્રીજા) સ્મારક સંશોધન ઇનામી નિબંધ ૧૯૭૧–'૭૨

**ભારતીય રાજકારણમાં વિરોધ પક્ષ : 'સમસ્યાઓ અને ભાવિ'** એ વિષય ઉપર મહારાજા સયાજીરાવ સ્મારક સંશોધન સમિતિ તરફથી ઈનામી નિબંધ માટેની આ હરીફાઈમાં, ગુજરાત રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અંમરેલી, વડોદરા, અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ, સૂરત ને વલસાડ જિલ્લાનો કોઈ પણ વતની ભાગ લઈ શકશે. શ્રેષ્ઠ નીવડનાર નિબંધને રૂ. ૫૦૦ ઈનામ આપવામાં આવશે. હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છનારે પોતાનો નિબંધ તા. ૩૧–૭–'૭૨ સુધીમાં નીચેના સરનામે મોકલવો: ભોગીલાલ જ. સાંડેસરા, મંત્રી. મહારાજા સયાજીરાવ સ્મારક સંશોધન સમિતિ, પ્રાચ્ય વિદ્યામંદિર, શ્રીમતી હંસા મહેતા, લાયબ્રેરી બિલ્ડિંગ, પો. બૉ. નં. ૭૫, વડોદરા.

# ટિકિટ-સંગ્રહ



ઈઝરાયેલની નવા વર્ષ નિમિત્તની ખાસ આઠ ટિકિટોમાંની સાત, જેમાં વર્ષના કેટલાક પવિત્ર દિવસો અંગેનાં બાઈબલમાંનાં લખાણોનાં અવતરણો કરાયાં છે.

સોનેરી રંગ સાથેની એની બહુરંગી છપાઈમાં આ બધી ટિકિટો સુલેખન કળાના ઘણા સુંદર નમૂના રૂપ છે.

(પ્રેષક: કિરણચંદ્ર જોષી · અમદાવાદ)

**હથેળીમાં વાળ નહિ, ને ગધેડાને ગાળ નહિ;**
**ચાડિયાને શરમ નહિ, ને અઘોરીને ધરમ નહિ.**

વાઈસરૉય લૉર્ડ માઉન્ટબૅટનના ભત્રીજા પ્રિન્સ ફિલિપનું લગ્ન ઇંગ્લૅંડની ગાદીવારસ રાજકુમારી ઇલિઝાબેથ સાથે થયાનો હર્ષ વ્યક્ત કરી ગાંધીજીએ માઉન્ટબૅટનને કહ્યું: 'લગ્નભેટ આપવા મારી પાસે તો કશું નથી.' માઉન્ટબૅટને કહ્યું: 'કેમ? રેંટિયો છે ને?' એ સૂચન પકડી લઈ ગાંધીજીએ જાતે સૂતર કાંતીને તેમાંથી ટેબલ કલૉથ તૈયાર કરાવી ભેટ આપ્યું. એ ભેટ ઈંગ્લૅંડ મોકલીને સાથે માઉન્ટબૅટનને લખ્યું: 'આને તમારા શાહીખજાનાનાં રત્નોસાથે જ સાચવજો.'

કહેવતોના અર્થ: 'ધગધગતા કોયલા હાથ બાળે, ને ઠારેલા હોય તો કાળા કરે.'–બધી જ રીતે જેનો સંગ કે પનારો બૂરો અને ત્યાજ્ય હોય એવી નિકૃષ્ટ વ્યક્તિ કે સ્થિતિનું નિરૂપણ કરતી સચોટ દૃષ્ટાંતવાળી કહેવત.


અનેકાર્થી શબ્દ: **પહેલ** = મંડાણ, શરૂઆત, પ્રથમ બહાર પડવું તે; ઘન પદાર્થની સપાટ બાજુ, પાસો, હાંસ; દૂધ કે દવામાં ઝબોળેલી રૂની પોચી ગાદી.

ગણિત-ગમ્મત: ૭૪૯ એ એક એવી રકમ છે કે તેને તેના પહેલા અંક વડે ભાગી, બીજો અંક બાદ કરી, ત્રીજા અંક વડે ગુણી અને મૂળ રકમના અંકોનો સરવાળો ઉમેરવાથી રકમ ઊલટાઈ જશે. જુઓ: ૭૪૯÷૭=૧૦૭-૪=૧૦૩×૯=૯૨૭+(૭+૪+૯)=૯૪૭.



નિષ્ણાતો માને છે કે દ. ધ્રુવ પ્રદેશમાં સોનું, તાંબુ, સીસું, ક્રૉમિયમ, મૉલીબ્ડેનમ, ઍન્ટિમની, જસત અને કલાઈ જેવી ખનિજ ધાતુઓ પણ છે જ, પણ એને ઉપયોગમાં લઈ શકાય તેટલા પ્રમાણમાં અને તેવી જાતની એ નથી.


છીપની ચીજોને રખે ગરમ પાણી કે સાબુથી ધોતા! એથી એની ચમક ચાલી જશે. સાચો ઉપાય ચાકની ભૂકી અને ઠંડા પાણીના મિશ્રણથી તેને સાફ કરવાનો છે.




શહેરમાં પાણીની યોગ્ય વહેંચણી અંગેની આજની સભામાં સભ્યોની ગેરહાજરીનું કારણ એ છે કે તેઓ સૌ અત્યારે પાણી માટેની લાઈનમાં ઊભા રહેવા ગયા છે. (કાર્ટૂન: આચાર્ય)




ભારતમાં બોલાતી સંખ્યાબંધ ભાષાઓમાંથી માત્ર આઠ ભાષામાં આવકાર માટેના શબ્દો: ઉપર આ ચિત્રમાં.



આ ચિત્રમાં તમને ઘડીમાં કાળી ભોંયપર સફેદ ફૂલ પાડેલું જણાશે, ને ઘડીમાં સફેદ ભોંય ઉપર કાળુ. એ દૃષ્ટિભ્રમ છે.